અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'જોહર વિવાદ રાજકીય આઈટી સેલનો એજન્ડા છે' : સ્વરા ભાસ્કરે કહ્યું- 'મારા....





પેજ-09

ગૌહાટી મેચ પહેલા રોહિત શર્મા વિવાદ, વિરાટ કોહલીની આશ્ચર્યજનક પ્રતિક્રિયા....


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 25.00 |
| વડોદરા | 35.00 | 25 .00 |
| સુરત | 34.00 | 25.00 |


પેજ 5

કેનેરા બેંકમાં એપ્રેન્ટિસની 3500 પોસ્ટ માટે વેકેન્સી, ગ્રેજ્યુએટ્સ....



30 SEPTEMBER-2026 WEDNESDAY





ટ્રમ્પ ચીનની આગળ ઝૂક્યા ટેરિફ પરત ખેંચાયા.....

પેજ 10


.....સુવિચાર.....

"જીવનમાં આનંદ મેળવવા માટે, તમારે નાની-નાની વાતોમાં ખુશી શોધવી પડશે.


વર્ષ-15 | અંક-316 | વિક્રમ સંવત-2082 | ભાદરવા વદ-04 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# જમ્મુ-કાશ્મીરમાં સેનાનું મોટું સર્ચ ઓપરેશન

## સુરક્ષા દળો દ્વારા પૂંછ અને રાજૌરી જિલ્લામાં એક વિશાળકાય અને સઘન શોધખોળ અભિયાન શરૂ



(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા. 29

સુરક્ષા દળોએ ૨૯ સપ્ટેમ્બરે જમ્મુ-કાશ્મીરના પૂંછ અને રાજૌરી જિલ્લામાં આતંકવાદ વિરોધી મોટું અભિયાન શરૂ કર્યું. બંને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં એકસાથે એક ડઝનથી વધુ સ્થળોએ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરક્ષા એજન્સીઓને આતંકવાદીઓ અને તેમના સાથીદારો અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ઓપરેશન દરમિયાન, સુરક્ષા દળો શંકાસ્પદ ઘરો, છુપાયેલા સ્થળો (હાઈડઆઉટ્સ) અને જંગલોને અડીને આવેલા વિસ્તારોની તપાસ કરી રહ્યા છે. દરેક શંકાસ્પદ પ્રવૃત્તિ અને સંભવિત છુપાયેલા સ્થળની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

### અરુણાચલ પ્રદેશમાં ભારત-મ્યાનમાર સરહદ પર ઉગ્રવાદી હુમલો

અરુણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં મંગળવારે ઉગ્રવાદી હુમલામાં આસામ રાઈફલ્સનો એક જવાન શહીદ થયો. અન્ય 4 જવાન ઘાયલ થયા. હુમલો ભારત-મ્યાનમાર સરહદ નજીક નામપોંગ સર્કલમાં સવારે લગભગ 6:30 વાગ્યે થયો. પ્રારંભિક અહેવાલ મુજબ આ હુમલો નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઑફ નાગાલેન્ડના (યુંગ આંગ જૂથ) ઉગ્રવાદીઓએ કર્યો છે. પેટ્રોલિંગ દરમિયાન થયેલા ગોળીબારમાં હવલદાર જાનખોકાઈ કુકી (42) શહીદ થયા. હુમલો નામપોંગ નાળા પાસે થયો. આ વિસ્તારમાં સરહદ પર વાડ લગાવવાનું કામ ચાલી રહ્યું છે.



### ૨૫ આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન

ગયા અઠવાડિયે, સુરક્ષા દળોએ જમ્મુ-કાશ્મીરમાં લગભગ ૨૫ આતંકવાદીઓને શોધવા માટે એક મોટું સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું હતું. તેમાં ચાર સ્થાનિક આતંકવાદીઓ અને ૨૧ પાકિસ્તાની આતંકવાદીઓનો સમાવેશ થાય છે. તેઓ જમ્મુ ક્ષેત્રના વિવિધ ભાગોમાં સક્રિય છે. સુરક્ષા દળો રાજૌરી અને પૂંછથી લઈને કઠુઆ સુધી ફેલાયેલા જંગલોમાં તેમની શોધ કરી રહ્યા છે. અહેવાલો અનુસાર, ચાર સ્થાનિક આતંકવાદીઓમાંથી ત્રણ હિઝબુલ મુજાહિદ્દીન સાથે જોડાયેલા લાંબા સમયથી સક્રિય સભ્યો છે. આ જૂથમાં જહાંગીર સરોરી અને તેના સાથીદારોનો સમાવેશ થાય છે, જેઓ કિશ્તવાડ વિસ્તારમાં સક્રિય છે. અન્ય એક સ્થાનિક આતંકવાદી, જેની ઓળખ નિક્કુ તરીકે થઈ છે, તે કઠુઆ અને ઉધમપુર વચ્ચેના વિસ્તારમાં સક્રિય છે.

### ઓપરેશન વધુ તીવ્ર

અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના બાદ સુરક્ષા દળોએ વિસ્તારમાં ઓપરેશન વધુ તીવ્ર બનાવ્યું છે. પ્રારંભિક અહેવાલો NSCN (K-YA) સાથે જોડાયેલા આતંકવાદીઓની સંડોવણી સૂચવે છે. જોકે, હુમલાખોરોની ઓળખ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આસામ રાઈફલ્સ તરફથી સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી છે.

### ઘટના વિશે માહિતી

ચાંગલાંગ પોલીસ અધિક્ષક કિર્લી પાડુએ જણાવ્યું હતું કે તેમને ઘટના વિશે માહિતી મળી છે અને તેમણે ચાંગલાંગ પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારીને વિગતો એકત્રિત કરવા નિર્દેશ આપ્યો છે. SPએ કહ્યું, 'અમને ભારત-મ્યાનમાર સરહદ પર ઘટના વિશે માહિતી મળી છે અને ચાંગલાંગ પોલીસ સ્ટેશનના OC ને તેની સંબંધિત માહિતી એકત્રિત કરવા કહ્યું છે. ચાંગલાંગ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ આ વિસ્તારમાં અને આંતરરાષ્ટ્રીય સરહદની પેલે પાર બળવાખોર જૂથોની પ્રવૃત્તિઓને કારણે સંવેદનશીલ રહી છે.'

### આ વિસ્તારોમાં શોધખોળ ચાલુ

અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજૌરી જિલ્લાના કાલાકોટ વિસ્તારમાં પીર ખાના, પોથા નરોટા અને આંધ ગામો અને સુંદરબની વિસ્તારમાં થાંડા પાણી અને કંસારમાં શોધખોળ કામગીરી ચાલી રહી છે. સુરક્ષા દળો કઠુઆ જિલ્લામાં પંજવારી, કથેરા અને આસપાસના વિસ્તારોમાં પણ શોધખોળ કરી રહ્યા છે.સુરક્ષા દળોએ પૂંછના મેંઢર સેક્ટરમાં અપર કસ્બાલારી, થેરાટોપા, નાગલ ગલી, કલાબન અને પટંતિર વિસ્તારોમાં પણ શોધખોળ કામગીરી શરૂ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ વિસ્તારોમાં શંકાસ્પદ હિલચાલની માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને સુરક્ષા દળો સમગ્ર વિસ્તારમાં શોધખોળ કરી રહ્યા છે.

## ડેમોગ્રાફી કમિટીના ડેટા સામે ઓવૈસીનો વિરોધ



(એજન્સી) નવી દિલ્હી | તા.29

AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલી ડેમોગ્રાફિક ચેન્જીસ પર ઉચ્ચ સ્તરીય સમિતિ પર હુમલો કર્યો છે. ઓવૈસીએ આરોપ લગાવ્યો છે કે જ્યારે તેમની પાર્ટીએ સરકારને મુસ્લિમોની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક સ્થિતિ પર ડેટા એકત્રિત કરવાની માંગ કરી હતી, ત્યારે સરકારે આ માંગણી ટાળી દીધી હતી. હવે, તેમનો દાવો છે કે, કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલી ડેમોગ્રાફી કમિટી ધર્મના આધારે રાજ્યો પાસેથી વિવિધ પ્રકારની માહિતી માંગી રહી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રશ્નો ઉઠાવતા ઓવૈસીએ કહ્યું, 'ડેમોગ્રાફિક ચેન્જીસ પરની સમિતિ કયા ધર્મના લોકોએ કેટલા વાહનો ખરીદ્યા છે અને દરેક વ્યક્તિ પાસે કેટલી જમીન છે તે માહિતી માંગી રહી છે.'

# દિલ્હીમાં ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

## દિલ્હીમાં સંગઠનને મજબૂત કરવા માટે આયોજન, નવી ટીમને જવાબદારી સોંપાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.29

મંગળવારે નીતિન નબીનના અધ્યક્ષસ્થાને ભાજપના રાજ્ય પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની બેઠક યોજાઈ હતી, જેમાં તેમને પોતપોતાના ક્ષેત્રોમાં સાંસદો, ધારાસભ્યો અને પક્ષના કાર્યકરોની રજૂઆતો સાંભળવાની સૂચના આપવામાં આવી હતી. દિલ્હીમાં ભાજપના મુખ્યાલય ખાતે મંગળવારે પક્ષના રાજ્ય પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની બેઠક યોજાઈ હતી, જેની અધ્યક્ષતા ભાજપના નેતા નીતિન નબીને કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠક લગભગ ચાર કલાક સુધી ચાલી હતી, જેમાં પ્રભારીઓ અને સહ-પ્રભારીઓને તેમના ફાળવાયેલા ક્ષેત્રોની મુલાકાત લેવા અને સાંસદો, ધારાસભ્યો તથા પક્ષના કાર્યકરોની વાત સાંભળવા માટે નિર્દેશ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, તેમને સંગઠન અને સરકાર વચ્ચે કોઈપણ સ્તરે રહેલા મતભેદોને ઉકેલવા માટે પણ કહેવામાં આવ્યું હતું.





**કયા મુખ્ય નેતાઓને કયા ક્ષેત્રોની જવાબદારી સોંપવામાં આવી છે? :** ભાજપમાં તાજેતરમાં થયેલી સંગઠનાત્મક નિમણૂકો બાદ પક્ષના રાજ્ય પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની આ પ્રથમ બેઠક હતી. ઉલ્લેખનીય છે કે, ૨૪ સપ્ટેમ્બરના રોજ ભાજપે તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની જાહેરાત કરી હતી. મુખ્ય નિમણૂકોમાં, વિનોદ તાવડેને ઉત્તરપ્રદેશનો હવાલો સોંપવામાં આવ્યો છે અને તેમને સહાય કરવા માટે ચાર સહ-પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત, સતીશ પૂનિયાને પંજાબની જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે રામ માધવને ઉત્તરાખંડ અને તમિલનાડુની જવાબદારી આપવામાં આવી છે.

### પક્ષના હિતોને અનુરૂપ નીતિઓનું પાલન કરવા પદાધિકારીઓને સૂચના

નેતૃત્વ દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો હતો કે ચોક્કસ રાજ્યોની જવાબદારી સંભાળતા પદાધિકારીઓએ તે ક્ષેત્રોની મુલાકાત લેવી જોઈએ અને પક્ષના હિતોને સાધતી નીતિઓ અનુસાર કામ કરવું જોઈએ. તેમને 'વિકસિત ભારત સંકલ્પ' અભિયાન, મહિલા મોરચા અને સમાજના વિવિધ વર્ગો સાથે સતત સંપર્ક જાળવી રાખવા તેમજ ચૂંટણી યોજાનાર રાજ્યોની વારંવાર મુલાકાત લેવાની સૂચના પણ આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રભારીઓ અને સહ-પ્રભારીઓને બૂથ સ્તર સુધી નિયમિત બેઠકો યોજવા માટે પણ નિર્દેશ આપવામાં આવ્યા છે. વધુમાં, તેમને તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પક્ષના કાર્યક્રમો યોજવા માટે કહેવામાં આવ્યું હતું જેથી યુવાનો સાથે સંવાદ સાધી શકાય અને પક્ષના હાઈકમાન્ડને સતત પ્રતિસાદ (ફીડબેક) પૂરો પાડી શકાય.

## 'વડાપ્રધાન મોદી જ CEC જ્ઞાનેશ કુમારનું રાજીનામું લેશે'

# CWCની બેઠકમાં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીનો દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા.29

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ CWC બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન પોતે તેમનું રાજીનામું લેશે. રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિ સામે દેશવ્યાપી આંદોલનની જાહેરાત કરી. તેમણે દાવો કર્યો કે, PM મોદી અને અમિત શાહે પોતે ઈન્દિરા ગાંધીની જેમ કામ કરતા હોવાનું કહ્યું હતું. જ્યાં સુધી CEC રાજીનામું નહીં આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.





### મોદી-શાહ સાથે મુલાકાત કરી હોવાનો રાહુલ ગાંધીનો દાવો

CWCની બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'તમને લોકો (નેતાઓ)ને મારામાં વિશ્વાસ નથી. તમે વિશ્વાસ નથી કરતા પરંતુ હું તમને કહું છું, હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi) અને ગૃહમંત્રી અમિત શાહ પાસે બેઠક માટે ગયો ત્યારે તેમણે કહ્યું કે અમે પણ એ જ કરી રહ્યા છીએ, જે ઈન્દિરા ગાંધી કરતાં હતાં. બેઠકમાં તેમણે એમ પણ કહ્યું કે તેમને ખબર છે અને તેમણે પોતે મને કહ્યું કે, અમે જઈશું ત્યારે તમે આવશો. જો તેઓ એવો વિશ્વાસ રાખતા હોય કે અમે સત્તામાં આવીશું, તો તમે પણ મારા પર ભરોસો રાખો. ઈન્ડિયા ગઠબંધનની બેઠક બાદ અમે નક્કી કરીશું કે રામલીલા મેદાનમાં રેલી કરવી કે રાજ્યોમાં. રામલીલા મેદાનમાં મોટી રેલી યોજવાનો પ્રસ્તાવ અમે મૂકીશું.'

### જ્યાં સુધી CEC રાજીનામું નહીં આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે : રાહુલ ગાંધી

ચૂંટણી પંચ સામેના વિરોધ પ્રદર્શન અંગે રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે તો સારું અને ન આપે તો વધારે સારું કેમ કે અમારું આંદોલન સતત ચાલુ રહેશે. જ્યાં સુધી તેઓ પદ પરથી નહીં હટે ત્યાં સુધી અમે આ મુદ્દે અડગ રહીશું.' કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના અધ્યક્ષપદે યોજાયેલી આ બેઠકમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, કે.સી. વેણુગોપાલ અને જયરામ રમેશ સહિત પક્ષના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. CWCની બેઠકમાં 3 પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં જ્ઞાનેશ કુમારનું રાજીનામું લેવું, SIRની પ્રક્રિયા તાત્કાલિક રદ કરવી અને વડાપ્રધાન તેમજ ગૃહમંત્રી આ સમગ્ર વિવાદની સંપૂર્ણ જવાબદારી સ્વીકારે તેવી માંગ કરાઈ હતી. ચૂંટણી પ્રક્રિયા અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હરિયાણા, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં મેં કહ્યું હતું કે વોટની ચોરી થઈ રહી છે. તે સમયે લોકો મારી વાત ન સમજ્યા પરંતુ હવે 2 વર્ષમાં પરિસ્થિતિ બદલાઈ છે, કારણ કે મેં પુરાવાઓ સાથે રજૂઆત કરી છે.

### મહિલા 4x400 મીટર રિલેમાં ભારત વિજેતા | મહિલાઓની ચોકડીએ ઐતિહાસિક સફળતા હાંસલ કરી

# એથ્લેટિક્સમાં ભારતનો પ્રથમ ગોલ્ડ મેડલ

(એજન્સી) નવી દિલ્હી | તા. 29

એશિયન ગેમ્સના ૧૦મા દિવસે ભારતીય રમતગમત જગત માટે એક ગર્વ અને ઉત્સાહભરી ક્ષણ સામે આવી છે. એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલની લાંબા સમયથી રાહ જોઈ રહેલા ભારતે આખરે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી લીધી છે.

મહિલાઓની ૪x૪૦૦ મીટર રિલે દોડમાં ભારતીય મહિલા ખેલાડીઓની ચોકડીએ શાનદાર પ્રદર્શન કરીને દેશ માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીતી લીધો છે, જે વર્તમાન રમતોત્સવમાં ભારતનો કુલ છઠ્ઠો ગોલ્ડ મેડલ છે.





### વિથ્યા રામરાજનો બીજો મેડલ

ભારતે અગાઉ ક્રિકેટ, કબડ્ડી અને શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા; હવે એથ્લેટિક્સમાં પણ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આ સાથે, ભારતે કુલ મેડલની સંખ્યામાં ૫૦નો આંકડો પણ પાર કરી લીધો છે. વિથ્યા રામરાજ આ દોડવીર વિથ્યા રામરાજનો એશિયન ગેમ્સમાં બીજો મેડલ હતો. તેણે અગાઉ ૪૦૦ મીટર હર્ડલ્સ (અવરોધ દોડ)માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો અને હવે તેણે પોતાના ખાતામાં વધુ એક ગોલ્ડ મેડલ ઉમેર્યો છે. સ્પર્ધા દરમિયાન વરસાદ પડી રહ્યો હતો, તેમ છતાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું.

### સચિન વાઝેને એન્ટિલિયા વિસ્ફોટકો કેસમાં ચાર વર્ષ પછી જામીન મળ્યા

નવી દિલ્હી | બરતરફ પોલીસ અધિકારી સચિન વાઝેને એન્ટિલિયા વિસ્ફોટકો કેસમાં જામીન મળ્યા છે. તેમની 2021 માં ધરપકડ કરવામાં આવી હતી. જોકે, વાઝે જેલમાં રહેશે કારણ કે તે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી અનિલ દેશમુખ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં હજુ પણ કસ્ટડીમાં છે. આ કેસમાં, મુંબઈમાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘર પાસે વિસ્ફોટકોથી ભરેલી એક SUV મળી આવી હતી. થાણેના ઉદ્યોગપતિ મનસુખ હિરેનની હત્યા કેસમાં પણ વાઝેને જામીન મળ્યા છે.આરોપીઓમાં મુંબઈના ભૂતપૂર્વ પોલીસ અધિકારીઓ પ્રદીપ શર્મા, સુનીલ માને અને રિયાઝુદ્દીન કાઝીનો સમાવેશ થાય છે. ૧ ઓગસ્ટના રોજ એક ખાસ કોર્ટે તેમની સામે આરોપો ઘડ્યા. આ પછી, આરોપીઓ પર હત્યા, ખંડણી, પુરાવાનો નાશ અને ગુનાહિત કાવતરું ઘડવાના આરોપસર ભારતીય દંડ સંહિતા (IPC) હેઠળ કેસ ચલાવવામાં આવશે.

### AAP એ સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને પેટા ચૂંટણી માટે જાહેર કરી સ્ટાર પ્રચારકોની લિસ્ટ

# AAP ના યુવા નેતા પ્રવીણ રામ, બ્રિજરાજ સોલંકી, યુવરાજસિંહ જાડેજા અને ડૉ.કરણ બારોટ સ્ટાર પ્રચારકોની લિસ્ટમાં સામેલ


Aam Aadmi Party - Gujarat

અમદાવાદ | સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ ઓક્ટોબર મહિનામાં યોજાવા જઈ રહી છે અને આમ આદમી પાર્ટી પૂરી મજબૂતી સાથે પ્રજાના મુદ્દાઓને લઈને આ ચૂંટણીઓમાં ઉતરી છે. આમ આદમી પાર્ટીએ પોતાના તથા અભિયાનને વેગવંતુ બનાવવા માટે આજે સ્ટાર પ્રચારકોના નામની યાદી જાહેર કરી હતી. આ યાદીમાં આમ આદમી પાર્ટીએ કુલ 20 સ્ટાર પ્રચારકોના નામ જાહેર કર્યા છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ધારાસભ્ય ચૈતર વસાવા, ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ તથા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ બ્રિજરાજ સોલંકી, મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ પાયલ સાકરીયા, પ્રદેશ ઉપપ્રમુખ યુવરાજસિંહ જાડેજા, પ્રદેશ ઉપપ્રમુખ ડૉ.જવેલ વસરાનું નામ સ્ટાર પ્રચારક તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ, પ્રદેશ ઉપપ્રમુખ કૈલાશદાન ગઢવી, જયંતિ પરનામી, પ્રદેશ ઉપપ્રમુખ ડૉ. કાયનાત અન્સારી આથા, રાજકરણ ઠાકોર, પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવે, પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ, પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા, તેજસ ગાજીપરા અને પ્રદેશ સંગઠન મંત્રી જયદીપસિંહ ચૌહાણનું નામ સ્ટાર પ્રચારક તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

આ રીતે આમ આદમી પાર્ટીએ 20 સ્ટારપ્રચારકોના નામ જાહેર કર્યા છે અને આ તમામ સ્ટાર પ્રચારકો હવેથી ગુજરાતના અલગ અલગ વિસ્તારમાં જઈને સામાન્ય તથા પેટા ચૂંટણીમાં સભાઓ ગજવશે, લોકો માટે અવાજ ઉઠાવશે અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો માટે વોટ માંગશે. આમ આદમી પાર્ટી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ, મધ્યમવર્ગ, ગરીબ વર્ગ, વંચિત, શોષિત વર્ગના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને મેદાનમાં ઉતરી છે અને આગામી સમયમાં વધુમાં વધુ સીટો પર વિજય મેળવીને પ્રજાલક્ષી કામ કરવા માટે કટિબદ્ધ છે.

# દુષ્કાળ જાહેર કરવાને બદલે ભાજપ સરકાર ખેડૂતો સાથે સંવાદના નાટકો કરી રહી છે: પ્રવીણ રામ

અમદાવાદ | આમ આદમી પાર્ટી, પ્રદેશ કિસાન મોરચા અધ્યક્ષ અને પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો ઘણા સમયથી રાજ્યને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ કરી રહ્યા છે, ત્યારે આ ભાજપની સરકાર લાજવાની જગ્યાએ ગાજી રહી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા આજે બોટાદના પ્રવાસે જવાના છે અને મહત્વની વાત એ છે કે તેઓ ત્યાં ખેડૂતો સાથે સંવાદ કરવાના છે. હવે ગુજરાતના ખેડૂતો સમાધાન અને દુષ્કાળ જાહેર કરવાની વાત કરી રહ્યા છે અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ ખેડૂતો સાથે સંવાદ કરશે? શું સંવાદ કરશો? એ સંવાદ કરશો કે બોટાદના હડદડ કાંડની અંદર તમારી સરકાર દ્વારા ઘણા બધા ખેડૂતોને ઢોર માર મારવામાં આવ્યો હતો? ૮૦થી વધારે જેટલા ખેડૂતો ઉપર ખોટી રીતે કલમ ૩૦૭ લગાવીને બધાને ૫૦ દિવસ અને કોઈકને ૧૦૦ દિવસ સુધી જેલમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. બોટાદના ખેડૂતોને પ્રતાડિત કરવામાં અને હેરાન કરવામાં તમે કંઈ બાકી નથી રાખ્યું, તો તમે કયા મોઢે બોટાદમાં વાત કરશો અને કયા મુદ્દે ખેડૂતો સાથે સંવાદ કરશો? આ ઉપરાંત એમનો પછીનો કાર્યક્રમ 'ચાય પે ચર્ચા'નો છે. ગુજરાતના ખેડૂતો અત્યારે પાણી ઉપર



ચર્ચા કરવા માંગે છે અને તમે 'ચાય પે ચર્ચા'માં લાગ્યા છો. આનો સીધો મતલબ એ થાય છે કે ભાજપ સરકારને દુષ્કાળ જાહેર કરવા મુદ્દે કે ખેડૂતોના પ્રશ્ને કોઈ પણ જાતની સંવેદના નથી. તેઓ માત્ર ને માત્ર ગાજવાનું કામ કરી રહ્યા છે અને સંવાદો કરીને ખેડૂતોને ભોળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ બોટાદના ખેડૂતોને જે રીતે જેલમાં ગોંધી રાખીને પરેશાન કરવાનો પ્રયત્ન આ ભાજપ સરકાર દ્વારા થયો હતો, તેનો જવાબ બોટાદના ખેડૂતો આવનારા દિવસોની અંદર ચોક્કસથી ભાજપ સરકારને આપશે. આજે તમે જે સંવાદના નાટકો કરી રહ્યા છો એ તમામ નાટકો નિષ્ફળ જશે એવો મને પૂરો વિશ્વાસ છે.

### વિદ્યાર્થીઓના આરોગ્ય અને ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવાશે નહીં

# 30 સપ્ટેમ્બર સુધીમાં વ્યવસ્થા નહીં સુધરે તો તંત્ર સામે ઉગ્ર આંદોલન કરાશે : રાહુલ પરમાર, AAP

અમદાવાદ | પાટણ જિલ્લાના સમી ખાતે આવેલી મોડર્ન હોસ્ટેલમાં છેલ્લા કેટલાક મહિનાઓથી વિદ્યાર્થીઓને ભોજન, રહેવાની વ્યવસ્થા તેમજ પીવાના પાણી સહિતની મૂળભૂત સુવિધાઓ મેળવવામાં ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદ મળતા વાલીઓ અને આમ આદમી પાર્ટીના આગેવાનો દ્વારા હોસ્ટેલ ખાતે હલ્લાબોલ કરવામાં આવ્યો હતો. હોસ્ટેલની મુલાકાત દરમિયાન તપાસ કરતા વિદ્યાર્થીઓના પીવાના પાણીમાંથી મૃત ગરોળી મળી આવતા મામલો અત્યંત ગંભીર બન્યો હતો અને આ જ પાણી વિદ્યાર્થીઓ પી રહ્યા હોવાથી વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. હોસ્ટેલમાં ૯૨થી વધુ વિદ્યાર્થીઓ રહેતા હોવા છતાં, સ્ટોર રૂમમાં અનાજનો ખૂબ જ ઓછો જથ્થો હતો અને ઉપલબ્ધ અનાજમાં પણ જીવાત પડેલી જોવા મળી હતી. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં છેલ્લા કેટલાય સમયથી હોસ્ટેલમાં કોઈ જવાબદાર વ્યક્તિ નિયમિત હાજર રહેતો નથી કે જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. બાળકો માટે સુરક્ષિત પાણી, ગુણવત્તાયુક્ત ભોજન અને યોગ્ય રહેઠાણની અપેક્ષા રાખતા વાલીઓની વેદના આ સ્થિતિ જોઈને સામે આવી હતી.

આ ગંભીર મામલે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ અને ચાણસ્મા વિધાનસભા સંગઠન મંત્રી રાહુલ પરમારે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના આગેવાનો દ્વારા તાત્કાલિક સમી મામલતદાર કચેરી ખાતે પહોંચીને મામલતદારને ધારદાર રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના આરોગ્ય



અને સુરક્ષા સાથે જોડાયેલા આ મુદ્દે તાત્કાલિક તપાસ કરી જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ હોસ્ટેલની તમામ વ્યવસ્થાઓમાં સુધારો કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

આમ આદમી પાર્ટી અને વાલીઓ દ્વારા તંત્રને ૩૦ સપ્ટેમ્બર સુધીનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે કે જો ત્યાં સુધીમાં પીવાનું પાણી, ભોજન, રહેઠાણ અને અન્ય સુવિધાઓ અંગે યોગ્ય કાર્યવાહી નહીં કરાય તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન અને રજૂઆત કરવામાં આવશે. વિદ્યાર્થીઓના આરોગ્ય અને ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં નહીં આવે અને વાલીઓને ન્યાય ન મળે ત્યાં સુધી આમ આદમી પાર્ટી સતત અવાજ ઉઠાવશે.

## ગાંધીનગરમાં ભાજપ અને કોંગ્રેસે સાથે મળીને AAP ના ૫ ઉમેદવારોને હાઈજેક કરી ફોર્મ પાછા ખેંચાવ્યા : પ્રવીણ રામ

ગાંધીનગર | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે મોટો ખુલાસો કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર ભાજપ અને કોંગ્રેસ બંનેએ સાથે મળીને આમ આદમી પાર્ટીના પાંચ સભ્યો (ઉમેદવારો) ઉપર દબાણ કર્યું, તેમને હાઈજેક કર્યા, તેમની ઉપર પ્રેશર બનાવ્યું અને તેમના ફોર્મ પરત ખેંચાવવાનું કાવતરું કર્યું છે. ભાજપ અને કોંગ્રેસે સાથે મળીને આ કાવતરું એટલા માટે કર્યું છે કારણ કે આમ આદમી પાર્ટી એક એવી પાર્ટી છે જે કોઈનાથી મેનેજ ન થાય અને કોઈનાથી ડરે નહીં. અગાઉ પણ જ્યારે ઉમેદવારોએ જીત મેળવી ત્યારે તેઓ સતત આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા રહ્યા હતા, જ્યારે કોંગ્રેસના બે ઉમેદવારો ભાજપમાં જતા રહ્યા હતા. પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતું કે, તેનો સીધો મતલબ એ છે કે કોંગ્રેસ અને ભાજપ સાથે મળીને આખું પ્લાનિંગ કરી રહ્યા છે. આજે એ વાત સાબિત થઈ ગઈ કે બંનેએ સાથે મળીને આમ આદમી પાર્ટીના પાંચ ઉમેદવારોને હાઈજેક કરી, દબાણ બનાવી અને તેમના ફોર્મ પરત ખેંચાવવાનું કાવતરું પાર પાડ્યું છે. ત્યારે ગાંધીનગરની જનતાને અપીલ છે કે લોકશાહીનું ગળું દબાવી દેવાનું કામ આ કોંગ્રેસ અને ભાજપે કર્યું છે, માટે આ ચૂંટણીની અંદર તેમને જડબાતોડ જવાબ આપજો. આમ આદમી પાર્ટીના જે ઉમેદવારો પૂરી તાકાતથી આ લડાઈની અંદર ઉતર્યા છે, તેમને ગાંધીનગરના તમામ લોકો આશીર્વાદ આપે અને પૂરી તાકાતથી જીતાડે. અમે આપને વિશ્વાસ આપીએ છીએ કે આમ આદમી પાર્ટીના જીતેલા ઉમેદવારો ચોક્કસથી તમારા માટે આવનારા દિવસોની અંદર કામ કરશે.

## કાલાવડના નિકાવા ગામનો ખારા ડેમ ખાલી, સૌની યોજનાનું પાણી છોડવા આમ આદમી પાર્ટીની માંગ : ડૉ.કલ્પેશ મકવાણા

જામનગર | આમ આદમી પાર્ટીના કાલાવડ વિધાનસભાના પ્રભારી ડૉ. કલ્પેશ મકવાણાએ નિકાવા ડેમ પાસે મુલાકાત લઈ જણાવ્યું હતું કે, આજે આપણે જે ડેમ પર ઊભા છીએ એ નિકાવા ગામનો ખારા ડેમ છે અને આખો ડેમ ખાલી છે. નિકાવા ગામ



એ કાલાવડ તાલુકાનું સૌથી મોટું ગામ છે, જેની અંદાજિત ૧૫ થી ૨૦ હજારની વસ્તી છે અને આજુબાજુના ૨૦ થી ૨૫ ગામોના લોકો ત્યાં ખરીદી કે વેપાર અર્થે આવે છે. એટલે કે નિકાવા ગામ નાનકડા તાલુકા જેવડી જ વસ્તી ધરાવે છે અને આ ખારા ડેમ એ નિકાવા ગામ માટે હાર્દ સમાન છે. આ આખા ગામની પાણીની જરૂરિયાત પૂરી કરી શકે તેટલી ક્ષમતા આ ડેમમાં છે. જો સરકાર ઈચ્છે તો 'સૌની યોજના' મારફતે આ ડેમમાં પાણી છોડી શકે છે, જેથી ગામમાં અત્યારે પીવાના પાણીની સમસ્યા છે તે અને સાથે સિંચાઈનો જે પ્રોબ્લેમ છે - ખાસ કરીને આ વર્ષ જે નબળું ગયું છે તેમાં સિંચાઈની સમસ્યા પણ ઉકેલાઈ જાય એમ છે. પરંતુ ચાર-ચાર વર્ષથી સૌની યોજનાની મંજૂરી આ ડેમને મળી ગઈ હોવા છતાં, હજુ સુધી સરકારી કાગળિયા પર જ કામગીરી ચાલતી હોય અને જમીન પર કોઈ કામગીરી ન દેખાતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# News Brief

## ગુનેગારોમાં ફફડાટ માટે નવી યુનિટ ઉભી કરાઈ :અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પૂર્વ અને પશ્ચિમના બે અલગ યુનિટ



અમદાવાદ | અમદાવાદ શહેરમાં ગુનાખોરીને અંકુશમાં લેવા અને અસામાજિક તત્વો, બુટલેગરો તથા ગેંગસ્ટરો પર સીધી બાજ નજર રાખવા માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોત દ્વારા એક મહત્વપૂર્ણ વહીવટી નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરની સતત વિસ્તરતી ભૌગોલિક સીમાઓ, નવી વસાહતો, ઔદ્યોગિક એકમો અને વધતી વસ્તીને ધ્યાને રાખી ક્રાઈમ બ્રાન્ચના કાર્યક્ષેત્રનું વિકેન્દ્રીકરણ કરીને પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં કુલ 4 નવા વિશેષ યુનિટ શરૂ કરવામાં આવ્યા છે. આ અંતર્ગત પૂર્વ વિસ્તારમાં વટવા ગામ અને ઓઢવ સિંગરવા ચોકી ખાતેના 2 યુનિટ તાત્કાલિક અસરથી કાર્યરત કરી દેવામાં આવ્યા છે, જ્યારે પશ્ચિમ વિસ્તારમાં ચાંદખેડા અને બોડકદેવ ખાતે ટૂંક સમયમાં અન્ય બે યુનિટ શરૂ કરવામાં આવશે.

દરેક યુનિટમાં ક્રાઈમ બ્રાન્ચના એક-એક પોલીસ ઈન્સ્પેક્ટરને સુકાન સોંપવામાં આવ્યું છે. પોલીસ કર્મચારીઓએ હવે સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ આવવાને બદલે જે-તે ફાળવાયેલા યુનિટમાં રહીને જ સતત ફિલ્ડ વર્ક કરવાનું રહેશે:

યુનિટ 1 (વટવા ગામ): PI જેબલિયા અને તેમની ટીમ વટવા, ઈસનપુર, નરોલ, GIDC વટવા, રામોલ અને ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારની કામગીરી સંભાળશે.

યુનિટ 2 (સિંગરવા ચોકી): PI ધાખડા અને તેમની ટીમ ઓઢવ, નિકોલ, નરોડા, કૃષ્ણનગર, સરદારનગર, બાપુનગર, રખિયાલ અને અમરાઈવાડી વિસ્તાર પર ચાંપતી નજર રાખશે.

યુનિટ 3 (ચાંદખેડા): આ યુનિટ હેઠળ ચાંદખેડા, મોટેરા, સાબરમતી, રાણીપ, નારણપુરા, વાડજ અને એરપોર્ટ જેવા સંવેદનશીલ વિસ્તારો આવરી લેવાશે.

યુનિટ 4 (બોડકદેવ): આ યુનિટ બોડકદેવ, વસ્ત્રાપુર, સોલા, ઘાટલોડિયા, ગુજરાત યુનિવર્સિટી, સરખેજ અને વેજલપુર વિસ્તારમાં ગુના નિયંત્રણની જવાબદારી નિભાવશે.

સ્થાનિક પોલીસ માટે 'બેકબોન' બનશે

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે સ્પષ્ટતા કરી છે કે આ નવી યુનિટો સ્થાનિક પોલીસ સ્ટેશનોનો વિકલ્પ નથી, પરંતુ સ્થાનિક પોલીસની કામગીરીને વધુ મજબૂત અને ધારદાર બનાવતી 'ક્રાઈમ-ફોકસ્ડ સપોર્ટ સિસ્ટમ' તરીકે કાર્ય કરશે. શહેરમાં કોઈપણ ગંભીર ગુનો બનતાં જ આ યુનિટ ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) તરીકે ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચશે. ત્યાંથી પુરાવા એકત્ર કરવા, સીસીટીવી તપાસવા, ટેકનિકલ સર્વેલન્સ અને ગુનેગારોની ઓળખ કરી સમગ્ર નેટવર્કને તોડી પાડવાનું કામ કરશે.

નવા યુનિટો કાર્યરત થવાથી જે-તે વિસ્તારોમાં રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલીંગ અને સ્થાનિક ઈન્ટેલિજન્સ નેટવર્ક વધુ મજબૂત બનશે. જેને પગલે બુટલેગરો, જુગારીઓ, માદક પદાર્થોના પેડલરો, વાહનચોરો, ચેઈન સ્નેચરો તેમજ લુખ્ખા તત્વો સામે કડક પ્રતિબંધાત્મક પગલાં ભરી શકાશે. આ ઉપરાંત સામાન્ય નાગરિકો દ્વારા કરવામાં આવતી ગંભીર ફરિયાદો અને રજૂઆતોનો પણ તાત્કાલિક નિકાલ લાવી શકાય તેવું મજબૂત સુરક્ષા માળખું શહેરમાં ઊભું કરવામાં આવ્યું છે.


# ગુજરાતમાંથી ચોમાસાની વિદાય શરૂ, 10% વરસાદની ઘટ : સૌરાષ્ટ્ર-દ. ગુજરાતમાં હળવા વરસાદની આગાહી, ભાવનગર 35.2°C સાથે ગરમ

અમદાવાદ | હાલમાં ગુજરાતમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ ગઈ છે. ડીસા અને નલિયામાંથી ચોમાસાની વાપસીની લાઈન પસાર પણ થઈ ચૂકી છે. જ્યારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાંથી પણ ટૂંક સમયમાં વાપસીની રેખા પસાર થશે. રાજ્યમાં આગામી 7 દિવસ દરમિયાન ભારે વરસાદની કોઈ શક્યતા નથી. જોકે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ટ્રફમાં ફેરવાવાને કારણે આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમરેલી, ભાવનગર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં હળવા વરસાદની સંભાવના સેવાઈ રહી છે. રાજ્યમાં ચોમાસાની વાપસી વચ્ચે વિવિધ શહેરોમાં તાપમાનમાં વધારો નોંધાયો છે,

જેના કારણે અમદાવાદ સહિતના શહેરોમાં લોકો ગરમીનો અનુભવ કરી રહ્યા છે.

તાજેતરના આંકડા મુજબ 35.2C સાથે ભાવનગર રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે, જ્યારે અમરેલી અને સુરેન્દ્રનગરમાં 34.3C, રાજકોટમાં 34.2C અને અમદાવાદ-વડોદરામાં 33.6C મહત્તમ તાપમાન નોંધાયું છે.




## શહેરના નવા બનેલા પોલીસ સ્ટેશનમાં PI-PSIની નિમણૂક

અમદાવાદ | શહેરમાં વધતી જતી વસ્તી અને વિસ્તારને ધ્યાનમાં રાખીને કાયદો- વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે નવા પોલીસ સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે જે અંતર્ગત વસ્ત્રાલ, હંસપુરા અને મોટેરા એમ ત્રણ નવા પોલીસ સ્ટેશન ચાલુ કરવામાં આવનાર છે.

પોલીસ કમિશનર દ્વારા વસ્ત્રાલ અને હંસપુરા પોલીસ સ્ટેશનના પીઆઈની નિમણૂક કરવામાં આવી છે. વસ્ત્રાલમાં ચાર અને હંસપુરામાં બે પીએસઆઈની પણ નિમણૂક કરવામાં આવી છે. જોકે હંસપુરા પોલીસ સ્ટેશન હજી સુધી બનીને તૈયાર થયું નથી પરંતુ પીઆઈ અને પીએસઆઈ ફાળવી દેવામાં આવ્યા છે જ્યારે મોટેરા પોલીસ સ્ટેશન તૈયાર થઈ ગયું છે પરંતુ ત્યાં હજી સુધી પીઆઈ કે પીએસઆઈ સહિતના સ્ટાફને હજી સુધી મૂકવામાં આવ્યા નથી.

વધતા ગુનાઓ અટકાવવા અને ગુનેગારો પર નજર રાખવા માટે નવા પોલીસ સ્ટેશન ખોલવામાં આવી રહ્યા છે. શહેરના રીંગરોડના વિસ્તારમાં વધારો થયો છે રીંગરોડ બાદ પણ હવે ઔદ્યોગિક તેમજ વિસ્તારોમાં વધારો થયો હોવાના પગલે પૂર્વ વિસ્તારમાં વસ્ત્રાલ તેમજ હંસપુરા પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવનાર છે જેના પગલે પીઆઈની નિમણુકના ઓર્ડર પોલીસ કમિશનર દ્વારા કરવામાં આવ્યા છે.

## 'નવા ઝભ્ભા પહેરીને નીકળી ન પડતા, જમીની સ્તરે રહેજો' સંઘવી

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનાત્મક તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. ચૂંટણીની વ્યુહરચના ઘડવા માટે અમદાવાદ અને ગાંધીનગરના હોદ્દેદારો અને જનપ્રતિનિધિઓની ગઈકાલે રાતે(28 સપ્ટેમ્બર) એક મહત્વની કાર્યકર્તા સંકલન બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ગૃહમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મનપાના ઉમેદવારોને સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી હતી કે, જમીન સાથે જોડાઈને કામ કરજો. ચૂંટણી નજીક આવતા જ નવા ઝભ્ભા પહેરીને નીકળી ન જતા અને કોઈના કહેવામાં આવી ન જતા. જમીની સ્તર પર પ્રજા વચ્ચે રહીને કામ કરજો.

ગાંધીનગર મનપા ચૂંટણીમાં જીતનો કેસરિયો ધ્વજ લહેરાવવા માટે ભાજપે માઈક્રો મેનેજમેન્ટ શરૂ કરી દીધું છે. આ ચૂંટણી માટે ગાંધીનગર ઉપરાંત અમદાવાદના ધારાસભ્યોને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. બેઠકમાં નક્કી કર્યા મુજબ ગાંધીનગરના તમામ વોર્ડ પ્રમાણે ધારાસભ્યો અને સિનિયર કાર્યકરોને પ્રભારી અને સંકલનકાર તરીકે જવાબદારી સુપ્રત કરવામાં આવી છે, જેથી બૂથ સ્તર સુધી પ્રચાર કાર્યને વેગ આપી શકાય. ગાંધીનગર પાલિકાની આ ચૂંટણીમાં ભાજપ દ્વારા પડોશી શહેર અમદાવાદની સંગઠનાત્મક શક્તિનો ભરપૂર ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## 1 ઓક્ટોબરથી ગુજરાતના તમામ 31 જિલ્લામાં ESICનો વિસ્તાર

અમદાવાદ | ગુજરાતમાં શ્રમિકો અને તેમના પરિવારોને સામાજિક સુરક્ષા અને આરોગ્ય સેવાઓ આપતી ESIC યોજનાનો 1 ઓક્ટોબર, 2026થી રાજ્યના તમામ 31 જિલ્લાઓમાં વિસ્તૃત અમલ થશે. શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે સામાજિક સુરક્ષા સંહિતા, 2020 હેઠળ કેન્દ્ર સરકારના 25 સપ્ટેમ્બર, 2026ના જાહેરનામા બાદ રાજ્યના 16 આંશિક અમલીકૃત અને 15 બિનઅમલીકૃત જિલ્લાઓમાં પણ ESICનો અમલ થશે.

હાલ ગુજરાતમાં 21,68,270 કામદારો ESIC હેઠળ નોંધાયેલા છે અને તેમના પરિવારજનો સહિત આશરે 84 લાખ લાભાર્થીઓને આરોગ્ય તથા સામાજિક સુરક્ષાનો લાભ મળી રહ્યો છે. રાજ્યના બાકીના વિસ્તારોમાં યોજના લાગુ થતાં અંદાજે 8થી 10 લાખ નવા શ્રમિકો જોડાશે. પરિણામે ESIC હેઠળ નોંધાયેલા કામદારોની સંખ્યા આશરે 32 લાખ થશે અને શ્રમિકો તથા તેમના પરિવારજનો સહિત કુલ 1.20 કરોડ નાગરિકોને યોજનાનો લાભ મળવાની શક્યતા છે.

# પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ કોંગ્રેસમાં જોડાશે, નવરાત્રિ પહેલાં નવાજૂની:અમિત ચાવડાએ કહ્યું- હાઇકમાન્ડ સાથે ચર્ચા ચાલુ, બાપુએ પણ કહ્યું- હા સાચી વાત

અમદાવાદ | ગુજરાતની રાજનીતિના આજે(29 સપ્ટેમ્બર) સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરી કોંગ્રેસમાં જોડાશે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, હાઇકમાન્ડ સાથે ચર્ચા ચાલુ છે. તો બીજી તરફ બાપુએ પણ કહ્યું- હા સાચી વાત છે.

શંકરસિંહે 2017માં એમના જૂથના ધારાસભ્યો સાથે કોંગ્રેસને તોડી હતી. 9 વર્ષ બાદ હવે કોંગ્રેસમાં જોડાવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. શંકરસિંહ વાઘેલા સહિત અનેક લોકોને કોંગ્રેસમાં જોડાવવા માટે હાઇકમાન્ડ સાથે ચર્ચા કરવામાં આવી રહી છે. નવરાત્રિ પહેલાં નવાજૂનીના એંધાણ છે.

શંકરસિંહ વાઘેલાએ 1995માં બળવો કરી ભાજપ છોડી રાજપા બનાવી હતી. કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રી બન્યા બાદ 1998માં તેઓ કોંગ્રેસમાં જોડાઈ પણ ગયા. એ પછી 2017માં તેમણે કોંગ્રેસ છોડી પોતાની નવી પાર્ટી જનવિકલ્પ મોરચાની રચના કરી હતી, પરંતુ એ વર્ષે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેમનો એકપણ ઉમેદવાર જીત્યો નહોતો. એ પછી જાન્યુઆરી 2019માં તેમણે એનસીપી જોઈન કર્યું હતું અને ત્યાં રાષ્ટ્રીય મહામંત્રી રહ્યા બાદ તેમને પાર્ટીમાં પોતાનું મહત્ત્વ જળવાતું ન હોય એવું લાગ્યું હતું અને NCP છોડી દીધી હતી. નવેમ્બર, 2024ના શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાન વસંત વગડોમાં સ્નેહ મિલન યોજાયું હતું. જ્યાં શંકરસિંહે બેઠક બાદ પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની જાહેરાત કરી હતી.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું હતું કે, અનેક અંધ ભક્તોને ભાજપનો જે ભ્રમ હતો તે હવે તૂટી રહ્યો છે. વોટ ચોરી, પેપર લીક સહિતની ઘટનાઓના કારણે લોકો પરેશાન છે. ગુજરાતમાં પણ ઘણા બધા લોકો ભાજપની સામે એક જૂથ થઈ કોંગ્રેસ જ એક જ વિકલ્પ છે તેવા નિર્ણય સાથે કોંગ્રેસમાં જોડાવા માટે વાતચીત ચાલી રહી છે. શંકરસિંહ વાઘેલા પણ ભાજપની નીતિઓ અને RSSના કારણે અને નરેન્દ્ર મોદી સામે જાહેરમાં સ્ટેટમેન્ટ આપ્યા છે અને લડત લડી રહ્યા છે. તેમની પાર્ટી અને લોકો સાથે પણ વાતચીત ચાલી રહી છે. ચાવડાએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાતમાં પરિવર્તન આવી રહ્યું છે અને બધા જ લોકો તાનાશા સરકારને ખતમ કરવા માટે લોકશાહીને બચાવવા માટે એક મંચ પર આવવા માટેની તૈયારીઓ કરી રહ્યા છે. ભાજપના નેતાઓ પણ તેમની આંતરિક ગેંગવોરથી પરેશાન થઈ ગયા છે. અન્ય જે પણ પાર્ટીઓ છે તેમને પણ લાગી રહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી એક જ વિકલ્પ છે. વિકલ્પના સ્વરૂપમાં તમામ લોકો એ જ મંચ પર આવી સંઘર્ષ સાથે આગળ વધીશું. ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણી અને 2 ઓક્ટોબરના પ્રજાકીય સંમેલનને ધ્યાનમાં રાખીને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને ફરી કોંગ્રેસમાં લાવવાની રાજકીય અટકળોએ જોર પકડ્યું છે. ખાસ કરીને ગાંધીનગર મનપા વિસ્તારમાં રાજપૂત સમાજના અસંતોષને સાધવા અને બાપુના પ્રભાવનો લાભ લેવા માટે કોંગ્રેસ તરફથી પ્રયાસો થઈ રહ્યાની ચર્ચા છે. જોકે, અગાઉ 2027ની વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડવાની જાહેરાત કરનાર શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસના નેતાઓમાં ઉત્સાહનો અભાવ હોવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ તેમના નજીકના કાર્યકર્તાઓ હજુ પણ તેમને કોંગ્રેસમાં પરત ફરવા આગ્રહ કરી રહ્યા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ગુજરાત સરકારનો બરડા જંગલમાં સિંહોના પુનર્વસવાટને 'પાક્કું' કરવા પોરબંદર વન તંત્રમાં મોટા ફેરફાર કરવાનો નિર્ણય

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લીધો મોટો નિર્ણય

(એજન્સી) ગાંધીનગર | તા. 29



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે એશિયાટિક સિંહોના બરડા ખાતે બનેલા બીજા ઘરને મજબૂત વહીવટી આધાર આપવાની દિશામાં એક અત્યંત મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. બરડામાં સિંહોના પુનર્વસવાટને પાક્કું કરવા માટે રાજ્ય સરકારે પોરબંદર વન વિભાગના વહીવટી માળખામાં મોટા ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. ૧૪૩ વર્ષ બાદ બરડામાં એશિયાટિક સિંહોના કુદરતી રીતે પાછા ફરવાની ઐતિહાસિક ઘટનાને ધ્યાનમાં રાખીને આ કવાયત હાથ ધરવામાં આવી છે, જે સમગ્ર રાજ્ય માટે ગર્વની ક્ષણ છે.

વન અને પર્યાવરણ વિભાગ દ્વારા જારી કરાયેલા ઠરાવ મુજબ, પોરબંદર જિલ્લાના વન અને પર્યાવરણ સંબંધિત પ્રશ્નોનું સરળ નિરાકરણ લાવવા, વન યોજનાઓના અમલીકરણમાં સુગમતા વધારવા અને વન વ્યવસ્થાપનને વધુ ધારદાર બનાવવા માટે આ પુનર્ગઠન અનિવાર્ય બન્યું હતું. વન સંરક્ષણ અને વન્યજીવ વ્યવસ્થાપન માટે અધિકારીઓની જવાબદારીઓ, સ્ટાફ, વાહનો અને વાયરલેસ સાધન-સામગ્રીના નિયંત્રણમાં પણ યોગ્ય ફેરફારો કરવામાં આવ્યા છે, જેથી જમીની સ્તરે કામગીરી વધુ ઝડપી બને.

આ નવી રચના અંતર્ગત પોરબંદર અને રાણાવાવની રેન્જ-બીટનું નવેસરથી આયોજન કરવામાં આવ્યું છે, તેમજ કલ્યાણપુર-ભાટિયા રેન્જમાંથી ૩૦૫.૯૪ હેક્ટર વિસ્તારનો ભાણવડ રેન્જમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત કુતિયાણા રેન્જ સહિતની અન્ય બે સામાજિક વનીકરણ રેન્જોને પણ પોરબંદર વન વિભાગ હેઠળ આવરી લેવામાં આવી છે અને બે મદદનીશ વન સંરક્ષકની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખાસ કરીને પોરબંદર રેન્જ હેઠળ ૬,૮૪૦.૮૪ હેક્ટર વિસ્તાર અને કુલ ૮૦ ગામોનો સમાવેશ કરીને પોરબંદર સિટી, ગોસાબારા, મોકર, વિસાવાડા, કાંટેલા, માધવપુર અને સતિયા જેવી વિવિધ બીટમાં વહેંચણી કરવામાં આવી છે.

વૈજ્ઞાનિક અને વહીવટી અભિગમ સાથે કરાયેલા આ પુનર્ગઠનને કારણે મેદાની અધિકારીઓ અને કર્મચારીઓને પોતાના વિસ્તારની જવાબદારી સ્પષ્ટપણે મળશે. મીડિયા અહેવાલ મુજબ, આ નિર્ણયથી સિંહોના નવા નિવાસસ્થાનમાં તેમની સુરક્ષા અને સંવર્ધનને અભૂતપૂર્વ વેગ મળશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સરકારના આ સચોટ આયોજનથી પોરબંદર જિલ્લામાં પર્યાવરણ અને વન્યજીવ સંતુલન વધુ મજબૂત બનશે તેમજ ભવિષ્યમાં આ ક્ષેત્ર વન્યજીવ પ્રવાસન અને સંશોધનનું મોટું કેન્દ્ર બની રહેશે તેવી પૂરી આશા છે.

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ – દાહોદ દ્વારા માનનીય જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરેનભાઈ બારોટ સાહેબની શુભેચ્છા મુલાકાત



દિપક રાવલ દાહોદ લીમખેડા

આજરોજ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - દાહોદ દ્વારા માનનીય જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરેનભાઈ બારોટ સાહેબની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી.મુલાકાત દરમિયાન સ્વચ્છતા સંકુલની ગ્રાન્ટ છેલ્લા એક વર્ષથી ફાળવવામાં આવી નથી તે અંગે સાહેબશ્રીને માહિતગાર કરી રજૂઆત કરવામાં આવી.આ બાબતની ગંભીર નોંધ લઈ માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તાત્કાલિક સંબંધિત અધિકારીશ્રીને બોલાવી ફોલોઅપ લીધો અને ટૂંક સમયમાં આ બાબતે યોગ્ય નિર્ણય કરવામાં આવશે તેવી ખાતરી આપી.તદુપરાંત સંત શિરોમણી રવિદાસજીની 650મી જન્મજયંતિ નિમિત્તે તૈયાર કરવામાં આવેલી વિશેષ પુસ્તિકા માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અર્પણ કરવામાં આવી.આ મુલાકાત માં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈ મહાસંઘ દાહોદ વતી.જીલ્લા ના અધ્યક્ષ શ્રી દેસિંગભાઈ તડવી, સંભાગ સહ સંગઠન મંત્રી શ્રી દિપકભાઈ આમલીયાર, જિલ્લા સિનિયર ઉપાધ્યક્ષ શ્રી જનકભાઈ પટેલ, જિલ્લા સંગઠન મંત્રી શ્રી કિશનભાઈ કોળી, જિલ્લા કોષાધ્યક્ષ શ્રી સનુભાઈ ભાભોર હાજર રહ્યા .આ મુલાકાત દરમિયાન શિક્ષણ અને શિક્ષકોને લગતા વિવિધ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે મહાસંઘ દ્વારા સતત પ્રયત્નો અને સંકલન જાળવવામાં આવશે તેવી ખાતરી વ્યક્ત કરવામાં આવી.

## રાજપીપળા નગરપાલિકા સેવા સેતુ કેમ્પ, બારમો તબક્કો આગામી દિવસોમાં યોજાશે

(એજન્સી) રાજપીપળા | તા. 29

નર્મદા જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને આવશ્યક સેવાઓનો લાભ સીધો ઘરઆંગણે મળી રહે તેવા ઉદ્દેશ્યથી "સેવા સેતુ કાર્યક્રમ"નું વ્યાપક આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમના ૧૨મા તબક્કાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી સ્થાનિક રહીસોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સરકાર અને પ્રજા વચ્ચેનો સેતુ વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે આ અભિયાન શરૂ કરાયું છે.

આ વિશેષ આયોજન અંતર્ગત રાજપીપળા નગરપાલિકા કચેરી કેમ્પસ ખાતે આગામી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વોર્ડ નંબર ૧ થી ૪ માટે તેમજ ૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વોર્ડ નંબર ૫ થી ૭ માટે સેવા સેતુ કેમ્પ યોજાશે. બંને દિવસો દરમિયાન સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી નાગરિકો કોઈપણ મુશ્કેલી વગર વિવિધ સરકારી સેવાઓનો પ્રત્યક્ષ લાભ મેળવી શકશે. મીડિયા અહેવાલ મુજબ, આ કેમ્પના માધ્યમથી અરજદારોના પેન્ડિંગ પ્રશ્નોનો ઝડપી નિકાલ લાવવા માટે ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

આ સેવા સેતુ કાર્યક્રમમાં નાગરિકો માટે દસ્તાવેજોની સેવાઓ, પ્રમાણપત્રોની સેવાઓ, વિવિધ કલ્યાણકારી યોજનાઓ, આરોગ્ય સેવાઓ, આવાસ સંબંધિત સેવાઓ, કૃષિ અને ગ્રામ વિકાસ સંબંધિત સેવાઓ તેમજ રોજગાર અને કૌશલ્ય વિકાસ માર્ગદર્શન જેવી અનેકવિધ સરકારી સુવિધાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રશાસન દ્વારા તમામ સંબંધિત વોર્ડના નાગરિકોને પોતાના જરૂરી દસ્તાવેજો સાથે રાખીને આ કેમ્પમાં સમયસર ઉપસ્થિત રહેવા માટે વિશેષ અનુરોધ કરવામાં આવ્યો છે. "તમારી સમસ્યા, અમારી પ્રાથમિકતા" ના ધ્યેય મંત્ર સાથે યોજાનારા આ કાર્યક્રમથી સામાન્ય પ્રજાને સરકારી દફતરોના ધક્કા ખાવામાંથી મોટી રાહત મળશે.

## વડોદરામાં રાવપુરા મામાની પોળ પાસે દૂષિત પાણી, પાંચ દિવસથી ગટરના પાણીથી સ્થાનિકો પરેશાન

(એજન્સી) વડોદરા | તા. 29

વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં આવેલા મામાની પોળ પાસેના સૂર્યનારાયણ માર્ગ પર વહીવટી તંત્રની ગંભીર બેદરકારીને કારણે છેલ્લા પાંચ દિવસથી દૂષિત અને ગટરના પાણી ફરી વળ્યા છે. જાહેર માર્ગ પર ફેલાયેલી અસહ્ય ગંદકી અને દુર્ગંધને કારણે સ્થાનિક વેપારીઓ, રાહદારીઓ તેમજ મંદિરે દર્શને આવતા શ્રદ્ધાળુઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા ભારે રોષ વ્યાપ્યો છે.

મળતી માહિતી મુજબ, છેલ્લા પાંચ દિવસથી રસ્તા પર ગંદા પાણી ભરાઈ રહેવાને કારણે આ માર્ગ પરથી પસાર થવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. આ વિસ્તારમાં નજીકમાં જ મંદિર આવેલું હોવાને કારણે દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે આવે છે, પરંતુ તેમને આ ગંદકી અને કીચડમાંથી પસાર થવાની લાચારી ભોગવવી પડી રહી છે.

ગટરના ગંદા પાણીના સતત પ્રવાહ અને તેના લીધે ફેલાતી અસહ્ય દુર્ગંધથી સ્થાનિક દુકાનદારો અને વેપારીઓ ખૂબ જ પરેશાન છે. ગંદકીનું સામ્રાજ્ય જોઈને ગ્રાહકો દુકાનોમાં પ્રવેશતા અચકાઈ રહ્યા છે, જેના કારણે સ્થાનિક વેપાર-ધંધા પર પણ માઠી અસર પડી રહી છે.

આમ છતાં, પાંચ દિવસ જેટલો લાંબો સમય વીતી જવા છતાં જવાબદાર નગરપાલિકા તંત્ર દ્વારા સમસ્યાના નિવારણ માટે કોઈ જ નક્કર પગલાં ભરવામાં આવ્યા નથી.

જો વહેલી તકે આ દૂષિત પાણીના નિકાલ અને સફાઈની યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની પૂરી શક્યતા છે. સ્થાનિક નાગરિકો અને વેપારીઓએ તંત્ર પાસે ઉગ્ર માગ કરી છે કે ત્વરિત ધોરણે ગટર લાઈનની સફાઈ કરી આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે, અન્યથા આગામી દિવસોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

## વડોદરામાં ઓનલાઈન ડ્રેસ ખરીદીમાં ફ્રોડ, સાયબર ઠગાઈથી મહિલા સાથે છેતરપિંડી

(એજન્સી) વડોદરા | તા. 29

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા ઉપાસ ફ્લેટમાં રહેતી એક મહિલા સાથે ઓનલાઈન ડ્રેસ ખરીદતી વખતે ગંભીર સાયબર ફ્રોડની ઘટના સામે આવી છે. ઘરેથી સાડી વેચવાનો વ્યવસાય કરતી કલ્પનાબેન કિશનભાઈ કહારે ઈન્સ્ટાગ્રામ પર ડ્રેસની જાહેરાત જોઈને ઓર્ડર આપ્યો હતો, પરંતુ પાર્સલ ન મળતા રિફંડ મેળવવાની પ્રક્રિયા દરમિયાન સાયબર ગઠિયાઓએ તેમની સાથે મોટી છેતરપિંડી આચરી હતી. આ મામલે પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગત ૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ કલ્પનાબેન મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ રીલ્સ જોઈ રહ્યા હતા ત્યારે તેમને ઓનલાઈન ડ્રેસ વેચાણની જાહેરાત દેખાઈ હતી. તેમાં આપેલા વોટ્સએપ નંબર પર સંપર્ક કરતાં તેમને ૨,૯૪૯ રૂપિયાના બે ડ્રેસ પસંદ કર્યા હતા અને ગૂગલ પે દ્વારા પેમેન્ટ પણ કરી દીધું હતું. સામાવાળાએ ત્રણથી પાંચ દિવસમાં પાર્સલ મળી જશે તેમ જણાવ્યું હતું, પરંતુ ૧૫ સપ્ટેમ્બર સુધી પાર્સલ ન મળતા તેમણે ફરી સંપર્ક કર્યો હતો.

દુકાનદાર દ્વારા ઓર્ડર કેન્સલ થઈ ગયો હોવાનું અને રિફંડ માટે મેનેજરનો ફોન આવશે તેમ જણાવાયું હતું. થોડા સમય બાદ એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો અને રિફંડની પ્રક્રિયાના બહાને ગૂગલ પે પર યુપીઆઈ (UPI) પિન નંબરો નાખવાનું કહીને ઠગોએ મહિલાનો વિશ્વાસ જીતી લીધો હતો. આ રીતે પૂર્વ આયોજિત કાવતરું રચીને સાયબર ભેજાબાજોએ તેમના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ ૯૨,૯૯૭ રૂપિયા ઉપાડી લીધા હતા. ઓનલાઈન શોપિંગ કરતી વખતે સોશિયલ મીડિયા પર આવતી અજાણ્યા પ્લેટફોર્મની જાહેરાતોથી હંમેશાં સાવચેત રહેવું અત્યંત જરૂરી છે. કોઈપણ વ્યક્તિને ફોન પર ક્યારેય પણ પોતાનો યુપીઆઈ પિન કે ઓટીપી (OTP) શેર કરવો જોઈએ નહીં. થોડીક સાવધાની રાખીને આપણે આવા સાયબર ગુનેગારોના જાળમાં ફસાતા બચી શકીએ છીએ અને પ્રશાસન દ્વારા પણ આવા ફ્રોડ સામે સતત જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે.

## સુરતમાં મેયરની રાહમાં સેવાસેતુ અટક્યો, ધારાસભ્યોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ શરૂ કર્યો





સુરત | સુરતના કતારગામ વિસ્તારમાં આવેલા સિંગણપોર મલ્ટીપર્પઝ હોલ ખાતે સામાન્ય નાગરિકોના પ્રશ્નોના સ્થળ પર જ ઝડપી ઉકેલ માટે "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ વાગ્યે દીપ પ્રાગટ્ય સાથે આ કાર્યક્રમ શરૂ કરવાનો નિર્ધારિત સમય હતો, પરંતુ મેયર માયા માવાણી સમયસર ન પહોંચતા કર્મચારીઓ, લાભાર્થીઓ, કોર્પોરેટરો અને બંને ધારાસભ્યોએ લાંબી રાહ જોવી પડી હતી. આખરે મેયર આવવામાં વધુ સમય લાગશે તેવી જાણ થતાં ધારાસભ્યો દ્વારા જાતે જ કાર્યક્રમનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. પાલિકાના કર્મચારીઓ સવારે ૯ વાગ્યાની આસપાસ જ સ્થળ પર પહોંચી ગયા હતા, જ્યારે કતારગામના ધારાસભ્ય વિનોદ મોરડીયા અને ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય કાંતિ બલર પણ સવારે પોણા દસ વાગ્યાની આસપાસ હાજર થઈ ગયા હતા. નિર્ધારિત સમય વીતી જવા છતાં મેયર ન આવતાં અધિકારીઓ દ્વારા ફોન કરવામાં આવ્યો હતો. મેયર આવી રહ્યા હોવાનું જણાવાતાં થોડો સમય વધુ રાહ જોવાઈ હતી, પરંતુ ફરી સંપર્ક કરતા મેયરને આવવામાં હજુ વધુ સમય લાગશે તેમ જણાવાયું હતું.

### એસડીઆરએફ દ્વારા રેસ્ક્યુ ટેકનિકનું પ્રદર્શન

# રાજપીપલામાં પાંચ સો એનસીસી તાલીમ



(એજન્સી) રાજપીપળા | તા. 29

નર્મદા જિલ્લાના જીતનગર ખાતે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, કલેક્ટર કચેરી અને એસડીઆરએફના સંયુક્ત ઉપક્રમે એક અત્યંત મહત્વપૂર્ણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ અભિયાન અંતર્ગત પાંચ સો જેટલા એનસીસી કેડેટ્સને આપત્તિ કે કટોકટીની અણધારી પરિસ્થિતિઓમાં અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે શોધ અને બચાવ અંગેની સઘન તાલીમ પૂરી પાડવામાં આવી હતી. યુવા કેડેટ્સમાં આપત્તિ વ્યવસ્થાપનની સમજ અને આત્મવિશ્વાસ વધારવાના ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમે ભારે આકર્ષણ જગાવ્યું હતું.

આ તાલીમ સત્ર દરમિયાન કેડેટ્સને આપત્તિના સમયમાં શું કરવું અને શું ન કરવું તેની વિસ્તૃત થિયરી માહિતી આપવામાં આવી હતી, સાથે જ પ્રાયોગિક ધોરણે રેસ્ક્યુ ટેકનિકનું પ્રદર્શન પણ કરાયું હતું. વિવિધ પ્રકારના આધુનિક બચાવ સાધનો વિશે કેડેટ્સને માહિતગાર કરીને તેમના પ્રત્યક્ષ ઉપયોગની પદ્ધતિઓ સમજાવવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, કટોકટીના સમયમાં નાગરિકોની વહારે કઈ રીતે દોડી જવું તેની સચોટ તાલીમ આ યુવાનોને આપવામાં આવી છે, જે ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

કાર્યક્રમની વિગતો મુજબ, રોપ રેસ્ક્યુ તેમજ ઊંચાઈ પરથી સુરક્ષિત રીતે નીચે ઉતરવાની રેપલિંગ ટેકનિક અંગે પણ કેડેટ્સને ખાસ પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ યુવાનોને ગમે તેવી વિપરિત પરિસ્થિતિમાં પણ જરૂરી સાવચેતી રાખીને કુશળતાપૂર્વક કામ કરવા માટે સજ્જ કરવાનો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ કાર્યક્રમમાં એનસીસી કમાન્ડિંગ ઓફિસર, ડિઝાસ્ટર મેનેજમેન્ટના મામલતદાર, ડીપીઓ તેમજ એસડીઆરએફના પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના સંબંધિત ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહીને કેડેટ્સનો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રકારની વ્યવહારુ તાલીમથી યુવા કેડેટ્સના વ્યવહારુ કૌશલ્ય અને નેતૃત્વ ગુણોમાં મોટો વધારો જોવા મળ્યો છે. આપત્તિના સમયમાં તંત્રની સાથે રહીને લોકોને મદદરૂપ બનવા માટે એનસીસીના આ યુવાનો હવે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયા છે. સ્થાનિક સ્તરે આયોજિત આ સફળ તાલીમ કાર્યક્રમથી સમગ્ર વિસ્તારમાં પ્રશંસાની લહેર દોડી ગઈ છે અને આગામી સમયમાં પણ આવા વધુ કાર્યક્રમો યોજવાની લોકમાગ ઉઠી રહી છે.

### વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વેબિનાર યોજાયો, ભારતીય સંસ્કૃતિ અને જીવનમૂલ્યો પર ચર્ચા

# દેડિયાપાડા કોલેજમાં સાંસ્કૃતિક વક્તૃત્વ વેબિનાર

(એજન્સી) રાજપીપળા | તા. 29



નર્મદા જિલ્લાના દેડિયાપાડા સ્થિત સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ખાતે ગતરોજ કોલેજના આચાર્યશ્રીની અધ્યક્ષતામાં એક વિશેષ ઓનલાઈન વેબિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. "ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા" અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં કોલેજના વિવિધ વિભાગોના અસંખ્ય વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે જોડાઈને પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી. આ વેબિનારનો મુખ્ય હેતુ યુવા પેઢીમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગાઢ સમજ અને જાગૃતિ કેળવવાનો હતો.

આ અનોખા ઓનલાઈન કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ અન્ય વરિષ્ઠ મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેમણે પોતાના પ્રેરણાદાયી વિચારો દ્વારા વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું. આધુનિક યુગની દોડધામમાં યુવાનો પોતાની સાંસ્કૃતિક ઓળખ અને મૂળભૂત સંસ્કારો સાથે જોડાયેલા રહે તે સમયની તાતી જરૂરિયાત છે તેમ વક્તાઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ વેબિનારમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાનું માળખું, ભાગ લેવાની પ્રક્રિયા અને વિજેતાઓને મળનાર ઇનામો વિશે પણ સવિસ્તર માહિતી આપવામાં આવી હતી.

વેબિનારના સત્ર દરમિયાન ભારતીય સંસ્કૃતિમાં રહેલા ઉત્તમ સંસ્કારો, જ્ઞાન અને જીવનમૂલ્યોને ઊંડાણપૂર્વક સમજીને તેને નવી પેઢી સુધી પહોંચાડવાના ઉપાયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા કે તેઓ વધુમાં વધુ સંખ્યામાં આ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લે અને પોતાની વક્તૃત્વ પ્રતિભા તથા સચોટ વિચારોને અસરકારક રીતે રજૂ કરે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કોલેજના વિદ્યાર્થીઓએ આ સમગ્ર કાર્યક્રમને ખૂબ જ ધ્યાનપૂર્વક નિહાળ્યો હતો અને વક્તૃત્વ ક્ષેત્રે પોતાની કુશળતા ખીલવવા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો.

આ સમગ્ર આયોજન વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયી અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ જ ઉપયોગી સાબિત થયું છે. આવા રચનાત્મક કાર્યક્રમોથી યુવાનોમાં આત્મવિશ્વાસ વધવાની સાથે પોતાની સર્જનાત્મક અભિવ્યક્તિ વ્યક્ત કરવા માટે એક ઉત્તમ મંચ મળી રહે છે. સ્થાનિક સ્તરે યોજાયેલા આ વેબિનારથી વિદ્યાર્થીઓમાં નવો જુશ જોવા મળ્યો છે અને આગામી સમયમાં યોજાનારી સ્પર્ધાઓમાં આ કોલેજના વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરશે તેવી પૂરી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### સુરતમાં તપેલા ડાઈંગ સામે કાર્યવાહી નહીં

## પખવાડિયું વીતવા છતાં તંત્ર દ્વારા પગલાં નહીં

(એજન્સી) સુરત | તા. 29



સુરત પાલિકાના કતારગામ ઝોનના નાની બહુચરાજી અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં ડ્રેનેજમાં કેમિકલયુક્ત અને રંગવાળું પાણી છોડતા ૨૭૪ જેટલા તપેલા ડાઈંગ એકમો સામે કડક કાર્યવાહીના દાવા પોકળ સાબિત થયા છે. ડેપ્યુટી કમિશનર દ્વારા નોટિસ આપ્યા બાદ ત્રણ દિવસમાં સીલિંગ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ આ જાહેરાતને પખવાડિયું વીતી જવા છતાં જમીની સ્તરે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે પાલિકા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

કતારગામ ઝોનના આ એકમોમાંથી નીકળતું દૂષિત પાણી નિયમો વિરુદ્ધ સીધું જ પાલિકાની ડ્રેનેજ લાઈનમાં છોડવામાં આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. અનેક સ્થળોએ ડ્રેનેજ લાઈનમાંથી દુર્ગંધ મારતું અને રંગીન પાણી રસ્તાઓ પર ફરી વળતું હોવાથી સ્થાનિક રહેવાસીઓ, રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ ફરિયાદોને પગલે આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો અને ૨૭૪ તપેલા ડાઈંગ એકમોને નોટિસ ફટકારવામાં આવી હતી. નોટિસની મુદત પૂર્ણ થયા બાદ પાલિકાના ડેપ્યુટી કમિશનર સ્મીત લોઢા દ્વારા ત્રણ દિવસમાં સીલિંગ કરવાની જાહેરાત કરાઈ હતી, જેથી સ્થાનિકોમાં આશા જાગી હતી. જોકે, સર્વે અને રિપોર્ટ સંપૂર્ણપણે તૈયાર હોવા છતાં સમગ્ર મામલો ફરી એક વખત કાગળ પર જ અટકી ગયો છે.

### ગંદા પાણી અને ગંદકીથી રોગચાળાનો ભય

## વડોદરા વોર્ડ 16 માં પાયાની સુવિધાઓનો અભાવ

(એજન્સી) વડોદરા | તા. 29

વડોદરા શહેરના વોર્ડ નંબર ૧૬ અંતર્ગત આવતા ભારતવાડી, યમુના મિલ પાસેના વુડાના આવાસો, જયનારાયણનગર, સોમા તળાવ અને લીમડી ફળિયા જેવા વિસ્તારોમાં પાયાની સુવિધાઓના અભાવે લોકો નર્કાગાર જેવી જિંદગી જીવવા મજબૂર બન્યા છે. પીવાના ગંદા પાણી, ડ્રેનેજ ચોકઅપ અને ચારેબાજુ ફેલાયેલી ગંદકીથી ત્રસ્ત સ્થાનિક રહીસો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાયમી ઉકેલ ન આવતા હવે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે, જેનાથી તંત્રમાં દોડધામ મચી ગઈ છે. યમુના મિલ પાસેના વુડાના આવાસોમાં પાકા રસ્તાઓ અને ડ્રેનેજ લાઈનની યોગ્ય સુવિધા ન હોવાને કારણે ચોમાસાની આ સિઝનમાં કાદવ-કિચડ અને ગંદકી વચ્ચે અવરજવર કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે. અનેક વિસ્તારોમાં ક્યાંક પ્રદૂષિત પાણી વિતરણ થાય છે તો ક્યાંક પાણી પૂરતા દબાણથી મળતું નથી અથવા સમય અનિયમિત રહે છે. શુદ્ધ પાણીના અભાવે નાગરિકોના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે અને લોકો મેલેરિયા, ટાઈફોડ અને કમળા જેવી ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આ સમસ્યાઓની સાથેસાથે ગાજરાવાડીના સ્લોટર હાઉસમાંથી દરરોજ મોટી સંખ્યામાં આવતા મૃત પશુઓનું માંસ ખુલ્લામાં ફેંકી દેવાતો હોવાનો ગંભીર આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. આ માંસ ૧૦ થી ૨૦ દિવસ સુધી ખુલ્લામાં સડતું હોવાને કારણે ગાજરાવાડીથી લઈને વાઘોડિયા રોડ સુધીના વિશાળ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાય છે, જેથી છેલ્લા ૩૦ વર્ષથી આ સ્લોટર હાઉસને અન્યત્ર ખસેડવાની માંગ ઉઠી રહી છે. બીજી તરફ, ગાજરાવાડીના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પ્રક્રિયા કર્યા વગર જ ગંદું પાણી રૂપારેલ કાંસમાં છોડવામાં આવતું હોવાથી મચ્છરોનો ઉપદ્રવ ચરમસીમાએ પહોંચ્યો છે. સ્થાનિક રહીસો દ્વારા વોર્ડ કચેરીથી લઈને મહાનગરપાલિકાની સામાન્ય સભા સુધી અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં સત્તાધીશો દ્વારા માત્ર ખોટા આશ્વાસનો આપવામાં આવ્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો.

**મિથુન : ક. છ. ઘ.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે.

**કર્ક : ડ. હ.**

તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દ્ઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે.

**સિંહ : મ. ટ.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા પ્રિયપાત્રના સોશિયલ-મિડિયા પરના છેલ્લાં કેટલાક દિવસોના સ્ટેટસ ચેક કરો.

**કન્યા : પ. ઠ. ણ.**

ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**તુલા : ર. ત.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે. પૂર્વાનુમાનમાં તમારી ખુશીની ઉજવણી માટે પાર્ટી આપો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો.

**મકર : ખ. જ.**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો. તમારા સ્મિતોનો કોઈ જ અર્થ નથી-હાસ્યનો કોઈ અવાજ નથી.

500 NCC કેડેટ્સ ને ડિઝાસ્ટર ની તાલીમ અપાઈ

# રાજપીપલા નજીક જીતનગર ખાતે NCC કેડેટ કેમ્પ યોજાયો

રાજપીપલા : નર્મદા જિલ્લાના જીતનગર ખાતે 20 મી બટાલિયન નવસારી દ્વારા એન સી સી કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે 4 ઓક્ટોબર સુધી યોજાનાર આ કેમ્પ માં વિવિધ કોલેજો ના 500 જેટલા કેડેટ્સ ભાગ લઈ રહ્યા છે પ્રાપ્ત માહિતી મુજબ . આ NCC કેમ્પ માં આજે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, તથા SDRFના સંયુક્ત ઉપક્રમે 500 NCC કેડેટ્સ માટે શોધ અને બચાવ (Search & Rescue) અંગેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમ દરમિયાન NCC કેડેટ્સને આપત્તિ કે કટોકટીની પરિસ્થિતિમાં અસરકારક રીતે પ્રતિસાદ આપી શકાય તે માટે શોધ અને બચાવની મૂળભૂત પદ્ધતિઓ, આપત્તિ દરમિયાન શું કરવું અને શું ન કરવું તેમજ આપત્તિ પ્રતિસાદ અંગે થિયરી સાથે પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન વિવિધ પ્રકારના રેસ્ક્યુ સાધનો અંગે કેડેટ્સને માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ સાધનોના ઉપયોગનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રોપ રેસ્ક્યુ તથા ઊંચાઈ પરથી સુરક્ષિત રીતે નીચે ઉતરવાની રેપલિંગ ટેકનિક અંગે કેડેટ્સને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી.




આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય હેતુ NCC કેડેટ્સમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની સમજ, વ્યવહારુ કૌશલ્ય અને આત્મવિશ્વાસમાં વધારો કરવાનો તેમજ આપત્તિ કે કટોકટીની પરિસ્થિતિમાં જરૂરી સાવચેતી સાથે અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે તેમને તૈયાર કરવાનો હતો.આ તાલીમ દરમિયાન NCC CO, મામલતદાર (ડિઝાસ્ટર મેનેજમેન્ટ), DPO, PSI (SDRF) સહિત સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફળો અને દિવ્ય ફૂલોનો દિવ્ય શણગાર

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.29.

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તા.29-09-2026ને મંગળવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફળો અને દિવ્ય ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. દાદાના સિંહાસને દ્રાક્ષ, સફરજન, દાડમ વગેરે વિવિધ પ્રકારના ફળો ધરવાયા હતા. લાલ, ગુલાબી અને લીલા રંગબેરંગી ફૂલો તેમજ પાંદડાઓથી ગર્ભગૃહને સજાવવામાં આવ્યું હતું. દાદાને આકર્ષક જરીવાળા વસ્ત્રો, હાર અને મુગટથી શણગારવામાં આવ્યા હતા. સવારે 5:30 કલાકે



મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા અને સવારે 7:00 કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. અનેક ભક્તો દ્વારા દાદાને ધજા ચઢાવાઈ હતી. આ દર્શન અને મહાપ્રસાદનો અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# જોડિયા નજીક બાલંભા પાસે પુરઝડપે આવતી રિક્ષાએ મોટરસાઇકલને ટક્કર મારતાં બે વ્યક્તિને ઇજા

જામનગર : જામનગરના જોડિયા તાલુકાના બાલંભા ગામ નજીક બીણાધાર સ્મશાન પાસે 27 એપ્રિલે CNG રિક્ષાચાલકે બેફિકરાઈથી મોટરસાયકલને ટક્કર મારી હતી. રાજકોટના શાંતિલાલ પરમાર અને પ્રવીણભાઈ કણજારિયા મોટરસાયકલ પર જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બંને વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે. જોડિયા પોલીસે રિક્ષાચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.જોડીયા તાલુકાના બાલંભા ગામ નજીક બીણાધાર સ્મશાન પાસે પુરઝડપે અને બેફિકરાઈથી આવતી સી.એન.જી. રિક્ષાએ મોટરસાઈકલને ટક્કર મારતાં બે વ્યક્તિને ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદ નોંધાઈ છે.રાજકોટ ખાતે રહેતા અને મૂળ બીણાધારના 46 વર્ષીય શાંતીલાલ પરમારે ફરિયાદમાં જણાવ્યું છે કે, તા.27 એપ્રિલે તેઓ તથા પ્રવિણભાઈ કણજારિયા



મોટરસાઈકલ પર બાલંભા ગામની વાડીમાંથી બીણાધાર ગામે જઈ રહ્યા હતા. દરમિયાન બીણાધાર સ્મશાન પાસે જી.જે.36-યુ-7021 નંબરની સી.એન.જી. રિક્ષાના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે રિક્ષા હંકારી તેમની મોટરસાઈકલને ટક્કર મારી હતી.અકસ્માતમાં ફરિયાદીને જમણા હાથની કોણી, પોચા, મોઢા-જડબા તથા જમણા કાન પાછળ ઈજાઓ થઈ હતી.

# સંખેડામાં સેવા સેતુનો પ્રારંભ

રિપોર્ટર. કમલેશ પટેલ. | સંખેડા

સંખેડા તાલુકાના લોટીયા પ્રાથમિક શાળા ખાતે 12મા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોને એક જ સ્થળે 56 જેટલી વિવિધ સરકારી સેવાઓનો લાભ આપવાનો હતો.આ કાર્યક્રમમાં સંખેડા તાલુકાના ધારાસભ્ય અભેસિંહભાઈ તડવી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે મામલતદાર



જીગ્નેશભાઈ પટેલ, ઉર્મિલાબેન વસાવા અને લોટીયા ગામના પૂર્વ સરપંચ જીગ્નેશભાઈ પટેલ સહિત આસપાસના ગામોના સરપંચો પણ હાજર રહ્યા હતા.આરોગ્ય વિભાગ, તલાટીઓ, ગ્રામ સેવકો અને સંખેડા સેવા સદનનો સ્ટાફ કાર્યક્રમમાં હાજર હતો. તેમણે સ્થળ પર જ આવકના દાખલા, જાતિના દાખલા, આધાર કાર્ડ સુધારા, રેશનકાર્ડ અને આરોગ્ય તપાસ જેવી 56 સેવાઓનો લાભ આપ્યો હતો.મોટી સંખ્યામાં લાભાર્થીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી તેને સફળ બનાવ્યો હતો.

કલેક્ટર, કમિશનર અને એસપીને આવેદન

# જામનગરના રહેણાંક વિસ્તારમાં જેન-ઝી ગરબાના મેગા આયોજન સામે સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ

જામનગર : જામનગર શહેરના ગીતા મંદિર નજીકના રહેણાંક વિસ્તારમાં જેન-ઝી ગરબા મહોત્સવના નામે નવરાત્રીના મેગા આયોજનની જાહેરાત થતાં સ્થાનિક રહેવાસીઓમાં રોષ ફેલાયો છે. પારસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, પંચવટી ગૌશાળા વિસ્તાર, મહાવીર સોસાયટી અને અંબાવિજય કો-ઓપરેટિવ સોસાયટીના રહેવાસીઓએ જિલ્લા કલેક્ટર, મ્યુનિ. કમિશનર અને જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી આ પ્રકારના આયોજનને મંજૂરી ન આપવા માંગ કરી છે. રહેવાસીઓએ રજૂઆતમાં જણાવ્યું છે કે, ગીતા મંદિર નજીકના એક કોમન પ્લોટમાં 4000 જેટલા ખેલૈયાઓ એ.સી.ડોમમાં ગરબા રમી શકે તેવી વ્યવસ્થા સાથે રાત્રિના 10થી 2 વાગ્યા સુધી જેન-ઝી ગરબા મહોત્સવ યોજવાની જાહેરાત કરવામાં આવી છે. નવરાત્રી સાંસ્કૃતિક ઉત્સવ છે, પરંતુ રહેણાંક વિસ્તારની વચ્ચોવચ આ પ્રકારનું વ્યાપારી ધોરણે મોટું આયોજન કરવામાં આવે તો સ્થાનિકોની શાંતિ અને સુવિધા ઉપર અસર થઈ શકે છે. રહેવાસીઓના જણાવ્યા મુજબ, મોટા અવાજે સંગીત અને ગરબાના આયોજનથી બાળકો, વૃદ્ધો સહિત સમગ્ર વિસ્તારના લોકો પરેશાન થઈ શકે છે. ઉપરાંત



4 હજાર લોકોના વાહનોના પાર્કિંગની વ્યવસ્થા પણ રહેણાંક વિસ્તારમાં મુશ્કેલીરૂપ બની શકે છે. સતત લોકોની અવરજવરથી શાંતિ ડહોળાવાની તેમજ ટ્રાફિકની સમસ્યા ઊભી થવાની શક્યતા વ્યક્ત કરી તંત્રને આયોજનની મંજૂરી ન આપવા રજૂઆત કરવામાં આવી છે.

**આયોજકનો ખુલાસો : આવક હાલાર યુનિવર્સિટી માટે વપરાશે: 1000 યુવતીઓને નિશુલ્ક પ્રવેશ**

બીજી તરફ, જેન-ઝી ગરબાના આયોજક રાજેશભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે, આયોજન માટેનું મેદાન અંબા વિજય પ્રાઈવેટ લિમિટેડનું છે અને એક રૂપિયાના ટોકન ભાડે લેવામાં આવ્યું છે. મેદાનમાં સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી હતી ત્યારે કેટલાક સ્થાનિકોએ કામ અટકાવવાનો પ્રયાસ કર્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.આયોજકે વધુમાં જણાવ્યું હતું કે, સ્થાનિકોની રજૂઆતને ધ્યાનમાં લઈ આયોજનનો સમય રાત્રે 7:30થી 11:30 વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે.

# જામનગરમાં સફાઈ કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવાની માંગ સાથે કમિશનરને આવેદન અપાયું

(એજન્સી) જામનગર | તા.29

જામનગર શહેરમાં સફાઈ કર્મચારીઓની વિવિધ સમસ્યાઓનો તાકીદે ઉકેલ લાવવાની માંગ સાથે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી મજૂર યુનિયનના હોદ્દેદારો દ્વારા શરૂ કરવામાં આવેલું આમરણાંત ઉપવાસ આંદોલન આજે છઠ્ઠા દિવસે પણ યથાવત રહ્યું હતું. દરમિયાન સફાઈ કર્મચારી સંસ્થાના શહેર પ્રમુખ મહેશ બાબરીયા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અમિત પરમાર સહિત સફાઈ કર્મચારીઓએ મ્યુનિ. કમિશનર દીપેશ કેડિયા તથા પદાધિકારીઓને મળી આવેદનપત્ર પાઠવી પ્રશ્નોના ઉકેલની માંગ કરી હતી.આવેદનમાં જણાવ્યા





મુજબ, જામનગર શહેરમાં સફાઈની કુલ 1896 બીટ સામે સફાઈ કર્મચારીઓનું મહેકમ માત્ર 1334નું છે. જેથી સફાઈ કર્મચારીઓનું મહેકમ વધારવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ઉપરાંત વોર્ડ નં. 8માં વીજ ટ્રાન્સફોર્મરના પાંજરામાં સફાઈ કર્મચારીઓ પાસે જોખમી રીતે સફાઈ કરાવનાર સામે કાર્યવાહી કરવા તેમજ વોર્ડ નં. 9માં સફાઈ કર્મચારી સામે કથિત રીતે ખોટી રીતે પગલાં લેનારા એસએસઆઈ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.સફાઈ કર્મચારીઓને મુકાદમો દ્વારા કરવામાં આવતી કથિત હેરાનગતિ અટકાવવા, સફાઈ કર્મચારીઓની ખાલી પડેલી 87 જગ્યાઓ તાત્કાલિક ભરવા સહિતના પ્રશ્નોનો પણ આવેદનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. યુનિયનના હોદ્દેદારોએ ચીમકી ઉચ્ચારી હતી કે, તંત્ર દ્વારા સફાઈ કર્મચારીઓના પ્રશ્નો અંગે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી તા.2 ઓક્ટોબર, ગાંધી જયંતિના દિવસે શહેરના સફાઈ કર્મચારીઓ સફાઈ કામગીરીથી અળગા રહેશે. ત્યારબાદ પણ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો સંપૂર્ણ હડતાળ શરૂ કરવામાં આવશે. બીજી તરફ, હોદ્દેદારોનું આમરણાંત ઉપવાસ આંદોલન પણ ચાલુ રાખવામાં આવ્યું છે.

## જામનગર શહેર અને જિલ્લામાં જુગારના 9 દરોડામાં 12 શખ્સો ઝડપાયા

જામનગર : પોલીસે વિવિધ પોલીસ મથકો હેઠળ અલગ અલગ સ્થળે નવ દરોડા પાડી કુલ 12 શખ્સોને ઝડપી લીધા છે. પોલીસની કાર્યવાહીમાં એકી-બેકી તથા વરલી મટકાના જુગારના કુલ રૂ.3,020ની રોકડ રકમ ઉપરાંત જુગારનો સામાન સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.સીટી-એ ડિવિઝન પોલીસે સાત રસ્તા સર્કલ પાસે બે અલગ દરોડા પાડી એકી-બેકીનો જુગાર રમતા મહેન્દ્રસિંહ જાડેજા તથા હુશેન નોતિયારને રૂ.460 સાથે અને હબીબ સમા તથા મકબૂલ ઉર્ફે નટો દેખાનને રૂ.860 સાથે ઝડપી લીધા હતા.કાલાવડ ગ્રામ્ય પોલીસે નીકાવા ગામના જુદા જુદા બે સ્થળે કાર્યવાહી કરી ભરત દાફડાને વરલી મટકાના આંકડા લખતા રૂ.400ના મુદ્દામાલ સાથે તથા ગિરીશ ઉર્ફે ઉખેડિયો બુસાને રૂ.350ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. મેઘપર-પડાણા પોલીસે મોટી ખાવડી ગામના સ્મશાન પાસે પ્રવિણ લાલવાણીને રૂ.160ના મુદ્દામાલ સાથે તથા પડાણા ગામે બાપા સીતારામ મઢુલી પાસે ઉદય રાવલને રૂ.150ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

# વિકસિત ભારત - જન સેવા અભિયાન અંતર્ગત સાકરીયા આંગણવાડી કેન્દ્ર ખાતે ‘આંગણ મિલન’ કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

‘વિકસિત ભારત’ના નિર્માણ માટે મજબૂત બાળ પેઢીનો પાયો પોષણ, શિક્ષણ અને સંસ્કાર થકી જ નંખાય છે, તેવા ઉમદા આશય સાથે વિકસિત ભારત જન સેવા અભિયાન અંતર્ગત સાકરીયા આંગણવાડી કેન્દ્ર ખાતે વિશેષ ‘આંગણ મિલન’ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં આઈસીડીએસ (ICDS) અધિકારી શ્રીમતી અંબિકાબેન, સ્થાનિક સરપંચશ્રી, ગ્રામજનો, મોટી સંખ્યામાં માતાઓ તેમજ ભૂલકાંઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં અધ્યક્ષીય ઉદ્બોધન આપતાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારે જણાવ્યું હતું કે, આંગણવાડી કેન્દ્રો આપણા સમાજના સર્વાંગી વિકાસનું અતિ મહત્વપૂર્ણ કેન્દ્ર છે. બાળકોના ઉત્કૃષ્ટ આરોગ્ય, યોગ્ય પોષણ, પાયાના શિક્ષણ અને સંસ્કારની



મજબૂત શરૂઆત આંગણવાડીના આંગણેથી જ થાય છે. બાળક સ્વસ્થ, સુપોષિત અને સુશિક્ષિત બનશે ત્યારે જ ગુજરાત અને ભારત વધુ સશક્ત બનશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વિકસિત ભારતનું સ્વપ્ન માત્ર મોટા વિકાસકાર્યો પૂરતું સીમિત નથી, પરંતુ છેવાડાના ગામના પ્રત્યેક બાળક સુધી ઉત્તમ પોષણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સરકારી કલ્યાણકારી સેવાઓ પહોંચે એ જ સાચા અર્થમાં વાસ્તવિક જનસેવા અને વિકાસ છે.સરકારની વિવિધ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ પરિવારો સુધી સમયસર પહોંચાડવા અને કોઈ પણ બાળક શિક્ષણ કે પોષણથી વંચિત ન રહે તે માટે સમાજના સૌ નાગરિકો સાથે મળીને જવાબદારી નિભાવે તેવો આગ્રહ તેમણે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવો, માતાઓ અને ગ્રામજનોએ બાળકોના સર્વાંગી ઉત્કર્ષ, સુપોષણ અને ગામના ઉજ્જવળ ભવિષ્ય માટે એકજૂટ થઈને કાર્ય કરવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો.

# પોરબંદરથી મળી આવેલી બાળકી ‘શિવાની’ના વાલી-વારસોની શોધખોળ અંગે જાહેર અપીલ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

તારીખ ૨૪/૦૫/૨૦૨૪ના રોજ પોરબંદરના ભેટકડીવાડી વિસ્તારમાંથી આશરે ૮ વર્ષની વયની એક સગીર બાળકી મળી આવેલ છે. આ બાળકી ગોધરા,મહીસાગર,દાહોદ વિસ્તારની હોય તેવું જણાતા પોરબંદરથી મહીસાગર મોકલવામાં આવી છે. બાળકી દ્વારા જણાવવામાં આવેલી પ્રાથમિક વિગતો મુજબ તેનું નામ શિવાનીબેન, પિતાનું નામ અજયભાઈ તથા માતાનું નામ શારદાબેન છે. શારીરિક દેખાવે બાળકી ગૌવર્ણ ધરાવે છે તેમજ તેની પીઠ પર ડાબી બાજુ લાછાંનું નિશાન (ઓળખની નિશાની) રહેલું છે. બાળકીએ અગાઉ પોતે ગોલ્ડન ચોકડી પાસે અથવા ગોધરા રેલ્વે પાટા પાસે ઝૂંપડામાં રહેતી હોવાની પ્રાથમિક વિગત દર્શાવી છે, જે સંદર્ભે તપાસ ચાલુ છે.હાલમાં આ બાળકી ગવર્મેન્ટ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ (મહીસાગર હોસ્ટેલ બિલ્ડીંગ, પી.એન.પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કંપાઉન્ડ, સર્કીટ હાઉસની સામે, સંતરામપુર રોડ, લુણાવાડા, જી. મહીસાગર-૩૮૯૨૩૦) ખાતે સુરક્ષિત આશ્રય મેળવી રહી છે.આ બાળકીના વાલી-વારસ કે સગા-સંબંધીઓ અંગે કોઈ પણ નાગરિક પાસે માહિતી હોય, તો તાત્કાલિક સંસ્થાના ફોન નં. (૦૨૬૭૪) ૨૫૫૦૯૮, ઈ-મેઈલ: govt.cci.mahisagar@gmail.com અથવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી-મહીસાગર (મો. ૯૪૨૭૨૩૧૦૬૭), સુરક્ષા અધિકારી-સંસ્થાકીય સંભાળશ્રી (મો. ૯૭૭૩૪૯૮૦૬૧), તેમજ અધિક્ષકશ્રી, ગવર્મેન્ટ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ (મો. ૯૮૨૪૩૫૨૨૨૧) પર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે. બાળકીને તેના પરિવાર સાથે પુનઃમિલાપ કરાવી શકાય તે માટે જાહેર જનતાને સહકાર આપવા અપીલ છે.



‘વિકસિત ભારત ૨૦૪૭’ અંતર્ગત મહીસાગર જિલ્લામાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર સંપન્ન

# ધોરણ ૯ થી ૧૨ના ૪૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ મેળવ્યું વર્ચ્યુઅલ માર્ગદર્શન

જગદીશ ત્રિવેદી | મહીસાગર


ટેલિ-માનસ હેલ્પલાઈન ૧૪૪૧૬, નવી શિક્ષણ નીતિ (NEP) તેમજ ડ્રોન જેવી અદ્યતન ટેકનોલોજી અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત છણાવટ.... વડાપ્રધાનશ્રીના ‘વિકસિત ભારત ૨૦૪૭’ના વિઝનને સાકાર કરવાના ભાગરૂપે સંકલ્પ સેવા અભિયાન હેઠળ મહીસાગર જિલ્લામાં શાળાના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને યોગ્ય કારકિર્દી ઘડતર અર્થે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ના કુલ ૪૫,૬૭૪ વિદ્યાર્થીઓએ પોતાની શાળામાં ડિજિટલ માધ્યમથી યુટ્યુબ (YouTube) ચેનલ પર જીવંત પ્રસારણ નિહાળીને વિવિધ ક્ષેત્રના તજજ્ઞો પાસેથી મહત્વપૂર્ણ માર્ગદર્શન મેળવ્યું હતું.કાર્યક્રમનો શુભારંભ કરાવતા નાયબ શિક્ષણ નિયામકશ્રી કે. એફ. વસાવાએ વિદ્યાર્થીઓને પોતાની આંતરિક શક્તિ, રુચિ અને ક્ષમતાઓને ઓળખીને યોગ્ય લક્ષ્ય નિર્ધારિત કરી આગળ વધવા માટે પ્રેરક ઉદ્બોધન આપ્યું હતું. આ તકે મનોવૈજ્ઞાનિક ડૉ. ચિરાગ પરમારે કિશોરાવસ્થા દરમિયાન વિદ્યાર્થીઓમાં થતા શારીરિક, બૌદ્ધિક, સામાજિક અને ભાવનાત્મક ફેરફારોની વિસ્તૃત છણાવટ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓમાં જોવા મળતા પરીક્ષાના ડર, અભ્યાસના



તણાવ અને મુશ્કેલીઓના નિવારણ માટે જરૂરી ટિપ્સ આપવા સાથે માનસિક સ્વાસ્થ્ય સહાય માટે કાર્યરત રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર ૧૪૪૧૬ ની ઉપયોગિતા વિશે માહિતગાર કર્યા હતા.આજના આધુનિક યુગમાં કૌશલ્ય વિકાસના મહત્વ પર પ્રકાશ પાડતા પ્રિન્સિપાલ OSD ડૉ. સાગર દવેએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અંતર્ગત વ્યાવસાયિક શિક્ષણ (Vocational Education) અને ભવિષ્યમાં ઊભરતી કારકિર્દીની નવીન તકો અંગે માહિતી પૂરી પાડી હતી. જ્યારે ગુજરાત કોલેજના ડૉ. મહેશ પટેલે ભારતને ‘વિશ્વગુરુ’ બનાવવાના સંકલ્પ સાથે વિદ્યાર્થીઓમાં વૈશ્વિક સ્તરનું જ્ઞાન, નૈતિક મૂલ્યો અને ડ્રોન ટેકનોલોજી જેવા અદ્યતન વિજ્ઞાનથી સજ્જ થવા આહવાન કર્યું હતું.કાર્યક્રમના ઉત્તરાર્ધમાં સાયકોલોજી આસિસ્ટન્ટ અને વ્યવસાયિક માર્ગદર્શન નિષ્ણાત ડૉ. જયાબેન ડી. પટેલે ધોરણ ૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ ડિગ્રી-ડિપ્લોમા અભ્યાસક્રમો તથા વિષય પસંદગી અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે જિલ્લા રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર ડૉ. નિર્મલ પટેલે ધોરણ ૧૨ પછી આર્ટસ અને કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ ઉચ્ચ શિક્ષણના વિકલ્પો, રોજગારલક્ષી અભ્યાસક્રમો અને સરકારી કલ્યાણકારી યોજનાઓની વિશદ માહિતી રજૂ કરી હતી. કાર્યક્રમના અંતે યોજાયેલા પ્રશ્નોત્તરી સત્રમાં વિદ્યાર્થીઓએ અનિદ્રા, માનસિક તણાવ અને એકાગ્રતાના અભાવ જેવી સમસ્યાઓ અંગે પૂછેલા પ્રશ્નોનું ડૉ. ચિરાગ પરમાર દ્વારા વૈજ્ઞાનિક અને સંતોષકારક સમાધાન કરવામાં આવ્યું હતું. સમગ્ર જિલ્લામાં એકસાથે આયોજિત થયેલો આ ડિજિટલ માર્ગદર્શન સેમિનાર વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા અને ભાવિ કારકિર્દીના આયોજન માટે અત્યંત સફળ, પ્રેરણાદાયી અને ફળદાયી સાબિત થયો હતો.

# પાલનપુર નગરપાલિકા દ્વારા મિલ્કત વેરામાં ૧૦ ટકા વળતરનો લાભ લેવા અપીલ

માહિતી બ્યુરો, પાલનપુર | પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૧થી ૧૪ની તમામ રહેણાંક તથા બિનરહેણાંક મિલ્કતોના મિલ્કત



ધારકો/ભોગવટેદારોને જણાવવામાં આવે છે કે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના મિલ્કત વેરાના માંગણા બિલોની વહેંચણી કરવામાં આવી છે. મિલ્કત વેરાની ચાલુ બાકી રકમ ભરપાઈ કરનાર કરદાતાઓને ૧૦ ટકા વળતર આપવાની જોગવાઈ અમલમાં છે. આ ૧૦ ટકા વળતરનો લાભ મેળવવા માટેની છેલ્લી તારીખ ૦૭/૧૧/૨૦૨૬ છે. જે મિલ્કત ધારક/ભોગવટેદારને સંજોગોવશાત્ ચાલુ વર્ષનું માંગણા બિલ મળેલ ન હોય, તેઓ અગાઉના વર્ષનું બિલ અથવા પાવતી રજૂ કરીને મિલ્કત વેરાની રકમ ભરપાઈ કરી ૧૦ ટકા વળતરનો લાભ મેળવી શકશે.નગરપાલિકા દ્વારા જણાવાયું છે કે ૩૧/૧૨/૨૦૨૬ સુધી વળતરનો લાભ ઉપલબ્ધ રહેશે અને ત્યારબાદ વળતર આપવામાં આવશે નહીં. તેમજ તા. ૦૧/૦૧/૨૦૨૭થી મિલ્કત વેરાની બાકી રકમ પર નિયમોનુસાર દંડકીય વ્યાજ વસૂલ કરવામાં આવશે. તેથી પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારમાં આવતા તમામ મિલ્કત ધારકો/ભોગવટેદારોને સમયસર મિલ્કત વેરો ભરપાઈ કરી ૦૭/૧૧/૨૦૨૬ સુધી ૧૦ ટકા વળતરનો લાભ લેવા પાલનપુર નગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

### જીડીપી વધી રહી છે, તો વિદેશી રોકાણ કેમ ઘટી રહ્યું છે?

# સરકારની પીઠ થાબડતી જાહેરાતો વચ્ચે ચિંતાજનક આંકડો: વિદેશીઓએ 24 મહિનામાં રૂ.3.84 લાખ કરોડ પાછા ખેંચ્યા!

(એજન્સી) નવી દિલ્હી | તા.29

બર્નસ્ટીન રિસર્ચના અહેવાલ મુજબ, ભારતીય અર્થતંત્રની ઝડપી પ્રગતિ છતાં વિદેશી રોકાણકારોનો ઉત્સાહ ઓછો દેખાઈ રહ્યો છે. છેલ્લા 2 વર્ષમાં ભારતીય શેરબજારમાંથી આશરે $40 બિલિયન પાછા ખેંચાયા છે. વિદેશી રોકાણકારો હવે માત્ર GDP વૃદ્ધિ નહીં, પણ રૂપિયાની સ્થિતિ અને ઊંચા બજાર વેલ્યુએશનને પણ ધ્યાનમાં લે છે. આગામી 12 મહિનામાં FII ઈન્ફ્લો સામાન્ય રહેવાની શક્યતા છે.

ભારતીય અર્થવ્યવસ્થાની ઝડપી પ્રગતિ છતાં વિદેશી રોકાણકારોનો ઉત્સાહ કેમ ઓછો દેખાઈ રહ્યો છે, તે બાબત પર બર્નસ્ટીન રિસર્ચ દ્વારા એક મહત્ત્વપૂર્ણ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષમાં ભારતીય શેરબજારમાંથી આશરે 40 અબજ ડૉલરની વિદેશી મૂડી પરત ખેંચાઈ ચૂકી છે. આ રિસર્ચ મુજબ, હવે માત્ર મજબૂત જીડીપી ગ્રોથ વિદેશી રોકાણકારોને ભારત તરફ આકર્ષવા માટે પૂરતો નથી રહ્યો.




એક સમય એવો હતો કે જ્યારે ભારતની આર્થિક વૃદ્ધિ અને વિદેશી રોકાણ વચ્ચેનો સંબંધ ખૂબ જ મજબૂત હતો; એટલે કે જીડીપી (GDP) વધવાની સાથે વિદેશી રોકાણ પણ વધતું જોવા મળતું હતું. જોકે, વર્ષ 2007 પછી આ બંને વચ્ચેના સંબંધો આ સંબંધો નબળા પડ્યા છે. તાજેતરના વર્ષોમાં પરિસ્થિતિ એવી રહી છે કે દેશની અર્થવ્યવસ્થા મજબૂત હોવા છતાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII)નું નાણું સતત બજારમાંથી બહાર જતું રહ્યું છે. આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે વિદેશી રોકાણકારો હવે માત્ર દેશનો આર્થિક વિકાસ જોઈને જ રોકાણ કરવાનો નિર્ણય નથી લેતા.

વિદેશી રોકાણકારોના નિર્ણયોમાં અગાઉ ભારત અને અમેરિકાના વ્યાજદર વચ્ચેનો તફાવત ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેતો હતો, પરંતુ છેલ્લા 4થી 5 વર્ષમાં આ સંબંધ નબળો પડ્યો છે. હાલના સમયમાં ડૉલર સામે રૂપિયાની વિનિમય સ્થિતિ વિદેશી રોકાણકારો માટે વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. બર્નસ્ટીનના આંકડા અનુસાર, તાજેતરના સમયમાં FII ઈન્ફ્લો અને રૂપિયાની ચાલ વચ્ચેનો સંબંધ આશરે 72.9 ટકા જેટલો રહ્યો છે.

જો કોઈ વિદેશી રોકાણકારે ભારતમાં રોકાણ કર્યું હોય અને શેરના ભાવ વધી પણ જાય, પરંતુ તે જ સમયગાળામાં ડૉલર સામે રૂપિયો નબળો પડે, તો ડૉલરમાં નાણાં પરત મેળવતી વખતે તેમની કમાણી ઘટી શકે છે. સરળ શબ્દોમાં કહીએ તો, માત્ર ભારતીય બજારમાં શેરના ભાવ વધવાથી જ વિદેશી રોકાણકારોનો આખો હિસાબ નથી બનતો, પરંતુ તેમણે રૂપિયા અને ડૉલર વચ્ચેની વિનિમય દરની સ્થિતિ પર પણ ખાસ નજર રાખવી પડે છે.વિદેશી રોકાણકારોની ચિંતા માત્ર રૂપિયા સુધી સીમિત નથી, પરંતુ બજારનું વેલ્યુએશન પણ મોટો મુદ્દો છે. 2020 પછી ભારતનું વેલ્યુએશન અન્ય ઉભરતા બજારોની સરખામણીમાં સતત ઊંચું રહ્યું છે. ડિસેમ્બર 2023થી સપ્ટેમ્બર 2026 વચ્ચે ભારતનું એવરેજ રિલેટિવ વેલ્યુએશન 162 ટકા રહ્યું હતું અને આ જ સમયગાળામાં ભારે FII આઉટફ્લો જોવા મળ્યો છે એટલે કે આ સમયગાળામાં બજાર મોંઘું લાગ્યું, ત્યારે વિદેશીઓએ નાણાં પાછા ખેંચી લીધા.છેલ્લા 10 વર્ષમાં FIIનું નેટ ઈન્વેસ્ટમેન્ટ માત્ર 4 અરબ ડોલર રહ્યું છે, જ્યારે તેની સામે ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (DII) અંદાજે 300 અરબ ડોલરનું રોકાણ કરી ચૂક્યા છે. આગામી 12 મહિનામાં FII ઈન્ફ્લો ફ્લેટ કે સામાન્ય રહેવાની અપેક્ષા છે. જોકે, લાંબા ગાળા માટે વિદેશી મૂડીને આકર્ષવા માટે સેમિકન્ડક્ટર, બેટરી, સ્પેસ, ડિફેન્સ અને ડીપ-ટેક જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરની મોટી કંપનીઓ ઊભી કરવાની જરૂર છે.

### ભારતમાં Animeનો જબરદસ્ત ક્રેઝ!

## ટીવી બાદ હવે ભારતમાં પણ સિનેમાઘરોમાં ધૂમ મચાવશે ડોરેમોન અને શિનચેન



(એજન્સી) નવી દિલ્હી | તા.29

ભારતમાં જાપાની એનાઈમનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે. ડોરેમોન અને શિનચાન હવે ટીવી ઉપરાંત સિનેમાઘરોમાં પણ પહોંચશે, જ્યારે મર્ચેન્ડાઈઝિંગનું માર્કેટ પણ વિસ્તરી રહ્યું છે. બાળપણમાં ટીવી પર 'ડોરેમોન' કે 'શિનચાન' જોઈને મોટા થયેલા ભારતીયો માટે એક રોમાંચક સમાચાર સામે આવ્યા છે. ભારતમાં જાપાની એનાઈમ બજાર અત્યંત ઝડપથી વિસ્તરી રહ્યું છે. હવે જાપાની કંપનીઓ માત્ર ટીવી શો પૂરતી મર્યાદિત ન રહેતા ફિલ્મો, લાઈસન્સિંગ અને મર્ચેન્ડાઈઝિંગ દ્વારા ભારતીય બજારમાંથી મોટો નફો કમાવવાની રણનીતિ પર કામ કરી રહી છે.છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં જાપાની સામગ્રીનો ક્રેઝ બાળકોથી આગળ વધીને કિશોરો અને પુખ્ત વયના લોકોમાં પણ ભારે લોકપ્રિય બન્યો છે. આ વધતી લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને, મુખ્ય જાપાની કન્ટેન્ટ કંપનીઓએ તેમની બિઝનેસ સ્ટ્રેટેજી બદલી છે. અગાઉ આ કંપનીઓ માત્ર તૈયાર એનિમેશન પ્રોગ્રામ્સ ભારત મોકલતી હતી, પરંતુ હવે તેઓ પોતાના પ્રખ્યાત પાત્રોને ફિલ્મો અને પ્રોડક્ટ્સ દ્વારા ઘર-ઘર સુધી પહોંચાડવા માંગે છે. આનો અર્થ એ થયો કે હવે ડોરેમોન અને શિનચાન જેવા પાત્રો માત્ર ટીવી સ્ક્રીન પર જ નહીં, પરંતુ સિનેમાઘરોના પડદા પર અને તમારા કપડાં તેમજ સ્ટેશનરી પર પણ જોવા મળશે.જાપાની મીડિયા નેટવર્ક 'ટીવી અસાહી' માટે ભારત સૌથી મહત્વપૂર્ણ બજારોમાંનું એક છે. આ કંપની ડોરેમોન, શિનચાન અને નીન્જા હાટ્ટોરી જેવા લોકપ્રિય શોના રાઈટ્સ ધરાવે છે. 'ટીવી અસાહી'ના વડા મૈકો સુમિદાના જણાવ્યા અનુસાર, ડોરેમોનને ભારતમાં 20 વર્ષ પૂરા થયા છે અને હવે કંપની તેને થિયેટરોમાં લાવવાની ખાસ યોજના બનાવી રહી છે. તાજેતરમાં પીવીઆર આઈનોક્સ પિક્ચર્સે ભારતમાં શિનચાનની ફિલ્મ રજૂ કરી હતી. હવે ટૂંક સમયમાં જ હિન્દી, તમિલ અને તેલુગુ ભાષામાં નવી ડોરેમોન ફિલ્મ "ન્યૂ નોબિતા એન્ડ ધ કેસલ ઓફ ધ અંડરસી ડેવિલ" સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

ડોરેમોન ફિલ્મોનું નિર્માણ કરનાર સ્ટુડિયો 'શિન-એઈ એનિમેશન' માટે પણ ભારત મુખ્ય બજાર છે. આ સ્ટુડિયો અત્યાર સુધીમાં 45 ડોરેમોન ફિલ્મો બનાવી ચૂક્યો છે અને તે પોતાની વધુમાં વધુ ફિલ્મો ભારતમાં રિલીઝ કરવા માટે ઉત્સુક છે.એનાઈમ ડેટા અનુસાર, જાપાન અને ચીન પછી ભારત હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટું એનાઈમ જોનારું બજાર બની ગયું છે. ભારતમાં એનાઈમની પહોંચ 41 ટકા સુધી પહોંચી ગઈ છે, અને લગભગ 79 ટકા ભારતીય દર્શકોએ એનાઈમ-સંબંધિત પ્રોડક્ટ્સ પર પૈસા ખર્ચ્યા છે. ગત વર્ષે ભારતમાં રિલીઝ થયેલી 'ડેમન સ્લેયર' ફિલ્મે શાનદાર કમાણી કરી હતી. જિયો હોટસ્ટાર, નેટફ્લિક્સ, પ્રાઈમ વિડિયો અને ક્રંચાયરોલ જેવા OTT પ્લેટફોર્મ્સ પર પણ એનાઈમ કન્ટેન્ટની માંગ ખૂબ વધી ગઈ છે. આગામી સમયમાં જાપાની કંપનીઓ આ અબજો ડૉલરના માર્કેટમાં મર્ચેન્ડાઈઝિંગ દ્વારા પોતાનો પગદંડો વધુ મજબૂત કરવા જઈ રહી છે.

## યુટીઆઈ લાર્જ કેપ ફંડની શરૂઆતમાં રોકેલા રૂ. 10 લાખ વધીને 31 ઓગસ્ટ, 2026ના રોજ રૂ. 25.52 કરોડ થઈ ગયા છે

યુટીઆઈ લાર્જ કેપ ફંડ એ ભારતનું સૌપ્રથમ ઈક્વિટી-આધારિત ફંડ (ઓક્ટોબર 1986માં લોંચ થયેલું) છે અને 38 કરતા વધુ વર્ષોથી સંપત્તિ સર્જનનો ટ્રેક રેકોર્ડ ધરાવે છેયુટીઆઈ લાર્જ કેપ ફંડ એ ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે, જે તેમના સંબંધિત ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક લાભ ધરાવતી લાર્જ કેપ કંપનીઓમાં રોકાણ કરવાનો ઉદ્દેશ ધરાવે છે. તે સ્ટોક પસંદગી માટે બ્લેન્ડ ફોર સ્ટોક પિકિંગ સ્ટાઈલને અનુસરે છે. આનો અર્થ એ થયો કે તે એક એવો અભિગમ છે, જે ગ્રોથ અને વેલ્યુ સ્ટોક બંન્નેને જોડે છે, જેથી સંતુલિત, ઓલ-વેધર ઈક્વિટી પોર્ટફોલિયો બનાવવામાં આવે.ફંડનું લક્ષ્ય નિયંત્રિત ઋણ, આવકમાં સતત વૃદ્ધિ, નફાકારકતા ઉપર ધ્યાન, મૂડી ખર્ચ કરતાં મૂડી પર ઊંચા વળતર અને એકધારી ઓપરેટિંગ કેશ ફ્લો જનરેશન સાથે ફંડામેન્ટલી મજબૂત હોય તેવી કંપનીમાં રોકાણ કરવાનો છે. આવી કંપનીઓ ભવિષ્યમાં વિસ્તરણ માટે અને હાલના શેર વેચવાનું ટાળીને ફ્રી કેશ ફ્લો જનરેટ કરી શકે છે.આ બ્લેન્ડ અભિગમથી યુટીઆઈ લાર્જ કેપ ફંડ નીચે મૂજબની સંભાવનાઓ ધરાવતી કંપનીઓમાં રોકાણ કરે છે,

1.લાંબાગાળે વૃદ્ધિને ટકાવી શકવાની ક્ષમતા ધરાવતી અથવા પ્રાઈઝિંગ પાવરના લાભભ ધરાવતી કંપનીઓને માર્કેટ ઓછી આંકતુ હોય 2. સાનુકૂળ ડિમાન્ડ સાઈકલ, કન્સોલિડેશન, નિયમનકારી અડચણો દૂર થવા જેવા ઉદ્યોગમાં પ્રવર્તતા પરિબળો કે કંપની સંબંધિત પરિબળો જેમ કે ખર્ચ સ્પર્ધાત્મકતા અને યોગ્ય ક્ષમતા વિસ્તરણ દ્વારા વિકાસની સંભાવનાઓ વધી રહી હોય 3.બિઝનેસ કેપિટલ સેન્સિટિવ હોય પરંતુ કંપનીઓ યોગ્ય રીતે રોકાણ અને અસરકારક રીતે અમલ કરતી હોય 4.રોકેલી મૂડી પર ઊંચા વળતરે (RoCE) કેશ ફ્લોનું ફરીથી રોકાણ કરવાની તકો ધરાવતી કંપનીઓમાં 5.ક્ટરમાં રિલેટિવ વેલ્યુએશન આકર્ષક હોયઆનાથી રોકાણકારોને ગુણવત્તા ધરાવતી કંપનીઓનો પોર્ટફોલિયો રાખીને લાંબા ગાળે સંપત્તિ સર્જનની તક મળે છે.યુટીઆઈ લાર્જ કેપ ફંડે રૂ. 4,500 કરોડ જેટલું કુલ ડિવિડન્ડ આપ્યું છે.

## સેન્સેક્સ તેના સપ્ટેમ્બર ૨૦૨૪ના સર્વોચ્ચ સ્તરથી આશરે ૧૪% નીચે

અમદાવાદ : અમદાવાદમાં શેરબજાર છેલ્લા બે વર્ષથી 85,836 પોઈન્ટની સર્વોચ્ચ સપાટીથી 14% નીચે છે. વૈશ્વિક અનિશ્ચિતતા, FPIની વેચવાલી અને નબળા પરિણામોને કારણે સેન્સેક્સ દબાણમાં છે. IT, FMCG, રિયલ્ટી અને ઓઈલ-ગેસ શેરોમાં મોટો ઘટાડો થયો, જ્યારે મેટલ્સ, PSU બેંકો અને ફાર્માએ બજારની નબળાઈ વચ્ચે પણ સારો દેખાવ કર્યો છે.અમદાવાદ : ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બીએસઈ સેન્સેક્સ ૮૫,૮૩૬ પોઈન્ટની સર્વકાલીન ઊંચી સપાટીએ બંધ રહ્યો હતો. બે વર્ષ પછી પણ આ બેન્ચમાર્ક ઈન્ડેક્સ તે સ્તર કરતાં આશરે ૧૪% નીચે ટ્રેડ કરી રહ્યો છે, જે છેલ્લા એક દાયકામાં નવી ઊંચી સપાટી હાંસલ કરવા માટેની સૌથી લાંબી પ્રતીક્ષા દર્શાવે છે.વૈશ્વિક અનિશ્ચિતતા, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચવાલી અને કંપનીઓના નબળા ત્રિમાસિક પરિણામો જેવા સંયુક્ત કારણોસર ઈન્ડેક્સ દબાણ હેઠળ રહ્યો છે. આ બે વર્ષના સમયગાળા દરમિયાન જાન્યુઆરી અને માર્ચ ૨૦૨૬ સહિત કેટલીક વાર રિકવરી જોવા મળી હતી, પરંતુ માર્કેટ આ ઉછાળાને ટકાવી રાખવામાં અસમર્થ રહ્યું હતું.ખાસ કરીને આઈટી, એફએમસીજી, રિયલ્ટી અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં તીવ્ર કરેક્શન જોવા મળ્યું છે. તેનાથી વિપરીત, મેટલ્સ, પીએસયુ બેન્કો અને ફાર્માસ્યુટિકલ શેરોએ બજારની સામાન્ય નબળાઈ સામે મજબૂતી દર્શાવી છે અને વધુ અસ્થિરતા વચ્ચે પણ નોંધપાત્ર વળતર આપ્યું છે.અસ્થિરતા અને ચોક્કસ મર્યાદિત ગાળામાં ટ્રેડિંગનો આ લાંબો સમયગાળો હજુ ચાલુ રહી શકે છે.




## ભારતીય કોર્પોરેટ જગતે 'ઝોમ્બી' કંપનીઓમાંથી મુક્તિ મેળવી

અમદાવાદ: ભારતના કોર્પોરેટ ક્ષેત્રમાં ઝોમ્બી (દેવાદાર) કંપનીઓનો હિસ્સો વર્ષ 2017ના 8.1% થી ઘટીને 2025માં 5.5% થયો છે. ડન એન્ડ બ્રેડસ્ટ્રીટના રિપોર્ટ મુજબ, કંપનીઓ હવે દેવું ચૂકવવા સક્ષમ છે. 6,000 લિસ્ટેડ કંપનીઓના અભ્યાસમાં જણાયું કે 20.4% કંપનીઓ એકવાર ઝોમ્બી બની હતી. 55% ઝોમ્બી કંપનીઓમાં સુધારાના સંકેત મળ્યા છે. ભારતના કોર્પોરેટ ક્ષેત્રમાં ઝોમ્બી (નબળી/દેવામાં ડૂબેલી) કંપનીઓનો હિસ્સો વર્ષ ૨૦૧૭ના ૮.૧ ટકાથી ઘટીને વર્ષ ૨૦૨૫માં ૫.૫ ટકા થયો છે. આ દર્શાવે છે કે કંપનીઓ હવે પોતાના દેવાની ચુકવણી વધુ સારી રીતે કરી શકે તેવી સ્થિતિમાં છે તેમ ડન એન્ડ બ્રેડસ્ટ્રીટના તાજેતરના અહેવાલમાં જણાવાયું હતું.આ અભ્યાસમાં વર્ષ ૨૦૧૫થી ૨૦૨૫ દરમિયાન અંદાજે ૬,૦૦૦ લિસ્ટેડ કંપનીઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જો કોઈ કંપનીનો ઈન્ટરેસ્ટ કવરેજ રેશિયો સતત ત્રણ વર્ષ સુધી ૧ કરતાં ઓછો રહે, તો તેને 'ઝોમ્બી' ગણવામાં આવી હતી, અને જો આ રેશિયો કોઈપણ એક વર્ષમાં ૧થી નીચે જાય, તો તેને 'સ્ટ્રેસ્ડ' (દબાણ હેઠળની) ગણવામાં આવી હતી. ઈન્ટરેસ્ટ કવરેજ રેશિયાની ગણતરી વ્યાજ અને કર પહેલાંના નફાને વ્યાજના ખર્ચ વડે ભાગીને કરવામાં આવે છે.આ સમયગાળા દરમિયાન તણાવગ્રસ્ત અને ઝોમ્બી કંપનીઓનો સંયુક્ત હિસ્સો ૨૩.૫ ટકાની ટોચે પહોંચ્યા બાદ ઘટીને ૨૦૨૫માં ૧૪.૨ ટકા થયો હતો. જે કંપનીઓનું મૂલ્યાંકન શક્ય બન્યું હતું તેમાંથી લગભગ ૨૦.૪ ટકા કંપનીઓ આ દાયકામાં ઓછામાં ઓછી એક વાર ઝોમ્બી કેટેગરીમાં આવી ચૂકી હતી.જે ૭૬૪ ઝોમ્બી કંપનીઓની ૨૦૨૫ની સ્થિતિ જાણી શકાઈ હતી, તેમાંથી લગભગ ૫૫ ટકા કંપનીઓમાં સુધારાના સંકેતો જોવા મળ્યા હતા. અહેવાલ મુજબ ૩૮.૯ ટકા કંપનીઓ સંપૂર્ણપણે સંકટમાંથી બહાર આવી ગઈ (રિકવર થઈ) હતી, ૧૬ ટકા કંપનીઓમાં કામચલાઉ સુધારો થયો હતો.




## ગુજરાતમાં 2.8 લાખથી વધુ વેચાણકર્તાઓ અને 85,000થી વધુ સ્થાનિક દુકાનો Amazon.in સાથે તહેવારોની માંગ માટે તૈયાર

અમદાવાદ: તહેવારોની મોસમ નજીક આવતાં જ એમેઝોન ઈન્ડિયાએ આજે જાહેરાત કરી કે તેનો વિક્રેતા આધાર 20 લાખના સીમાચિહનને પાર કરી ગયો છે. બજારમાં 3 લાખથી વધુ નવા વિક્રેતાઓ જોડાતાં આ વિક્રેતાઓની સંખ્યામાં વાર્ષિક ધોરણે (YoY) સૌથી મજબૂત વૃદ્ધિ દર્શાવે છે. વધતો જતો વિક્રેતા સમુદાય દરેક તબક્કે વ્યવસાયોને આવરી લે છે, જેમાં ટાયર-3 શહેરોમાં પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિકોથી લઈને હજારો સ્ટોક કીપિંગ યુનિટ્સ (SKU)નું સંચાલન કરતી સ્થાપિત બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. વિક્રેતાઓ તહેવારોની મોસમની તૈયારી કરી રહ્યા છે તેમ એમેઝોન Amazon.in પર વેચાણને સરળ અને વધુ સુલભ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જેમાં વિક્રેતાઓને તેમનાં ઉત્પાદનોની જાહેરાત કરવામાં, તેમના વ્યવસાયોનું સંચાલન કરવામાં અને ગ્રાહકોને અસરકારક રીતે સેવા આપવામાં મદદ કરવા માટે રચાયેલાં સાધનો, ટેકનોલોજી અને માળખાગત સુવિધાનો સમાવેશ થાય છે.

એમેઝોનના વિક્રેતા આધારના વિસ્તરણને ઓછી વેચાણ ફી, AI- સંચાલિત સાધનો દ્વારા સરળ વેચાણ, સર્જનાત્મક જાહેરાત અને તેના પરિપૂર્ણતા અને ડિલિવરી નેટવર્કમાં સતત રોકાણો દ્વારા સમર્થન આપવામાં આવે છે. આ વર્ષની શરૂઆતમાં એમેઝોનના ફી સુધારણામાં 12.5 કરોડથી વધુ ઉત્પાદનો પર શૂન્ય રેફરલ ફી રજૂ કરવામાં આવી હતી, જેનાથી દેશભરના ઉદ્યોગ સાહસિકો માટે વેચાણનો ખર્ચ ઓછો થયો હતો. સાથે એમેઝોન AI-સંચાલિત ક્ષમતાઓ અને વિવિધ સાધનોને વિક્રેતાઓ માટે વધુ ને વધુ સુલભ બનાવવાનું ચાલુ રાખે છે. તેમને સૂચિઓ બનાવવા અને ઑપ્ટિમાઈઝ કરવા, ઉત્પાદન તકો ઓળખવા, જાહેરાત સર્જનાત્મકતા ઉત્પન્ન કરવા, ઈન્વેન્ટરીનું આયોજન કરવા અને ડેટા- આધારિત નિર્ણયો લેવા જેવાં કાર્યોમાં મદદ કરે છે.

## અમેરિકામાં સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ સ્થાપશે ભારતીય કંપની! ટ્રમ્પે ટેરિફના નામે પોતાની જ પીઠ થાબડી

(એજન્સી) નવી દિલ્હી | તા.29

ભારતના એસ્સાર ગ્રૂપ અમેરિકાના આયોવામાં $18 બિલિયનનું જંગી રોકાણ કરશે. આયોવામાં અમેરિકાના ઈતિહાસનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ બનશે. વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી કે આ પ્રોજેક્ટથી 1,750 કાયમી નોકરીઓ અને 6,000 બાંધકામ સંબંધિત નોકરીઓનું સર્જન થશે. આ પ્લાન્ટ 2030 સુધીમાં વાર્ષિક 10 મિલિયન ટન સ્ટીલ ઉત્પાદન કરશે. ભારતનું એસ્સાર ગ્રૂપ અમેરિકામાં કુલ $18 બિલિયનનું જંગી રોકાણ કરવા જઈ રહ્યું છે. વ્હાઈટ હાઉસમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ રોકાણ માત્ર અમેરિકાના સ્ટીલ ઉદ્યોગનું ચિત્ર જ નહીં બદલે, પરંતુ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતીય બિઝનેસ હાઉસનું વર્ચસ્વ પણ સાબિત કરશે. આયોવામાં આકાર પામશે યુએસ ઈતિહાસનો સૌથી વિશાળ સ્ટીલ પ્લાન્ટઆ વિશાળ પ્રોજેક્ટ અંતર્ગત એસ્સાર ગ્રૂપ પોતાની માલિકીની યુએસ સ્થિત કંપની 'મેસાબી મેટાલિક્સ' મારફતે આયોવા (Iowa) રાજ્યમાં $15 બિલિયનના ખર્ચે એક અદ્યતન સ્ટીલ પ્લાન્ટનું નિર્માણ કરશે.આ પ્રોજેક્ટ અમેરિકાના ઈતિહાસના સૌથી મોટા સ્ટીલ સંકુલ પૈકીનો એક બનવા જઈ રહ્યો છે.આ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા તબક્કાવાર રીતે વાર્ષિક 10 મિલિયન ટન (1 કરોડ ટન) સુધી પહોંચાડવામાં આવશે.પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં વાર્ષિક 7.5 મિલિયન ટન સ્ટીલ ઉત્પાદનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પ્લાન્ટમાંથી પ્રથમ વ્યાપારી સ્ટીલ ઉત્પાદન વર્ષ 2030 સુધીમાં શરૂ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.ભારતીય જૂથે માત્ર સ્ટીલ ઉત્પાદન પૂરતું સીમિત ન રહેતાં અમેરિકાની ધરતી પર સંપૂર્ણ ઈન્ટિગ્રેટેડ સ્ટીલ સપ્લાય ચેઈન તૈયાર કરવાનો માસ્ટરપ્લાન બનાવ્યો છે. એસ્સાર ગ્રૂપે મિનેસોટાના નાશવાક સ્થિત મેસાબી મેટાલિક્સના આયર્ન ઓર પ્રોજેક્ટમાં પહેલેથી જ $2.5 બિલિયનથી વધુ રકમનું રોકાણ કરી દીધું છે.એસ્સારના જણાવ્યા અનુસાર, મિનેસોટા ખાતે શરૂ થયેલી આ કામગીરી છેલ્લા લગભગ 50 વર્ષોમાં યુએસમાં શરૂ થનારી પ્રથમ નવી આયર્ન ઓર ખાણ અને પેલેટ પ્લાન્ટ છે. 16,000 એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી આ સુવિધા જ્યારે પૂર્ણ ક્ષમતાએ કાર્યરત થશે, ત્યારે તે દર વર્ષે 7 મિલિયન ટન સુધીના ડાયરેક્ટ રિડક્શન ગ્રેડના આયર્ન ઓર પેલેટ્સનું ઉત્પાદન કરશે. મિનેસોટાની ખાણોમાંથી નીકળતો આ કાચો માલ આયોવાના પ્લાન્ટમાં સ્ટીલ બનાવવા માટે ઉપયોગમાં લેવાશે.રોજગારીનું મોટું સર્જન અને અર્થતંત્ર પર $95 બિલિયનનો પ્રભાવ વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડા અનુસાર:આ પ્લાન્ટ ઓછામાં ઓછી 1,750 કાયમી પૂર્ણકાલીન નોકરીઓ ઊભી કરશે. પ્લાન્ટના પ્રથમ તબક્કાના બાંધકામ દરમિયાન અંદાજે 6,000 જેટલી કન્સ્ટ્રક્શન જોબ્સનું સર્જન થશે.મિનેસોટા ફેસિલિટીમાં હાલમાં 200 થી વધુ લોકો કાર્યરત છે, જે પૂર્ણ ક્ષમતાએ પહોંચતા વધુ 350 લોકોને રોજગારી પૂરી પાડશે.વ્હાઈટ હાઉસનો અંદાજ છે કે બાંધકામ અને કામગીરીના પ્રથમ 10 વર્ષ દરમિયાન આ પ્રોજેક્ટ આર્થિક ગતિવિધિઓ દ્વારા લગભગ $95 બિલિયનનો જંગી આર્થિક પ્રભાવ પેદા કરશે.



## ટાટા કેમિકલ્સ મીઠાપુરે 'સુરક્ષા ગુરુકુલ' સેફ્ટી ટ્રેનિંગ સેન્ટરનો આરંભ કર્યો

મીઠાપુર : ટાટા કેમિકલ્સ મીઠાપુરે પોતાના કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરો, મુલાકાતીઓ અને ડ્રાઈવરો માટે સેફ્ટી ટ્રેનિંગ સેન્ટર 'સુરક્ષા ગુરુકુલ' શરૂ કર્યું છે. ટાટા કેમિકલ્સ મીઠાપુરના સાઈટ અને મેન્યુફેક્ચરિંગ હેડ વિક્રાંત દેવરસ દ્વારા વરિષ્ઠ નેતૃત્વ, વિભાગના વડાઓ અને કર્મચારીઓની હાજરીમાં આ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.બે વર્ષમાં તૈયાર કરવામાં આવેલું, આ કેન્દ્ર ટાટા કેમિકલ્સના ગોલ્ડન સેફ્ટી રૂલ્સ, ડિજિટલ લર્નિંગ, સિમ્યુલેશન-આધારિત તાલીમ, પ્રેક્ટિકલ પ્રદર્શનો અને યોગ્યતાના મૂલ્યાંકનને એકસાથે લાવે છે.આ સેન્ટરની એક મુખ્ય વિશેષતા તેનું વ્હીકલ ડ્રાઈવિંગ સિમ્યુલેટર છે, જે ડ્રાઈવરોને કામગીરીના વિસ્તારોમાં પ્રવેશતા પહેલાં વિવિધ ડ્રાઈવિંગ દૃશ્યોનો અભ્યાસ કરવાની સવલત પૂરી પાડે છે. આ તાલીમ ડ્રાઈવરની યોગ્યતા, જોખમની ધારણા અને રક્ષણાત્મક ડ્રાઈવિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સેન્ટર ઊંચાઈ પર કામ કરવા, અગ્નિ સામે સલામતી અને કટોકટીની તૈયારી જેવા ક્ષેત્રોમાં VR-આધારિત મોડ્યુલ પણ પ્રદાન કરે છે. ટાટા કેમિકલ્સ મીઠાપુર ખાતે પ્લાન્ટના સ્થળ અને કામગીરીને લગતી પ્રવૃત્તિઓને પણ ડિજિટલ રીતે રિક્રિએટ કરવામાં આવી છે, જેથી સાઈટ-વિશિષ્ટ શિક્ષણ પૂરું પાડી શકાય.સુરક્ષા ગુરુકુળમાં સલામતી ઉપકરણોના મોડેલ, પ્રદર્શનો, શિખવા માટેના પ્રદર્શનો અને શ્રેષ્ઠ પ્રથાઓ સાથેની સેફ્ટી એક્ઝીબિશન ગેલેરીનો સમાવેશ થાય છે. તાલીમની આ સફરમાં વર્ગખંડ અને ડિજિટલ શિક્ષણ, પ્રેક્ટિકલ સેશન્સ, સિમ્યુલેટર અને VRથી તાલીમ, મૂલ્યાંકન અને સર્ટિફિકેશનનો સમાવેશ થાય છે. ટાટા કેમિકલ્સ મીઠાપુરના સાઈટ અને મેન્યુફેક્ચરિંગ હેડ, વિક્રાંત દેવરસે આ પ્રસંગે જણાવ્યું હતું કે: "ટાટા કેમિકલ્સમાં અમારી કાર્યપદ્ધતિમાં સુરક્ષા એક મુખ્ય ભાગ છે. સુરક્ષા ગુરુકુળ અમારા કર્મચારીઓ અને ભાગીદારોમાં સુરક્ષા અંગેની ક્ષમતાને મજબૂત કરવા માટે ટેકનોલોજી, વ્યવહારુ તાલીમ અને સાઈટ-વિશિષ્ટ શિક્ષણનું સમન્વય સાધે છે. અમે 'ઝીરો હાર્મ' તરફની અમારી સફરને આગળ વધારી રહ્યા છીએ ત્યારે, આ કેન્દ્ર મીઠાપુર સાઈટ પર વધુ મજબૂત અને સક્રિય સુરક્ષા વ્યવસ્થાને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ બનશે." આ કેન્દ્રનો વિકાસ મીઠાપુર ખાતેની સેફ્ટી, સિવિલ, ઈલેક્ટ્રિકલ અને પ્લાન્ટ ટીમોના સહયોગથી કરવામાં આવ્યો હતો.

### ૭૧૫ મેગા પ્રોજેક્ટ્સનો સમાવેશ

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના ખર્ચમાં રૂ. ૨.૮૮ લાખ કરોડનો વધારો

અમદાવાદ : ઓગસ્ટ ૨૦૨૬ના માસિક સરકારી અહેવાલ અનુસાર, રૂ. ૧૫૦ કરોડથી વાધુના ખર્ચ ાધરાવતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં આશરે રૂ. ૨,૮૮,૧૨૨ કરોડનો કુલ ખર્ચ વધારો (કોસ્ટ ઓવરરન) નોંધાયો છે. ૧૭ કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો હેઠળ ચાલી રહેલા કુલ ૧,૭૩૧ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં જાણવા મળ્યું હતું કે આ પ્રોજેક્ટ્સનો કુલ સુાધારેલો ખર્ચ રૂ. ૩૩,૬૦,૦૬૯ કરોડ થયો છે, જ્યારે તેનો મૂળ અંદાજિત ખર્ચ રૂ. ૩૦,૭૧,૯૪૭ કરોડ હતો.જોકે, અહેવાલમાં એવા પ્રોજેક્ટ્સની ચોક્કસ સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી જેમાં ખર્ચમાં વાૃધારો થયો હોય. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના નિવેદન અનુસાર, આ પ્રોજેક્ટ્સ પર થયેલો સંચિત ખર્ચ રૂ. ૧૬.૩૩ લાખ કરોડ છે, જે સુધારેલા પ્રોજેક્ટ ખર્ચના લગભગ ૪૮.૫૯ ટકા હિસ્સો ધરાવે છે. આ પ્રોજેક્ટના અમલીકરણમાં સ્થિર પ્રગતિ સૂચવે છે. નોંધપાત્ર સંખ્યામાં પ્રોજેક્ટ્સ અદ્યતન તબક્કામાં છે; ૬૪૭ પ્રોજેક્ટ્સ (૩૮ ટકા) એ ૮૦ ટકાથી વાૃધુ ભૌતિક પ્રગતિ હાંસલ કરી છે, જ્યારે ૩૧૨ પ્રોજેક્ટ્સ (૧૮ ટકા) એ ૮૦ ટકા નાણાકીય પૂર્ણતાનો આંકડો વટાવ્યો છે. આ ડેટા અમલીકરણના પ્રારંભિક અને અદ્યતન તબક્કાઓમાં વહેંચાયેલા પ્રોજેક્ટ્સ સાથે સંતુલિત સ્થિતિ પણ દર્શાવે છે. પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર સૌથી વધુ ચાલુ પ્રોજેક્ટ્સ (૧,૧૯૧ પ્રોજેક્ટ્સ) ધરાવે છે, જેમાં સુધારેલા અંદાજો રૂ. ૧૬.૦૫ લાખ કરોડ છે. આ કનેક્ટિવિટી-આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને આપવામાં આવતી પ્રાથમિકતાને રેખાંકિત કરે છે.




### પસંદ થયેલા ઉમેદવારોને ₹16,650નું માસિક સ્ટાઈપેન્ડ મળશે

## કેનેરા બેંકમાં એપ્રેન્ટિસની 3500 પોસ્ટ માટે વેકેન્સી, ગ્રેજ્યુએટ્સ યુવાઓ માટે સારી તક

અમદાવાદ :કેનેરા બેંકમાં 3500 એપ્રેન્ટિસ પોસ્ટ માટે ભરતી બહાર પડી છે. 1 ઓક્ટોબર 2026થી 17 ઓક્ટોબર 2026 સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે. ગ્રેજ્યુએટ ઉમેદવારો અરજી કરવા પાત્ર છે. પસંદગી મેરિટ લિસ્ટ અને સ્થાનિક ભાષાની પરીક્ષાના આધારે થશે. પસંદ થયેલા ઉમેદવારોને 16,650નું માસિક સ્ટાઈપેન્ડ મળશે.બેંકમાં નોકરીનું સ્વપ્ન જોઈ રહેલા યુવાનો માટે ખુશખબર છે. વાસ્તવમાં, કેનેરા બેંકમાં એપ્રેન્ટિસની 3500 પોસ્ટ માટે વેકેન્સી બહાર પાડવામાં આવી છે. આ ભરતી માટે બેંકે નોટિફિકેશન બહાર પાડ્યું છે. નોટિફિકેશન પ્રમાણે આ ભરતી પ્રક્રિયાની શરૂઆત 1 ઓક્ટોબરથી થઈ જશે. હા, આ તારીખથી અરજીઓ શરૂ થઈ જશે. આ ભરતી માટે ઈચ્છુક અને પાત્ર ઉમેદવારો ઓનલાઈન માધ્યમથી અરજી કરી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ 17 ઓક્ટોબર નક્કી કરવામાં આવી છે. આવી સ્થિતિમાં ઉમેદવારો સમયમર્યાદાની અંદર અરજી કરી શકે છે.તમને જણાવી દઈએ કે આ ભરતી અભિયાન હેઠળ પસંદગી પામેલા ઉમેદવારોને 12 મહિનાની ટ્રેનિંગ આપવામાં આવશે. ટ્રેનિંગ દરમિયાન ઉમેદવારોને દર મહિને 16,650નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.આ ભરતી માટે 20 થી 28 વર્ષની વય ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે છે. વયની ગણતરી 1 સપ્ટેમ્બર 2026ના આધારે કરવામાં આવશે. અનામત વર્ગના ઉમેદવારોને નિર્ધારિત નિયમો પ્રમાણે મહત્તમ વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે. ઉમેદવાર પાસે કોઈપણ વિષયમાં ગ્રેજ્યુએશનની ડિગ્રી હોવી જોઈએ.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા વદ-04

# દેશમાં હવામાનનો વિચિત્ર મિજાજ

સપ્ટેમ્બર મહિનો વિદાયના આરે ઊભો હોય અને ઓક્ટોબરની શરૂઆત થવાની તૈયારી હોય ત્યારે સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સમગ્ર દેશમાંથી ધીમે ધીમે પોતાના પગલાં પાછા ખેંચી લે છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટવા લાગે છે, આકાશ સ્વચ્છ વાદળી રંગ ધારણ કરે છે, ખેતરોમાં પાક લહેરાતો હોય છે અને સાંજ ઢળતાં જ હવામાં એક આછી ગુલાબી ઠંડકનો પગરવ સંભળાવા લાગે છે. પરંતુ આ વર્ષે કુદરતે પોતાની તમામ પરંપરા બદલી નાખી છે. સમગ્ર દેશમાં હવામાનનો એવો વિચિત્ર ખેલ જોવા મળી રહ્યો છે જેણે સામાન્ય માનવીથી માંડીને અનુભવી હવામાનશાસ્ત્રીઓને પણ આશ્ચર્યમાં મૂકી દીધા છે. એક તરફ ઉત્તર ભારતના વિશાળ મેદાનો અને પહાડી રાજ્યોમાં અચાનક જાણે શ્રાવણ મહિનો ફરી જીવંત થયો હોય તેમ મુશળધાર વરસાદ વરસી રહ્યો છે, તો બીજી તરફ પશ્ચિમ અને મધ્ય ભારતના ઘણા રાજ્યોમાં દુકાળની સ્થિતિ છે. તેમાંય મહારાષ્ટ્રની ધરતી પાણીના એક-એક ટીપાં માટે તરફડી રહી છે અને ભયંકર દુષ્કાળના મુખમાં ધકેલાઈ ચૂકી છે.

સામાન્ય રીતે જે ઋતુમાં ગરમી પછી ધીમે ધીમે વાતાવરણ સમશીતોષ્ણ બનવું જોઈએ, ત્યાં ઉત્તર ભારતના શહેરોમાં લોકોને અચાનક ધ્રૂજાવી દે તેવી ઠંડી અને ભીનાશનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે મહારાષ્ટ્રના વિદર્ભ અને મરાઠવાડાના ગામડાઓમાં હજુ પણ અંગારા વરસાવતો તાપ અને સૂકાભઠ્ઠ પવનો લોકોને અકળાવી રહ્યા છે. કુદરતનો આ મિજાજ માત્ર સામાન્ય મોસમી વધઘટ નથી, પણ ભારતની સમગ્ર આબોહવા પ્રણાલીમાં સર્જાયેલી કોઈ ઊંડી અને કાયમી ખલેલનો સ્પષ્ટ સંકેત આપી રહ્યો છે.

ઉત્તર ભારતમાં સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહમાં સર્જાયેલી આ અતિવૃષ્ટિની પાછળ રહેલા વિજ્ઞાનને સમજવા માટે વાતાવરણમાં એકસાથે સક્રિય થયેલી બે વિરાટ હવામાન પ્રણાલીઓને સમજવી અનિવાર્ય છે. ભારતીય હવામાન વિભાગના સત્તાવાર અહેવાલો મુજબ, આ વખતે બંગાળની ખાડીમાં અસામાન્ય રીતે એક અત્યંત શક્તિશાળી ડીપ ડિપ્રેશન સર્જાયું હતું. આ પ્રકારના દબાણ ચોમાસાની મધ્યમાં બનવા સામાન્ય છે, પરંતુ ચોમાસાની વિદાય વેળાએ આવું તીવ્ર ડિપ્રેશન બનવું ખૂબ જ દુર્લભ ગણાય છે. આ ઊંડું દબાણ બંગાળની ખાડીમાંથી દરિયાઈ ભેજ શોષીને ઓડિશા અને છત્તીસગઢના ભૂભાગ પરથી પસાર થતાં ઉત્તર-પૂર્વ મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ તરફ આગળ ધપ્યું હતું. આ ડિપ્રેશન વાદળોને સતત પાણી પૂરું પાડતું રહ્યું અને જમીન પર આગળ વધવા છતાં તેની તાકાત ઘટવાને બદલે સતત જળવાઈ રહી હતી.


બીજી તરફ, આ જ સમયગાળા દરમિયાન ભૂમધ્ય સમુદ્ર તરફથી ઉદ્ભવીને હિમાલય ક્ષેત્રમાં પ્રવેશતું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અત્યંત સક્રિય બન્યું હતું. સામાન્ય સંજોગોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ શિયાળા દરમિયાન ઉત્તર ભારતમાં હિમવર્ષા અને માવઠું લાવતા હોય છે. આ વખતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ વહેલું આવી ગયું છે અને તેની તિવ્રતા પણ વધારે છે. આ પશ્ચિમી વિક્ષોભના કારણે ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી અત્યંત ઠંડા, શુષ્ક અને તોફાની પવનો ભારતના મેદાની વિસ્તારો તરફ નીચે ઊતરવા લાગ્યા. આમ, એક તરફથી બંગાળની ખાડીમાંથી આવેલી ગરમ અને અત્યંત ભેજવાળી હવા અને બીજી તરફથી પહાડો પરથી ઉતરેલી બરફીલી ઠંડી હવા-આ બંને પ્રચંડ વિરોધાભાસી વાતાવરણીય પરિબળો ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, દિલ્હી અને રાજસ્થાનના આકાશમાં એકબીજા સાથે સામસામે ટકરાયા. ઉત્તરાખંડના પર્વતોમાં વાદળ ફાટવાની ઘટનાઓ બની, નદીઓમાં પ્રચંડ પૂર આવ્યા અને દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ, જયપુર જેવા શહેરોમાં માત્ર ગણતરીના કલાકોમાં આખી ઋતુ જેટલું પાણી વરસી ગયું. આ અણધારી આકાશી આફતના કારણે તાપમાનમાં આઠથી દસ ડિગ્રી સેલ્સિયસનો તીવ્ર ઘટાડો નોંધાયો અને લોકોને સપ્ટેમ્બરના અંતમાં ડિસેમ્બર જેવી ઠંડીનો અનુભવ થવા લાગ્યો.

ઉલ્લેખનીય છે કે, દેશના એક છેડે વરસી રહેલા આ ભારે વરસાદથી તદ્દન વિપરીત, દેશના પશ્ચિમ કિનારે આવેલા મહારાષ્ટ્રમાં આ જ ચોમાસાએ સર્જેલી વિનાશક ખામીનું વરવું દ્રશ્ય સામે આવ્યું છે. જ્યારે ઉત્તર ભારત પાણીમાં ડૂબી રહ્યું હતું, ત્યારે મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં સત્તાવાર રીતે દુષ્કાળની ભયાનક સ્થિતિની જાહેરાત કરવી પડી. રાજ્યના કુલ ૩૫૮ તાલુકાઓ પૈકીના ૨૬૫ જેટલા તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા, જે દર્શાવે છે કે રાજ્યનો લગભગ ૭૪ ટકા ભૌગોલિક વિસ્તાર પાણીની તીવ્ર કટોકટીમાં સપડાઈ ચૂક્યો છે. આ આંકડો મહારાષ્ટ્રના કરોડો નાગરિકો, ખાસ કરીને ગ્રામીણ પરિવારો અને ખેડૂતોના જીવન-મરણ સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે.

## મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને સેવા સંકલ્પ અભિયાન અને 'વારાણસી થી વડનગર યાત્રા' સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે આવેલ વીડિયો કોન્ફરન્સ હોલમાં જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં 'સેવા સંકલ્પ અભિયાન' તેમજ 'વારાણસી થી વડનગર યાત્રા'ના



આયોજન સંદર્ભે ઉપસ્થિત નોડલ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાતા કાર્યક્રમોની નિયમિત અને સમયસર ડેટા એન્ટ્રી સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગોને તાકીદ કરી હતી. આ ઉપરાંત, વારાણસી થી વડનગર યાત્રા જ્યારે મહીસાગર જિલ્લામાંથી પસાર થશે, ત્યારે રૂટ વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા તેમજ યાત્રાળુઓ માટેની સુવિધાઓ જળવાઈ રહે તે માટે ઉપસ્થિત તમામ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચારૂ વ્યવસ્થા ગોઠવવા સૂચનાઓ આપી હતી.આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી સી વી લટા, લુણાવાડા પ્રાંત અધિકારીશ્રી ઉમેશ શાહ સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જનજાતિ કલ્યાણ આશ્રમ દાહોદ જિલ્લા દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન

દિપક રાવલ દાહોદ લીમખેડા

જનજાતિ કલ્યાણ આશ્રમ દાહોદ જિલ્લા દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જનજાતિ કલ્યાણ આશ્રમ દાહોદ જિલ્લા દ્વારા તારીખ-27/9/2026 રવિવાર ના રોજ ઝાલોદ તાલુકાના રામપુરા ગામે મેડિકલ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ વિશેષ રીતે બાળરોગ, સ્ત્રી રોગ, ચામડીના



રોગ અને કોઈ જટિલ સર્જરીમાં માર્ગદર્શન આપી શકાય તે માટે હતો.જેમાં 152 દર્દીઓએ ને તપાસીને દવા આપવામાં આવી હતી.અને યોગ્ય સલાહ સુચન આપવામાં આવ્યું હતું.આ કેમ્પમાં સર્જન ડૉ પ્રજ્ઞેશભાઈ હઠીલા,ડૉ જે.વી. યાજ્ઞિક, ડૉ પિયુષ લબાના દ્વારા સેવા આપવામાં આવી હતી.આ કેમ્પનું સુંદર આયોજન સ્થાનિક કાર્યકર્તા સીતાબેન ડામોર દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં જિલ્લા મંત્રી શ્રી મેહુલભાઈ ચૌધરી,પ્રાંત શ્રધ્ધા જાગરણ પ્રમુખ શ્રી ધનાભાઈ ડામોર, જિલ્લા સંગઠન મંત્રી શ્રી રાજેશભાઈ મકવાણા હાજર રહ્યા હતા.

# ખાનપુરના બામરોડા ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'આંગણ મિલન સેવા કાર્યક્રમ' યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્ય સરકારના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બામરોડા આંગણવાડી કેન્દ્ર ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરની પ્રેરક ઉપસ્થિતિમાં 'આંગણ મિલન સેવા કાર્યક્રમ' ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે કલેક્ટરશ્રીએ આંગણવાડીના ભૂલકાંઓ સાથે અત્યંત સ્નેહપૂર્ણ સંવાદ સાધીને તેમને રોજિંદા જીવનમાં સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેવા માટે સરળ શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સુપોષિત સમાજના નિર્માણના સંકલ્પ સાથે કલેક્ટરશ્રીના હસ્તે બાળકોને પોષણ કીટ તેમજ સગર્ભા માતાઓને 'ટેક હોમ રાશન' (THR)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે સ્વસ્થ પ્રતિસ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે 'પોષણ ચેમ્પિયન' તરીકે પસંદગી પામેલા તેજસ્વી બાળકોને ચિત્રપોથી અને કલર કીટ અર્પણ કરી પ્રોત્સાહિત કરાયા હતા, જ્યારે ઉપસ્થિત તમામ બાળકોને પૌષ્ટિક સુખડી અને તાજાં ફળોનું વિતરણ કરાયું હતું.ક્ષેત્રિય સ્તરે ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર આંગણવાડી કાર્યકર, તેડાગર (હેલ્પર) તેમજ આશા વર્કર બહેનોની કામગીરીની સરાહના કરી તેમને પ્રશંસાપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના સમાપન પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પોષણ સંદેશ ઉપસ્થિત સર્વે લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવ્યો હતો અને તંદુરસ્ત જીવનશૈલી માટે દૈનિક આહારમાં પોષણયુક્ત ઘટકોના મહત્ત્વ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

# જૂનાગઢ જિલ્લામાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન નાટક મહોત્સવ (NSDF) ૨૦૨૬-૨૭' સ્પર્ધા યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત રાજ્યના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ જૂનાગઢ જિલ્લામાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન નાટક મહોત્સવ (NSDF) ૨૦૨૬-૨૭' ની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ આયોજન જિલ્લામાં આવેલા શ્રી બ્રહ્માનંદજી જિલ્લાલોક વિજ્ઞાન કેન્દ્ર (Community Science Centre - CSC) ના સક્રિય સંકલન અને સહયોગથી સંપન્ન થયું છે. ઉલ્લેખનીય છે કે, નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM), ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે GUJCOST દ્વારા દર વર્ષે આ રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. સમાજમાં સત્ય, તર્ક અને જ્ઞાન આધારિત વિચારસરણીને પ્રોત્સાહિત કરવા તથા પરંપરાગત વહેમો અને અંધશ્રદ્ધાઓમાંથી મુક્ત થઈ પ્રગતિશીલ વિચારધારા કેળવવાના શુભ આશય સાથે, નાટ્યકળા જેવા જીવંત અને લોકભોગ્ય માધ્યમ દ્વારા વૈજ્ઞાનિક જ્ઞાનનો પ્રચાર કરવાનો આ પ્રયાસ છે. આ વર્ષે મહોત્સવનો મુખ્ય વિષય 'વિજ્ઞાન અને સમાજ' નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેના અંતર્ગત વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI): મિત્ર, ઉપકરણ કે ખતરો?, ઈલેક્ટ્રિક વાહનો (EV): આગળનો માર્ગ, આંતરતારકીય આવાસ (Interstellar Habitats) તેમજ મહાસાગરોની પુનઃસ્થાપના જેવા વિષયો પર પોતાની મૌલિક અને પ્રેરણાદાયી નાટ્ય-કૃતિઓ રજૂ કરી હતી.આ વિજ્ઞાન નાટ્ય મહોત્સવ માં જિલ્લાની શાળાઓના ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.૧૩ શાળાઓની ૧૬ ટીમોએ મહત્તમ ૩૦ મિનિટ અને ૮ કલાકારોની મર્યાદામાં પોતાની કળાનું પ્રદર્શન કર્યું. લોક વિજ્ઞાન કેન્દ્ર (CSC) દ્વારા ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારની શાળાઓને સાંકળીને આ મહોત્સવનું સુચારુ સંચાલન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સંબોધન કરતાં ગુજકોસ્ટના ડિરેક્ટર જનરલશ્રી દિગ્વિજયસિંહ જાડેજા, IAS એ જણાવ્યું હતું કે રાજ્યના માનનીય વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના માર્ગદર્શન હેઠળ અને માનનીય સચિવશ્રી પી. ભારતી, IAS ના વડપણ હેઠળ ગુજકોસ્ટ (GUJCOST) અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ વિદ્યાર્થીઓ અને સામાન્ય જનમાનસમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા કટિબદ્ધ છે. આ નાટ્ય મહોત્સવ શ્રેણી દ્વારા સરળ શૈલીમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીને સમજાવવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે. આ કાર્યક્રમમાં શ્રી રણવીરસિંહ પરમાર ઇ.આઈ. Deo,કૂ. જલ્પાબેન ક્યાડા ઇ.આઈ.આશિષ મહિડા એ.ઇ. આઈ. સહિત કૂલ ૧૭૫ જેટલા મહાનુભાવો અને શાળા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા બનેલી ટીમ તારીખ ૧૪-૧૫ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતે યોજાનાર બે દિવસીય રાજ્ય કક્ષાના ગ્રાન્ડ ફિનાલેમાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે, જ્યાંથી રાજ્ય કક્ષાની વિજેતા ટીમ પશ્ચિમ ઝોનલ સ્પર્ધા (નેહરુ સાયન્સ સેન્ટર, મુંબઈ) અને ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા (સાયન્સ સિટી, કોલકાતા) માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. તમામ સહભાગી ટીમોને પ્રમાણપત્ર તેમજ વિજેતાઓને ટ્રોફી અને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.આ કાર્યક્રમ માટે પ્રતાપસિંહ ઓરા, શ્રધ્ધાબેન કચોટ, રીનાબેન મકવાણા, જીગરભાઈ રાદડિયા એ જહેમત ઉઠાવી હતી તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ખામધ્રોળ રોડ પર હર્ષદનગરમાં મકાનમાં લાગેલી આગ પર ત્વરિત કાબૂ મેળવતી મહાનગરપાલિકાની ફાયર શાખા

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢની ફાયર શાખાને આજ તા:૨૯/૦૯/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૩૯ કલાકે ખામધ્રોળ રોડ, હર્ષદ નગર ખાતે એક મકાનના બીજા માળે આગ લાગી હોવાનો ઈમરજન્સી કૉલ મળ્યો હતો. મકાન માલિક શ્રી યુસુફભાઈ દ્વારા કરાયેલા આ કૉલ મળતાની સાથે જ ફાયર શાખાની ટીમ સતર્ક બની હતી અને ઘટનાસ્થળે જવા રવાના થઈ હતી, ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરીનો પ્રારંભ કર્યો હતો. ફાયર શાખાના કુલ ૦૭ કર્મચારીઓના સ્ટાફે તાત્કાલિક કામગીરી હાથ ધરીને ૫૦૦ લિટર પાણીનો મારો ચલાવી મકાનના બીજા માળે લાગેલી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો અને આગને વધુ ફેલાતી અટકાવી હતી. આગને સમયસર કાબૂમાં લઈ લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## 'ફ્રેન્ડ્સ ઓફ કેટલ' યોજના અંતર્ગત દાતાશ્રીઓ દ્વારા ગૌશાળામાં ઘાસચારા પેટે રોકડમાં દાન અર્પણ કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા શહેરને સ્વચ્છ રાખવા તેમજ જાહેર માર્ગો ઉપર રખડતા-ભટકતા અને ટ્રાફિકને અડચણરૂપ થતા ગૌવંશની સમસ્યા નિવારવા પ્રયત્નશીલ છે તેમ જણાવાય છે પરંતુ હકીકતે પરીસ્થિતિ ઉલ્ટી હોવાનું લોક ચર્ચા થાય છે,મહાનગર પાલિકા દ્વારા શહેરના માર્ગો પરથી રખડતા ગૌવંશને પકડીને મનપા સંચાલિત ગૌશાળાઓમાં આશ્રય આપવામાં આવે છે, જ્યાં હાલ ફક્ત ૫૦૮ જેટલા ગૌવંશ ની માવજત કરવામાં આવી રહી છે. આ ગૌશાળા ખાતે ફ્રેન્ડ્સ ઓફ કેટલ યોજના અંતર્ગત તા. ૨૮/૦૯/૨૦૨૬ ના રોજ શ્રી ઈન્દિરાબેન વી. ચુડાસમા દ્વારા રૂ. ૧૦૦૦/- અને શ્રી રમાબેન રમેશભાઈ પટેલ દ્વારા રૂ. ૧૦૦૦/- તેમજ તા. ૨૯/૦૯/૨૦૨૬ ના રોજ માન. નાયબ કમિશનર સાહેબશ્રીના પી.એ. શ્રી ચેતનભાઈ ભટ્ટ દ્વારા રૂ. ૫૦૦/- ઘાસચારા પેટે દાન અર્પણ કરેલ છે.


## ઓછા વરસાદ વચ્ચે અનિયમિત વીજ પુરવઠાથી ખેડૂતો પરેશાન : ઉગેડી રોડથી દેશલપર (ગુંતલી) SS સુધીની ૫૦ વર્ષ જૂની વીજ લાઈન-પોલ બદલવાની માંગ



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગું) વાડી વિસ્તાર માં જતી મુરૂ એજીવાડી વિસ્તારના ખેડૂતો હાલ અનિયમિત વીજ પુરવઠાની સમસ્યાથી ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ઓછા વરસાદ વચ્ચે ખેતીના પાકને સિંચાઈ માટે સમયસર વીજળી ન મળતાં ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હોવાની ફરિયાદ સાથે ખેડૂતોએ રવાપર PGVCL કચેરી ખાતે લેખિત રજૂઆત કરી હતી.દેશલપર (ગુંતલી)ના ખેડૂત શંભુસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, મુરૂ એજીવાડી વિસ્તારના ખેડૂતો દ્વારા વીજ પુરવઠાની સમસ્યા અંગે PGVCL કચેરીમાં અનેક વખત લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી.ખેડૂતોના જણાવ્યા મુજબ, ઉગેડી રોડથી દેશલપર (ગુંતલી) SS સુધીની વીજ લાઈન તથા વીજ પોલ આશરે ૫૦ વર્ષ જૂના હોવાથી વારંવાર વીજ પુરવઠો ખોરવાય છે. ખેતીના નિર્ણાયક સમયે વીજળી ન મળવાથી પાકને સમયસર પાણી આપી શકાતું નથી અને ખેડૂતોને નુકસાન સહન કરવું પડે છે.આજરોજ રવાપર PGVCL કચેરી ખાતે કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં રાઠોડ શંભુસિંહ, રમેશભાઈ પટેલ, ભરતભાઈ આહીર, સામજી આહીર (ઉગેડી), ગોપાલ આહીર (ઉગેડી), દિલીપભાઈ પટેલ તથા વિશ્રામભાઈ પટેલ સહિતના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.ખેડૂતોએ માંગ કરી છે કે, ઉગેડી રોડથી દેશલપર (ગુંતલી) SS સુધીની જૂની વીજ લાઈન તથા વીજ પોલનું તાત્કાલિક સર્વેક્ષણ કરી જરૂરી નવીનીકરણ કરવામાં આવે અને મુરૂ એજીવાડી વિસ્તારનો વીજ પુરવઠો નિયમિત કરવામાં આવે.ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે, હાલની લેખિત રજૂઆત બાદ પણ સમસ્યાનો યોગ્ય અને કાયમી ઉકેલ નહીં આવે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. ખેતીના નિર્ણાયક સમયે વીજળીની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવી ઉભા પાકને વધુ નુકસાનથી બચાવવામાં આવે તેવી ખેડૂતોની માંગ છે.

## પિંપળગામે ગોગા મહારાજના મંદિરે જવાના રસ્તા પર કથિત માથાભારે ઈસમ દ્વારા ગેરકાયદેસર દબાણ કરતાં ગોગા વાસના રહીશો પરેશાન



નિતીન ઠાકર ચાણસ્મા

ગે.કાયદેસર દબાણ દૂર કરવા રહીશોએ જિલ્લા વિકાશ અધિકારી ને લેખિત રજુઆત કરી.ચાણસ્મા તાલુકાના પિંપળગામે કથિત માથાભારે ઈસમ પટેલ જ્યંતિભાઈ શંકરદાસ નું મકાન ગોગા મહારાજના મંદિરે જવાના રોડ પર આવેલ હોવાથી અને તેમના દ્વારા બિનકાયદેસર રીતે સંડાસ બનાવવા સાથે વરંડાની દિવાલ કરી ગોગા મહારાજના મંદિરે જવાનો રસ્તો બંધ કરી બિન. કાયદેસર દબાણ કરી દેતાં ગોગા મહારાજ પાસેના ગોગા વાસના રહીશોએ આ ઈસમ દ્વારા કરવામાં આવેલ બિન કાયદેસર દબાણ દૂર કરી યોગ્ય કાર્યવાહી કરવા જિલ્લા વિકાસ અધિકારી તા. વિકાસ અધિકારી ગ્રામ પંચાયત પિંપળ ને ગોગા વાસ ના રહીશોએ તેમની સહી સાથે.લેખિત રજુઆત કરાઈ છે.ગોગા મહારાજના મંદિરે જવાના રોડ પર જ્યંતિભાઈ શંકર દાસ પટેલનું મકાન આવેલું છે અને તેમણે ગે.કા. સંડાસ બનાવી વરંડાની દિવાલ કરી દેતાં ગોગા મહારાજના મંદિર જવા આવવા માં મુશ્કેલી ઉભી થવા પામી છે જેથી આ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ ગે કાં દબાણ દુર કરવા જિલ્લા વિકાશ અધિકારીને લેખિત રજૂઆત કરાઈ હોવાનું અસરગ્રસ્ત ગોગા વાસના રહીશોએ જણાવ્યું હતુ.

## ચાણસ્મા પાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઉપીયોગ - વેચાણ સામે લારી ધારકો સામે કડક કાર્યવાહી કરાઇ

નિતીન ઠાકર ચાણસ્મા

જનતા દ્વારા પ્લાસ્ટીક ના વધારે પડતા ઉપીયોગથી અને યોગ્ય નિકાલ થતો નહી હોવાના કારણે ગંદકી થાય છે તેની સીધી અસર પર્યાવરણ પર તેમજ લોકો આરોગ્ય પર પડતી



હોવાથી તેમજ ઘણીવાર પ્લાસ્ટીકમાં ખાવાની ચીજવસ્તુઓ સાથે જાહેરમાં લોકો દ્વારા. નાંખવામાં આવતાં ગાયો કુતરાં પ્લાસ્ટીકની થેલી સાથે ખાઈ જતાં હોય છે જે- તે ધ્યાને લઈ સરકાર દ્વારા કેટલીક કક્ષાના પ્લાસ્ટીક પર પ્રતિબંધ કરાતાં તેને ધ્યાને.લઈ ચાણસ્મા નગરપાલિકા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ, વેચાણ, સંગ્રહ તથા ગંદકી કરતા ઈસમો સામે સતત પાંચ દિવસ દરમિયાન ચેકિંગ તથા દંડની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસ 1,800/- બીજા દિવસ 1,900/- ત્રીજા દિવસ 1,700/- ચોથા દિવસે 1,200/- આજે 29/09/2026 1,000/-, કુલ| | 7,600/-આમ, ઉપરોક્ત પાંચ દિવસ દરમિયાન પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે કરવામાં આવેલ કાર્યવાહી અંતર્ગત કુલ 7,600/- (અંકે રૂપિયા સાત હજાર છસો પુરા) દંડ વસૂલ કરવામાં આવેલ છે. તથા જો હજુ કોઈ પકડાશે તે દંડાત્મક પગલાં તથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે ચીફ ઓફિસર દ્વારા જાણવા મળેલ.

## જામનગરના કાલાવડમાં શંકાસ્પદ ભેળસેળ યુકત દુધ બનાવતી દૂધની ડેરી પર રેડ

વિશાલ જે હરવરા જામનગર

જામનગર જિલ્લામાં રોજીંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી ચીજ-વસ્તુઓની બનાવટમાં ભેળસેળ કરી વેચાણ કરતા ધંધાર્થીઓને શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા અંગે એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર વી.બી.ચૌધરી તથા એસ.ઓ.જી,ના પોલીસ સબ ઈન્સ્પેકટર એલ.એમ.ઝેર નાઓના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી.સ્ટાફ કાલાવડ ટાઉન/ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારમા આવા ઈસમોને શોધી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન એસ.ઓ.જી.સ્ટાફના તોષીફભાઈ તાયાણી તથા રમેશભાઈ ચાવડા તથા ફિરોઝભાઈ ખફી નાઓને સંયુક્ત રીતે બાતમી હકિકત મળેલ હોય કે,



જામનગર જિલ્લાના કાલાવડ શિતળા માતાજીના મંદીર પાસે કપુરીયાના કાઠે રહેતા શંકાસ્પદ દુધના ધંધાર્થી કાનજીભાઈ ઉર્ફે કાનો દેપાળભાઈ માલાણી રહે.જાલાસણ ગામ, તા. કાલાવડ જી.જામનગર નાઓના ઘરે રેઈડ કરી રહેણાંક મકાને શંકાસ્પદ ભેળસેળ યુકત દુધ બનાવવાનું ચાલુ હોય અને શંકાસ્પદ દુધ ભેગુ કરી કુલ જથ્થો દુધ આશરે લીટર ૧૨૦૦, વનસ્પતી ઘી ૭૫ કીલો તથા દુધ બનાવવાનો પાવડર ૭૫ કીલો મળી આવતા ફુડ સેફટી વિભાગના અધિકારીઓને ટેલીફોનીક જાણ કરી સ્થળ પર બોલાવતા ફુડ સેફટી ઓફીસર (એફ.એસ.ઓ.) દ્વારા શંકાસ્પદ દુધના જરૂરી સેમ્પલો લઈ તેઓની કચેરીનું શીલ કરી કબ્જે કરેલ અને મળીઆવેલ શંકાસ્પદ ભેળસેળ યુકત બનાવટી દુધ તથા વેજીટેબલ ઘી તથા દુધ બનાવવાનો પાવડર.માનવ સ્વાસ્થ્ય તથા પર્યાવરણને નુકશાન ન થાય તેવી જગ્યાએ ફુડ સેફટી ઓફીસર દ્વારા નાશ કરાવવામાં આવેલ છે તેમજ દુધના ધંધાર્થીઓ વિરૂધ્ધ ફુડ સેફટી ઓફીસર દ્વારા આગળની કાયદેસરની ઘટીત કાર્યવાહી કરવામાં આવેલ છે.આ કાર્યવાહી એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર વી.બી. ચૌધરી તથા એસ.ઓ.જીના પોલીસ સબ ઈન્સ્પેકટર એલ.એમ.ઝેર તથા એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

## જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે ખેડૂતો માટે જળસંચય અને જળ સુરક્ષા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું : જેનો મુખ્ય હેતુ વિસ્તારમાં પાણીની અછતને પહોંચી વળવા અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા હાકલ કરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકામાં પ્રવર્તતી અછતગ્રસ્ત પરિસ્થિતિ અને ભવિષ્યમાં વિકરાળ બની શકે તેવા પાણીના સંકટનો સામનો કરવા માટે, કોસ્ટલ સેલીનિટી પ્રિવેશન સેલ (વરૂણ પ્રોજેક્ટ) દ્વારા ટીંબી ગામે 'જળ સુરક્ષા સમિતિના સભ્યો' માટે એક વિશેષ એક દિવસીય કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યશાળામાં આસપાસના ૧૫ ગામોમાંથી સરપંચો, ઉપસરપંચો, ગ્રામ પંચાયતના સભ્યો, આશા વર્કર્સ, આંગણવાડીની બહેનો તેમજ મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો સહિત કુલ ૭૯ જેટલા સમિતિ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને ભવિષ્ય માટે જળ સુરક્ષાનો સંકલ્પ લીધો હતો. કાર્યશાળાની મુખ્ય વિશેષતાઓ:--



જાગૃતિ અને માર્ગદર્શન: નિષ્ણાત ટ્રેનર ગૌરવભાઈ ઠકરે વિવિધ પ્રેરણાદાયી વિડિયો અને રસપ્રદ રમતો, પ્રવૃત્તિઓ દ્વારા પાણીના દુર્વ્યય અને આવનારી પાણીની ગંભીર અછત અંગે સૌને માહિતગાર કર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, જો આપણે વર્તમાન સમયથી જ પાણીનો વિવેકપૂર્ણ અને મર્યાદિત ઉપયોગ નહીં કરીએ, તો આવનારી પેઢીઓ માટે અસ્તિત્વનું મોટું જોખમ ઊભું થશે- આધુનિક કૃષિ પદ્ધતિઓ: ખેડૂતોએ હવે પરંપરાગત સિંચાઈ પદ્ધતિઓને તિલાંજલિ આપીને ટપક સિંચાઈ (ડ્રિપ ઈરિગેશન) અને ફુવારા પદ્ધતિ જેવા સૂક્ષ્મ સિંચાઈના આધુનિક અભિગમો અપનાવવા અત્યંત આવશ્યક બન્યા છે.જળસંચયના ઉપાયો: ચોમાસાના અમૂલ્ય વરસાદી પાણીને બગડતું અટકાવી તેને જમીનમાં ઉતારવા માટે પ્રત્યેક ખેતરમાં ખેત તલાવડીઓનું નિર્માણ કરવું અને રેઈનવોટર હાર્વેસ્ટીંગ કરવું એ આજની સૌથી મોટી જરૂરિયાત છે.આ મહત્ત્વપૂર્ણ અભિયાનને સફળ બનાવવા માટે સી.એસ.પી.સી.ના સિનિયર પ્રોગ્રામ મેનેજરશ્રીઓ ઉદયભાઈ અને કેતનભાઈ, એરિયા મેનેજર ચંદ્રશેખર શ્રીવાડકર, મનોજભાઈ મોરી, તેમજ પ્રોજેક્ટ ઓફિસર દિગ્વિજયભાઈ વાજા સહીત ટીંબી (જાફરાબાદ) અને રાજુલાની આખી ટીમે ખાસ ઉપસ્થિત રહીને ગ્રામજનોને જળ સંરક્ષણના આ યજ્ઞમાં જોડાવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. અને જળ બચાવો અભિયાન કામગીરી કરવા હાકલ કરવામાં આવી હતી.

## નર્મદા પોલીસે 18 વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડ્યો

સત્યવલંબા બારોટ

નર્મદા પોલીસ ની લોકલ ક્રાઈમ બ્રાન્ચે છેલ્લા 18 વર્ષ થી નાસતા ફરતા આરોપી ને નડિયાદ ખાતેથી પકડવામાં સફળતા મેળવી છે . પ્રાપ્ત માહિતી મુજબ ગત 7/1/2009 ના રોજ રાજપીપલા અવધૂત મંદિર



પાસે પોલીસ કર્મીઓ તેમની ફરજ બજાવી રહ્યા હતા દરમ્યાન એક કાર રોકવા નો પ્રયાસ કરતા કારચાલક અક્ષય ઉર્ફે. લલિત બશેર રે. નાની દમણ એ કાર નહિ થોભાવી પોલીસ કર્મીઓ પર કાર ચઢાવી તેમને ઈજાગ્રસ્ત કરી નાસી છૂટ્યો હતો જેની તપાસ માં બાતમી તેમજ ટેક્નિકલ સર્વેલન્સ ના આધારે સદસર આરોપી અક્ષય નડિયાદ ખાતે હોવાનું માલુમ પડતા LCB પોલીસ અધિકારીઓ P SI ડી આર રાઠોડ અને તેમની ટીમે. નડિયાદ જઈ સદર આરોપી ને પકડી લાવી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે . આ આરોપી વલસાડ પોલીસ ના ચોપડે પણ વોન્ટેડ છે.

## ધ્રોળના લતીપરના બે શખ્સ સામે રાક્ષસી વ્યાજે નાણાં ધીરધાર અને ધાક ધમકીની ફરિયાદ

જામનગર : જામનગરના જોડિયા તાલુકાના જશાપરના 56 વર્ષીય ખેડૂતે લતીપરના 2 શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. લાયસન્સ વિના ઊંચા વ્યાજે ધીરધાર કરી, ધાકધમકી આપી અને વ્યાજ પેટે 20 લાખ સામે 10.89 લાખ ચૂકવ્યા છતાં વધુ વ્યાજની માંગણી કરાઈ. પોલીસે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે . જોડિયા તાલુકાના જશાપર ગામના 56 વર્ષીય ખેડૂતે લતીપર ગામના બે શખ્સો સામે લાયસન્સ વિના નાણાં ધીરધાર કરી ઊંચા વ્યાજે રકમ વસૂલવા તેમજ ધાકધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ 308(2), 351(1), 54 તથા ગુજરાત મનીલેન્ડર્સ અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.ફરિયાદી નરભેરામ ડાયાભાઈ પનારા ખેતીકામ કરે છે. ફરિયાદ મુજબ, વર્ષ 2023માં પુત્રના લગ્ન તથા રાજકોટમાં મકાન ખરીદવા માટે નાણાંની જરૂર પડતાં લતીપરના જનકભાઈ જીલુભાઈ ડાંગર પાસેથી પ્રથમ રૂ.5 લાખ 3 ટકા માસિક વ્યાજે લીધા હતા. તેના બદલામાં બેંકનો કોરો ચેક આપ્યો હતો.

## સંખેડા : ગામડી ખાણ ખનીજ ચેકપોસ્ટ સામે ગણપતિ વિસર્જનના દિવસે હિટ એન્ડ રનની ઘટના, એકનું મોત - ગ્રામજનોમાં રોષ, મામલતદારને આવેદન

રિપોર્ટર .કમલેશ પટેલ | સંખેડા

પ્રાપ્ત માહિતી મુજબ, બહાદરપુર - સંખેડા તરફથી આવી રહેલા રેતી ભરેલું કન્ટેનરે ડભોઈ તરફથી આવી રહેલી બે બાઈક પર સવાર પાંચ વ્યક્તિઓને અડફેટે લીધા હતા. અકસ્માત સર્જી ડ્રાઈવર ભાગવાનો પ્રયાસ કરતો હતો ત્યારે ગામના લોકોએ તેને ઝડપી પાડી મેથીપાક ચખાડ્યો હતો. ગામના લોકોએ ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.ઘટના બાદ ગામના સરપંચ સહિત આગેવાનો ખાણ ખનીજ ચેકપોસ્ટ



પર ફરિયાદ કરવા ગયા હતા, પરંતુ ત્યાં કોઈ અધિકારી હાજર મળ્યો ન હતો. મોડી રાત્રે ગામડી ગામના એક ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મોત થયું હોવાનું ડોક્ટરે જાહેર કરતા ગામમાં ભારે રોષ ફેલાયો હતો. આખું ગામ સરપંચ સાથે રસ્તા પર ઉતરી આવ્યું હતું અને ચક્કાજામ કર્યો હતો. બાદમાં પોલીસ તંત્ર અને નાયબ મામલતદાર દ્વારા સમજાવટ કરતા રસ્તો ખુલ્લો મુકાયો હતો.ત્રણ-ચાર દિવસ વીત્યા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા આજે ગામના સરપંચ અને નાગરિકોએ સંખેડા સેવા સદન ખાતે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.મૌખિક રજૂઆતમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે, આ ચેકપોસ્ટના કારણે અગાઉ પણ 2-3 વાર આવા અકસ્માતો સર્જાયા છે અને લોકોએ જીવ ગુમાવ્યા છે. આ ચેકપોસ્ટ ચેકિંગ માટે નહીં પરંતુ પૈસા કમાવાનું સાધન બની ગઈ છે. ગામના નિશિત પટેલે આક્ષેપ કર્યો હતો કે, સવારે નંબર વગરની મોંઘી દાટ ગાડીઓ ત્યાં પડી રહે છે, જે માત્ર સેટિંગ કરવા માટે આવે છે. અહીં મોટા પ્રમાણમાં લેવડ-દેવડ થાય છે અને રોયલ્ટી વગરની ગાડીઓ પણ છોડી દેવાય છે.ગ્રામજનોની માંગ છે કે, આ ચેકપોસ્ટને અહીંથી ખસેડી અન્ય જગ્યાએ લઈ જવામાં આવે જેથી ફરી કોઈનો દીકરો કે કોઈનો પતિ મોતનો ભોગ ન બને. તેમજ ટ્રક માલિક સામે હિટ એન્ડ રનની કાયદેસર કાર્યવાહી કરવામાં આવે અને સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ થાય એવી માંગ કરી છે.

# અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશનની સેવાભાવી પહેલ : બાડા ગામે ૨ અને ફીલોણમાં ૧ સિલાઈ મશીનની સહાય

જગદીશ પી દવે| દેશલપર (ગુંતલી)

ગ્રામ્ય વિસ્તારની જરૂરિયાતમંદ મહિલાઓને સ્વરોજગારની તક મળી રહે અને તેઓ આત્મનિર્ભર બની શકે તે હેતુથી KCRC અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશન દ્વારા સેવાભાવી પહેલ હાથ ધરવામાં આવી હતી.આ અંતર્ગત બાડા ગામે ૨ સિલાઈ મશીન તથા ફીલોણ ગામે ૧ સિલાઈ મશીન આપવામાં આવ્યું હતું. સિલાઈ મશીન જેવી રોજગારલક્ષી સાધન સહાયથી લાભાર્થીઓને ઘરેથી જ સિલાઈ કામ કરીને આવક મેળવવાની તક મળશે.આ કામગીરી અંતર્ગત KCRCના કો-ઓર્ડિનેટર ગઢવી પચાણભાઈએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારની જરૂરિયાતોને ઓળખીને જરૂરિયાતમંદોને તેઓ પોતાના



પગ પર ઊભા થઈ શકે તેવા સાધનો પૂરા પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. સિલાઈ મશીનની સહાયથી મહિલાઓને સ્વરોજગારની તક મળશે અને તેઓ પરિવારની આર્થિક આવકમાં પણ સહભાગી બની શકશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ, રોજગાર અને જરૂરિયાતમંદોની સહાયના ક્ષેત્રે આવી સેવાભાવી કામગીરીને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સહાયનો હેતુ માત્ર સાધન આપવાનો નહીં, પરંતુ લાભાર્થીને આત્મનિર્ભર બનવાની તક આપવાનો છે.અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશનની આ સેવાભાવી પહેલને ગ્રામજનો અને લાભાર્થીઓ દ્વારા આવકારવામાં આવી હતી.

# રાત્રે કાકડી ખાવાથી શું નુકસાન થાય છે? જાણો તેને ખાવાનો યોગ્ય સમય



**કાકડીને સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કાકડી ખાવાથી શરીરને મિનરલ્સ અને વિટામિન્સ ચોક્કસપણે મળે છે. કાકડી ખાવાથી માત્ર 1-2 નહીં પરંતુ ઘણા ફાયદા થાય છે. જો કે કાકડી ખાવાનો પૂરો ફાયદો યોગ્ય સમયે જ મળે છે.**

## બપોરના ભોજનમાં કાકડીનો સમાવેશ કરવો

જો તમે ખારી ખાવાનો સંપૂર્ણ લાભ મેળવવા માંગતા હોવ તો તમારે દિવસ દરમિયાન ખારી ખાવી જોઈએ. તેથી બપોરના ભોજનમાં કાકડીનો સમાવેશ કરવો જોઈએ. સલાડ ખાવાની સાચી રીત એ છે કે તેને રાત્રિભોજનના થોડા સમય પહેલા ખાઓ. કાકડી ખાવાથી વજન ઘટે છે અને શરીરને પુષ્કળ પ્રમાણમાં પાણી અને અન્ય જરૂરી મિનરલ્સ મળે છે.

## કેમ રાત્રે કાકડી ન ખાવી જોઈએ?

રાત્રે કાકડી ખાવાનું ટાળવું જોઈએ. તેનું કારણ એ છે કે કાકડી ધીમે ધીમે પચી જાય છે અને તેને રાત્રે ખાવાથી પેટમાં ભારેપણાની સમસ્યા થઈ શકે છે. પાચનમાં વિલંબ થવાથી ઊંઘ ખરાબ થઈ શકે છે. ઘણી વખત રાત્રે કાકડી ખાવાથી પેટમાં ગેસ અને એસિડિટી થાય છે. કેટલાક લોકોનું પાચન પણ બગડી જાય છે. ખાસ કરીને જેમની પાચનશક્તિ નબળી હોય તેમણે રાત્રે કાકડી ન ખાવી જોઈએ.

## કાકડી ખાવાનો યોગ્ય સમય કયો?

સવારે વહેલા ઉઠીને ખારી ખાવી શ્રેષ્ઠ માનવામાં આવે છે. કાકડી ખાવાનો આ શ્રેષ્ઠ સમય છે. જો તમે ઈચ્છો તો નાસ્તા પછી અને જમ્યા પહેલા કાકડી ખાઈ શકો છો. આ રીતે, કાકડી ખાવાથી તમારું પેટ ભરાશે અને તમે વધુ પડતું ખાવાથી બચી શકશો. કાકડી જમવાના અડધા કલાક પહેલા ખાવી જોઈએ, કારણ કે તેને પચવામાં લાંબો સમય લાગે છે.

## દિવસ દરમિયાન કાકડી ખાવાના ફાયદા

કાકડી ખાવાથી શરીરને ઘણો ફાયદો થાય છે. કાકડી ખાવાથી મેટાબોલિઝમ વધે છે અને પેટ સરળતાથી ભરાય છે. કાકડીમાં 95 ટકા જેટલું પાણી હોય છે, જે શરીરને હાઈડ્રેટ રાખે છે. કાકડીનું સલાડ વજન ઘટાડવા માટે પણ અસરકારક છે. કાકડીમાં વિટામિન સી, બીટા કેરોટીન અને એન્ટી-ઓક્સીડેન્ટ મળી આવે છે જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. ખારા ખોરાકમાં પણ કેલ્શિયમ જોવા મળે છે જે હાડકાને મજબૂત બનાવે છે.

## રાત્રે કાકડી અને ડુંગળી ખાવાનું ટાળવું જોઈએ

મોટાભાગે લોકો રાત્રે કાકડી અને ડુંગળી ખાવાનું ટાળવાની સલાહ આપતા હોય છે. તેની પાછળ ઘણા કારણો રહેલા છે. કહેવામાં આવે છે કે દિવસ દરમિયાન કાકડી હીરા જેટલી કિંમતી બની જાય છે અને રાત્રે તેની કિંમત જીરા જેટલી જ રહે છે. સાથે જ રાત્રે કાકડી ખાવાથી પેટની અનેક પ્રકારની સમસ્યાઓ થઈ શકે છે.



# ભાગ્યે જ ચાખ્યો હશે પીળા તરબૂચનો સ્વાદ જાણો ક્યાં મળશે અને કેટલું હેલ્ધી!

**ઘણા બધા સ્વાદિષ્ટ ફળો બજારમાં આવી રહ્યા છે. આમાંથી એક ફળ છે તરબૂચ. જ્યારે આપણે તરબૂચ વિશે વિચારીએ છીએ, ત્યારે આપણે સામાન્ય રીતે બહારથી લીલા દેખાતા મોટા કદના ફળની કલ્પના કરીએ છીએ. જ્યારે તમે તેને કાપો છો તો તે લાલ દેખાય છે. પરંતુ શું તમે એવા તરબૂચ જોયા છે જે અંદરથી પીળા હોય છે. આ પીળા તરબૂચને "ડેઝર્ટ કિંગ" કહેવામાં આવે છે અને તે લાલ તરબૂચ કરતાં પણ મીઠા હોય છે. આ વાસ્તવમાં આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે.**



## જલ્દી નથી મળતા આ તરબૂચ

જો કે પીળા તરબૂચ તેના લાલ સમકક્ષની તુલનામાં બજારમાં એટલા સામાન્ય નથી, ખેડૂતો કર્ણાટક, આંધ્રપ્રદેશ અને હવે ત્રિપુરા જેવા રાજ્યોમાં તેની ખેતી કરી રહ્યા છે. ત્રિપુરા, જે લાલ તરબૂચની ખેતી માટે જાણીતું છે, ધીમે ધીમે વધુ ખેડૂતોને પીળા તરબૂચની ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે. ખેતી માટેનો આ નવો અભિગમ સ્થાનિક ખેડૂતોની આર્થિક આત્મનિર્ભરતામાં વધારો કરે છે પરંતુ સમુદાયની પોષક જરૂરિયાતોને પહોંચી વળવામાં પણ યોગદાન આપે છે.

## શું મળે છે આ તરબૂચમાંથી

જો આપણે તેના પોષક તત્વો વિશે વાત કરીએ તો પીળા તરબૂચમાં વિટામિન-બી, વિટામિન-એ અને સી, આયર્ન, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, બીટા કેરોટીન જેવા ઘણા તત્વો હોય છે. ઉનાળામાં શરીરને હાઈડ્રેટ રાખવા માટે આ એક સારું ફળ છે. આ સિવાય તે રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને મેટાબોલિઝમ સુધારે છે. ઓછી કેલરી હોવાને કારણે જે લોકો વજન ઘટાડવા માંગે છે તેમના માટે તે ખૂબ જ સારું માનવામાં આવે છે.

## તમિલનાડુમાં મળશે આ ખાસ તરબૂચ

તમિલનાડુના થેની જિલ્લામાં તમને પીળા રંગનું તરબૂચ જોવા મળશે. થેની જિલ્લામાં તરબૂચ ગામમ ચિન્નામનુર, કુડાલુર અને જિલ્લાના અન્ય ઘણા વિસ્તારોમાં વેચાય છે. ઉનાળો આવતાની સાથે જ તરબૂચ વેચતા વિક્રેતાઓ રસ્તાના કિનારે દુકાનો ગોઠવી દે છે. માર્ચ મહિનાથી ગરમી વધી રહી છે. હાલમાં થેની જિલ્લામાં તરબૂચ અને અન્ય ફળોના વેચાણને બદલે કર્ણાટક રાજ્યના પીળા તરબૂચનું વધુ વેચાણ થઈ રહ્યું છે.

# વાળ ખરતા અને તૂટતા અટકાવવા કરો આ ઉપાયો, મળશે અનેક સમસ્યાથી છૂટકારો



## વાળને કેવા પાણીથી ધોવા જોઈએ

વાળને ક્યારેય વધારે ગરમ પાણીથી ધોવા નહીં. તેનાથી તેને નુકસાન થાય છે અને તે શુષ્ક અને બેજાન બને છે. વાળને હંમેશા હૂંફાળા પાણીથી ધોવા. તેના સિવાય વાળને ધોયા બાદ તેમાં કંડીશનર અચૂક લગાવો. તેનાથી વાળમાં શાઈનિંગ આવશે.

## અઠવાડિયામાં કેટલી વાર ધોશો વાળ

વાળને સ્વસ્થ રાખવા માટે અઠવાડિયામાં 2-3 વાર વાળ ધોવા. વાળને ધોવા માટે તેમાં કંડીશનર પણ લગાવો. જો તમારા સ્કેલ્પ શુષ્ક હોય તો અઠવાડિયામાં ઓછામાં ઓછા 2 વાર ધોઈ લો. જે લોકોના વાળમાં તેલ કે મોઈશ્ચરાઈઝર રહે છે તે અઠવાડિયામાં 2-3 વાર વાળ ધોઈ લે અને તેનાથી તે સ્વસ્થ રહેશે.

## વાળની ટ્રિમિંગ કરવાનું શા માટે છે જરૂરી

નેચરલ રીતે વાળ વધારવા માટે તેની દેખરેખ ખાસ જરૂરી છે. વાંકડિયા વાળને વધારે ભેજની જરૂર રહે છે. તો સીધા વાળને કંડીશનરની જરૂર રહે છે. તેના માટે તમે સમયાંતરે વાળને ટ્રિમ કરાવો. તેનાથી બેજાન અને સ્પ્લિટ વાળ નીકળી જશે અને ગ્રોથ વધશે.


## હેયર ટૂલ્સનો શક્ય તેટલો ઓછો ઉપયોગ કરવો

માર્કેટમાં વાળને વધારવાની અનેક પ્રોડક્ટ્સ મળે છે. આંખ બંધ કરીને તેનો ઉપયોગ કરવાથી વાળ ખરાબ થાય છે. અનેકવાર આ પ્રોડક્ટ્સથી વાળને જરૂરી પોષક તત્વો મળતા નથી અને લોકોના વાળ ખરાબ થાય છે. આ સિવાય કર્લિંગ આયરન, બ્લો ડ્રાયર અને સ્ટ્રેટનરનો ઉપયોગ પણ કરવો નહીં.

- **અઠવાડિયામાં ઓછામાં ઓછા 3 વખત વાળ ધોવા જરૂરી**
- **વાળ હંમેશા હૂંફાળા પાણીથી ધોવા અને પછી કંડીશનર લગાવવું**
- **સમયાંતરે ટ્રિમિંગની મદદ લેવાથી વાળનો ગ્રોથ સારો રહેશે**

# સીતાફળ ના ફાયદાઓ

ભારત માં મધ્ય પ્રદેશ,મહારાષ્ટ્ર,ઉત્તરાખંડ અને ઓડિશા માં સીતાફળની ખેતી મોટાપાયે થાય છે.ગુજરાતી માં સીતાફળ,હિન્દી માં શરીફા,સંસ્કૃત માં જાનકી ફલ અથવા સીતાફળમ અને અંગ્રેજી માં કસ્ટર્ડ એપલ ના નામે ઓળખાય છે.આમ તો પ્રથમ નજરે જોતાજ એના તરફ આકર્ષણ થઈ જાય છે.લીલું ફળ ને એમાં કાળા ટપકા આકાર ફૂલ ગલગોટા જેવો જોતા જ થાય છે કે ખરેખર પ્રકૃતિ ના સર્જનહાર એ નાના માં નાની વસ્તુ નું પણ ધ્યાન રાખ્યું છે.બે બેડરૂમ ના ઘર ની સાજ સજાવટ માં પણ પરસેવો નીકળી ગયાં બાદ પણ કંઈક તો ખૂટે છે પણ શું? સમજવું અશક્ય છે. ચારેબાજુ લારીઓ માં પાકેલ સીતાફળ તરફ નજર કરું છું ને ત્યારે મારા પિયર ના આંગણા માં ઘેઘૂર સીતાફળ ના ઝાડ માં ઊગતા પુષ્કળ મીઠા મધ જેવા પ્રમાણ માં ઓછા બીજ વાળા સીતાફળ ની યાદ આવી જાય છે. સાચું કહું તો અમે સીતાફળ નું ઝાડ ઉગાડ્યું નહતું પણ અમારા ભાવનગરની જમીન જ એટલી ફળદ્રુપ છે ને કે જાત જાત ના ઝાડ વેલા વરસાદ ની સિઝન બાદ બધેય ઊગી નીકળે છે.જ્યારે સ્વાદ માં મીઠા મધ સીતાફળ પાકે છે ત્યારે એની સુગંધ ચારેય બાજુ ફેલાઈ જતી હોય છે.આખી બપોર પાકેલા સીતાફળ ની મિજબાની માટે પક્ષીઓની ફોજ ચિત્ર વિચિત્ર આવાજ માં એકઠી થઈ જતી હતી. અમારા સૌરાષ્ટ્ર માં માન્યતા કે કેરી કે પછી સીતાફળ પર પક્ષી(સુડા) ની ચાંચ પડતા ખરી પડે તો સમજવું કે ફળ ની મીઠાશ વધારે હશે. સીતાફળ નું ફળ થી લઈને પાન અને બીજ પણ અત્યંત ઉપયોગી હોય છે. ઘણી વખત આપણા ને વિચાર આવે કે કેળા,સફરજન, જમરૂખ વગેરે ફળો ના નામ માં સીતાફળ નું નામ કેમ સીતાજી સાથે જોડાયું હશે?આ પાછળ પણ એક કથા છે ચૌદ વર્ષના વનવાસના ગાળા દરમિયાન ભગવાન શ્રી રામ ચંદ્રજી નિત્ય પત્ની સીતાજી માટે વિવિધ પ્રકારના વન ફળ તોડી ને લાવતા હતા.આ બધા વનફળ માંથી માતા સીતાજી ને સૌથી પ્રિય સ્વાદ માં મીઠું અને રસદાર વન ફળ હતું. આમ પણ વન માં ઊગતા વિવિધ ફળો ના ખાસ નામ હોતા નથી એટલે ભગવાન રામચંદ્રજી એ પત્ની ના અતિ પ્રિય વન ફળ નું નામ સીતાફળ રાખ્યું હતું. એવું કહેવામાં આવે છે કે માતા સીતા ના અપહરણ બાદ ભગવાન રામચંદ્રજી ને એની યાદ ખૂબ સતાવતી રહેતી હતી એટલે પોતાની પાસે સીતાફળ રાખતા હતા. સીતાફળ ખાવાથી ફાયદાઓ :૧ સીતાફળ માં આયર્ન ભરપૂર માત્રામાં હોય છે જે એનિમિયા ના દર્દીઓ ને માટે ફાયદાકારક સાબિત થાય છે.૨ ખાસ કરીને નાના બાળકો અને યુવાનો એ સીતાફળ નિયમિત ખાવાનો આગ્રહ રાખવો જોઈએ સીતાફળ માં ભરપૂર માત્રા માં કેલ્શિયમ અને મેગ્નેશિયમ હોય છે



- રુપાલી દવે

જે હાડકા ને મજબૂતી આપે છે. ૩ પોટેશિયમ અને મેગ્નેશિયમ હૃદય ની રક્તવાહિનીઓ ને સ્વસ્થ રાખી ને હૃદય નું રક્ષણ કરે છે.૪ પુષ્કળ પ્રમાણમાં ફાઈબર ઉપલબ્ધ હોવાથી ચયાપચય ની પ્રક્રિયા ઝડપી બનાવે છે ને કબજિયાત નામના ગંભીર રોગ થવા દેતા નથી. ૫ સીતાફળ માં ઉપલબ્ધ વિટામિન સી અને એન્ટી ઓક્સિડન્ટ જેવા તત્વો હોવાના લીધે વાળ ખરતા નથી ને ત્વચા ચમકદાર બને છે. ૬ ગર્ભા અવસ્થા દરમિયાન પ્રેગ્નેન્ટ સ્ત્રીઓ એ સીતાફળ નો નિયમિત ઉપયોગ કરવો જોઈએ. સીતાફળ એ મધુર અને શીતળ હોવાથી એનું નિયમિત સેવન કરવાથી ભ્રૂણ નો વિકાસ સારો થતા ગર્ભપાત ની સમસ્યા થતી નથી. વિટામિન બી ૬ ને લીધે ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીઓ ને મોર્નિંગ સિકનેસ અને ઊલટી જેવી તકલીફો થતી નથી. પ્રેગનન્સી દરમિયાન સ્ત્રીઓ માં મૂડ સ્વિંગ ની સમસ્યા સામન્ય રીતે થતી હોય છે. ચિડચિડપણ,વધારે થાક લાગવો,ઊંઘ વધારે આવવી વગેરે વગેરે માં સીતાફળ માં ઉલ્પબ્ધ શુગર બુસ્ટ એ મૂડ સ્વિંગ ને કંટ્રોલ કરે છે. ખાસ ધ્યાન એ રાખવાનું છે કે પ્રેગનન્ટ સ્ત્રીઓ એ સીતાફળ નો માવો જ ખાવાનો છે ભૂલ થી પણ ભૂલ માં એનું બીજ પેટ માં ન જાય એનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. સીતાફળ ના પાન :સીતાફળ ના પાન માં કુદરતી રીતે ખાસ શરીર ને ફાયદાકારક તત્વ ઉપલબ્ધ હોય છે. ડાયાબિટીસ ના દર્દીઓ માટે તો સીતાફળ ના પાન સંજીવની બુટ્ટી સાબિત થયા છે. હૃદય રોગ ના દર્દીઓ ની સમસ્યા વધવા લાગે ત્યારે સીતાફળ ના પાન નો ઉકાળો પીવાથી હાર્ટ એટેક નો ખતરો ટળી જતો હોય છે. જો શરીર માં ઘા,ફોડલી કે ગડ ગુમડા થયા તો સીતાફળ ના પાન ને વાટી ને એની લુગદી બનાવી ને લગાવવા થી તાત્કાલિક ફર્ક પડવા લાગે છે. માંથા પર ખોડો, જું ની સમસ્યા સતાવે ત્યારે સીતાફળ ના બીજ ને તેલ માં ઉકાળી ને ઠંડુ થયા બાદ લગાવવા થી વાળ રોગ મુક્ત બની જાય છે.કોને સીતાફળ નું સેવન વધારે ન કરવું જોઈએ:સીતાફળ ની તાસીર એકદમ ઠંડી હોય છે એટલે શરીર ની અંદર ની ગરમી શાંત કરીને શરીર ની અંદર ઠંડક પ્રસરાવે છે.ખાસ કરીને પોષકત્ત્વ ના ભંડાર સીતાફળ ને શરદી,કફ અને સાઈનસ ના દર્દીઓ એ વધુ પ્રમાણ માં ઉપયોગ ટાળવો જોઈએ. રેસિપીઓ :આમ તો સીતાફળ માંથી બનતી વિવિધ પ્રકારની રેસીપીઓ સીતાફળની બાસુંદી, ખીર,શિખંડ, આઈસક્રીમ વગેરે બજાર માંથી આસાની થી મળી જતી હોય છે. અતિ રસાળ અને મીઠા મધ જેવા ફળ સીતાફળ ની અંદર બીજ નું પ્રમાણ વધારે હોવાથી એમાથી બનતી રેસીપીઓ વધારે સમય અને મહેનત માંગી લેતી હોય છે. હા!!પણ મસાલા વાળી પુરી અને સીતાફળ ની બાસુદી ના સ્વાદ ની આગળ બધી જ રેસીપી નબળી પડે છે. એકવાર આનંદ ઉત્સાહ માં સીતાફળ ની બાસુદી ભૂલ માં બનાવવા નો પ્રયત્ન કર્યો હતો ત્યારે હાથ ની કાઢી થઈ જતા બાસુદી ને બદલે સીતાફળ નો દૂધ પાક બની ગયો હતો. સીતાફળ નો દૂધ પાક એટલો મસ્ત બન્યો હતો ને કે મારા ઘર ના સદસ્યો વન્સ મોર ની ફરમાઈશ તો ખૂબ કરે છે પણ મારા હાથ સહકાર આપવાની સ્પષ્ટ ના પાડી દે છે. સીતાફળ ની બાસુંદી ની રેસિપી : બે લીટર ડબલ ફેટ વાળા દૂધ ને ઝાડા તળિયા વાળી તપેલી માં ઘી લગાવી ને ત્યાં સુધી ઉકાળો જ્યાં સુધી દૂધ લિટર થી ઓછું ન થઈ જાય ત્યાં સુધી સતત હલાવ્યા કરો. લગભગ ૨ લીટર દૂધ ૯૦૦ ગ્રામ જેટલું થઈ જાય એ બાદ ગેસ પરથી ઉતારી ને એમાં ખાંડ અને એલચી પાવડર ઉમેરી ને ફરી વીસ મિનિટ સુધી દૂધ ને ઉકાળો. આ બાદ ઉકાળેલા દૂધ ની અંદર બદામ અને પિસ્તા ની કતરણ ઉમેરી ને દૂધ ને ઠંડુ કરો. સહેજ સાજ ઠંડુ થઈ ગયા બાદ ફ્રીઝ માં દૂધ ની તપેલી મૂકી ને એકદમ ચીલ કરી નાખો. વીસ પચ્ચીસ મિનિટ બાદ ફ્રીઝ માંથી દૂધ ની તપેલી કાઢી ને એની અંદર સીતાફળ ના મુલાયમ પલ્પ ને દૂધ ની બાસુંદી માં ઉમેરી ને મોટા માથા ના ચમચા ની મદદ થી ભેળવી દ્યો. તૈયાર સીતાફળ ની બાસુંદી ની તપેલી ને ફ્રીઝ માં મૂકી રાખો સર્વ કરતી વખતે જ બહાર કાઢજો.




## રણબીર કપૂરે ચાહકો સાથે

# 44મો જન્મદિવસ ઉજવ્યો

### બંગલાની બહાર 3 કેક કાપી; આલિયાએ 'ક્યુટી' પતિના અનસીન ફોટો શેર કર્યા

(એજન્સી) મુંબઇ | તા.29

બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર સોમવાર, 28 સપ્ટેમ્બરે 44 વર્ષનો થયો છે. આ ખાસ પ્રસંગે રણબીરે મુંબઈના પાલી હિલ સ્થિત પોતાના નવા બંગલા 'કૃષ્ણા રાજ'ની બહાર એકઠા થયેલા ચાહકો અને પાપારાઝી સાથે જન્મદિવસની ઉજવણી કરી.

કેઝ્યુઅલ લુકમાં ઘરની બહાર આવેલા રણબીરે પાપારાઝી સાથે ત્રણ મોટી કેક કાપી અને ચાહકોનો આભાર માન્યો. ત્યારબાદ તે પત્ની અને એક્ટ્રેસ આલિયા ભટ્ટ સાથે બંગલાની બાલ્કનીમાં આવ્યો અને હાથ હલાવીને ચાહકોનું અભિવાદન સ્વીકાર્યું.

રણબીર કપૂરના બર્થ ડે પર પત્ની આલિયા ભટ્ટે કેટલાક સુંદર અને અનસીન ફોટો શેર કર્યા. આ સાથે જ તેણે કેપ્શનમાં લખ્યું, 'HBD ક્યુટી' (જન્મદિવસની શુભેચ્છાઓ ક્યુટી).

રણબીર કપૂર પોતાના જન્મદિવસ પર ખૂબ ખુશ અને કૂલ અંદાજમાં જોવા મળ્યો. તેણે ગ્રે રંગનો કો-ઓર્ડ સેટ, સફેદ સ્નીકર્સ અને કાળા ગોગલ્સ પહેર્યા હતા. બંગલાના મુખ્ય દરવાજા પર ચાહકો અને ફોટોગ્રાફરો તેની રાહ જોઈ રહ્યા હતા.

રણબીર ઘરની બહાર આવીને પાપારાઝીનું અભિવાદન કર્યું અને તેમણે લાવેલી ત્રણ મોટી કેક એક પછી એક કાપી. તેણે ચાહકો સાથે ફોટો પણ ક્લિક કરાવ્યા.

કેક કાપ્યાના થોડા સમય બાદ તે પત્ની આલિયા ભટ્ટ સાથે બંગલાની બાલ્કનીમાં જોવા મળ્યો. બંનેએ નીચે ઊભેલા ચાહકો અને મીડિયાકર્મીઓ તરફ હાથ હલાવ્યો અને તેમના પ્રેમ તથા શુભેચ્છાઓ માટે આભાર માન્યો. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ નવેમ્બર 2025માં પોતાના આ નવા છ માળના બંગલામાં શિફ્ટ થયા હતા. બાંદ્રાના પાલી હિલ વિસ્તારમાં આવેલો આ આલીશાન બંગલો કપૂર પરિવારની પૈતૃક સંપત્તિ પર ફરીથી બનાવવામાં આવ્યો છે.

આ બંગલાનું નામ રણબીરનાં દાદી કૃષ્ણા રાજ કપૂરના નામ પરથી 'કૃષ્ણ રાજ' રાખવામાં આવ્યું છે. મીડિયા અહેવાલો અનુસાર, આ છ માળના બંગલાની કિંમત આશરે 250 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. રણબીર ડિરેક્ટર સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વૉર'માં કામ કરી રહ્યો છે. આ ફિલ્મમાં તે વિકી કૌશલ અને આલિયા ભટ્ટ સાથે લવ ટ્રાયએન્ગલ ડ્રામામાં આર્મી ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે.

ફિલ્મમાં રણબીર મોટી મૂછો, લોહીના ડાઘવાળી ટી-શર્ટ અને ગૉગલ્સમાં જોવા મળી રહ્યો છે. તેનો લુક પાત્રના રફ અને મજબૂત અંદાજની ઝલક આપે છે. શર્ટ પરના લોહીના ડાઘ ફિલ્મની ડાર્ક અને એક્શનથી ભરપૂર વાર્તા તરફ ઈશારો કરે છે. જ્યારે ગૉગલ્સ તેના પાત્રને સ્ટાઈલિશ લુક આપી રહ્યા છે.

'લવ એન્ડ વોર' 21 જાન્યુઆરી 2027ના રોજ દુનિયાભરમાં રિલીઝ થશે. આ ફિલ્મ હિન્દી, તમિલ અને તેલુગુ ભાષામાં રિલીઝ કરવામાં આવશે. તેનું ડિરેક્શન સંજય લીલા ભણસાલીએ કર્યું છે.

રણબીર@44, 21 ફિલ્મોમાં રોકસ્ટાર-બરફી જેવી 12 હિટ:જૂતાં પહેરીને મંદિરમાં જવા બદલ પિતા ઋષિ કપૂરે માર માર્યો, માતા-પિતા ઝઘડતા ત્યારે ડરીને રાત સીડીઓ પર વિતાવી

બોલિવૂડના સૌથી શ્રેષ્ઠ કક્ષાના અભિનેતા ગણાતા રણબીર કપૂર આજે 44 વર્ષના થઈ ગયા છે. 2007માં ફ્લોપ ફિલ્મ 'સાંવરિયા'થી કરિયરની શરૂઆત કરનારા રણબીર કપૂરે 'રોકસ્ટાર'માં તૂટેલા દિલનું દર્દ જીવ્યું, 'બર્ફી'માં બોલ્યા વિના લોકોનાં દિલ જીતી લીધાં અને 'સંજુ'માં સંજય દત્તને પડદા પર જીવંત કરી દીધા. 'એનિમલ' થકી બોક્સ ઓફિસના રેકોર્ડ તોડ્યા, તો સામે વિવાદોમાં પણ ઘેરાયા.

**28 સપ્ટેમ્બર 2026ના રોજ રણબીર કપૂરના 44મા જન્મદિવસના ખાસ અવસરે સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ 'રામાયણ'નો પડદા પાછળનો વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. ફિલ્મના ઘણા ભાગોનું શૂટિંગ ગ્રીન સ્ક્રીન પર કરીને VFXની મદદથી તેને ભવ્ય ઈમારતમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે.**
**આ દરમિયાન રણબીર કપૂરે ભગવાન રામની ભૂમિકા ભજવવાની જવાબદારી વિશે પણ વાત કરી છે. રણબીર કપૂરે ભગવાન રામનું પાત્ર ભજવવાની જવાબદારી અંગે કહ્યું છે કે, આ માત્ર ફિલ્મની ભૂમિકા નથી, પરંતુ એક જવાબદારી છે. તેણે કહ્યું, 'આ ભૂમિકા નથી. એવું નથી કે મને એક ફિલ્મની ઓફર થઈ અને આ ભૂમિકા રોમાંચક લાગી. આ એક જવાબદારી છે.' અરુણ ગોવિલની વાત રણબીરને યાદ રહી...**

# 'રામાયણ'નો BTS VIDEO રિલીઝ : રણબીર કપૂરે કહ્યું- 'આ માત્ર ભૂમિકા નથી, જવાબદારી છે'; જુઓ ગ્રીન સ્ક્રીનમાં કેવી રીતે થયું શૂટિંગ

(એજન્સી) મુંબઇ | તા.29

રણબીરે અરુણ ગોવિલના વખાણ કર્યા. તેણે કહ્યું કે, 'અરુણ સર આપણા સૌ માટે આઈકોનિક ભગવાન રામ છે. અરુણ ગોવિલની એક વાત મારા મનમાં રહી ગઈ. તેમણે કહ્યું, "ક્ષમા ધર્મ, ક્ષમા યજ્ઞ, ક્ષમા વેદ, સનાતન. ભગવાન રામની સૌથી મોટી શક્તિ તેમનું ધનુષ્ય નહોતું. તે તેમની ક્ષમા હતી. તેમની અંદર માફ કરવાની ક્ષમતા હતી.'

રણબીરની કાસ્ટિંગ પર અરુણ ગોવિલે કહ્યું- 'હાલના સમયમાં જેટલા પણ સ્ટાર્સ છે, તેમાં રણબીર રામનું પાત્ર ભજવવા માટે સૌની સરખામણીમાં સૌથી નજીક છે.'

રણબીર કપૂર અને સાઈ પલ્લવી સ્ટારર 'રામાયણ'ના પ્રમોશનને લઈને શનિવારે મુંબઈની ફિલ્મ સિટીમાં આવેલા પ્રાઈમ ફોકસ સ્ટુડિયોમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો સમય પહેલા બપોરે 12 વાગ્યાનો જણાવવામાં આવ્યો હતો, જેને બાદમાં બપોરે 1 વાગ્યાનો કરવામાં આવ્યો. નક્કી કરાયેલા સમય મુજબ મીડિયા કાર્યક્રમના સ્થળે પહોંચી ગયું હતું, પરંતુ વાતચીત શરૂ થવામાં લગભગ સાડા ચાર કલાકનો વિલંબ થયો. આ દરમિયાન રણબીર કપૂર, સાઈ પલ્લવી, નિર્માતા નમિત મલ્હોત્રા અને ડિરેક્ટર નિતેશ તિવારી સહિત ફિલ્મની ટીમ હાજર હતી. વિલંબનું કારણ યુટ્યુબર મિસ્ટર બીસ્ટના કાર્યક્રમમાં મોડા પહોંચવાનું જણાવાયું.






# 2 કરોડના ખર્ચે બનેલી 'હનુમાન અંશ' અધધ 400 કરોડ કમાણી

### 52મા દિવસે 'ધુરંધર'ની કમાણીનો રેકોર્ડ તોડ્યો, 2026ની ત્રીજી સૌથી મોટી ફિલ્મમાં સામેલ...

(એજન્સી) મુંબઇ | તા.29

માત્ર 2 કરોડના બજેટમાં બનેલી ફિલ્મ 'હનુમાન અંશ'એ 52 દિવસમાં વિશ્વભરમાં 400 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. ફિલ્મે 52મા દિવસે એટલે કે રવિવારે રેકોર્ડ 9 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ મામલે તેણે 'ધુરંધર' અને 'ધુરંધર 2' જેવી મોટી ફિલ્મોના પણ રેકોર્ડ તોડી નાખ્યા છે, જેમણે 52મા દિવસે માત્ર 1-2 કરોડની કમાણી કરી હતી. આ સાથે જ 'હનુમાન અંશ' ફિલ્મ 'મિર્ઝાપુર: ધ મૂવી' અને 'ભૂત બંગલા' જેવી ફિલ્મોને પાછળ છોડીને વર્ષની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બનવાનો રેકોર્ડ પણ બનાવ્યો છે.

ફિલ્મ 'હનુમાન અંશ'એ શુક્રવાર, 25 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં પોતાના 50 દિવસ પૂર્ણ કર્યા. સામાન્ય રીતે આટલા લાંબા સમય બાદ મોટાભાગની ફિલ્મોની કમાણી ધીમી પડવા લાગે છે, પરંતુ 'હનુમાન અંશ'ના કિસ્સામાં એવું થયું નથી. શનિવારે (26 સપ્ટેમ્બર) ફિલ્મે 6.50 કરોડ અને રવિવારે (27 સપ્ટેમ્બર) 9 કરોડનું કલેક્શન કર્યું. ફિલ્મનું વિશ્વવ્યાપી ગ્રોસ કલેક્શન હવે 401.20 કરોડ રૂપિયા થઈ ગયું છે. ફિલ્મે 52મા દિવસે સૌથી વધુ કમાણી કરવાનો રેકોર્ડ બનાવ્યો છે.

આમાં ભારતમાંથી 362.70 કરોડ રૂપિયા અને વિદેશમાંથી 38.50 કરોડ રૂપિયાની કમાણી સામેલ છે. ફિલ્મની વિદેશોમાં રિલીઝ 11 સપ્ટેમ્બરે હોમ્બલે ફિલ્મ્સ દ્વારા શરૂ થઈ હતી, તેથી ત્યાં તેની સફર હજુ શરૂઆતના તબક્કામાં છે. આવનારા દિવસોમાં વિશ્વવ્યાપી કમાણી વધવાની અપેક્ષા છે.

આ ફિલ્મના 49મા દિવસે એટલે કે 25 સપ્ટેમ્બરે સિદ્ધાર્થ મલ્હોત્રા-તમન્ના ભાટિયા સ્ટારર ફિલ્મ 'ધ-વન: ફોર્સ ઑફ ધ ફૉરેસ્ટ' સિનેમાઘરોમાં રિલીઝ થઈ. ફિલ્મે 8 કરોડ રૂપિયાનું બોક્સ ઑફિસ કલેક્શન કર્યું, જ્યારે આ દિવસે 'હનુમાન અંશ'એ 3.35 કરોડની કમાણી કરી. ફિલ્મ 'ધ વન'એ 33 કરોડ રૂપિયાનું બોક્સ ઑફિસ કલેક્શન કરી લીધું છે.

'ધ વન' પહેલાં 23 સપ્ટેમ્બરે સાઉથ ફિલ્મ 'પેરેડાઈઝ' રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઑફિસ પર સતત સારું કલેક્શન કરી રહી છે. ફિલ્મે 11 કરોડ રૂપિયાની ઓપનિંગ કરી હતી અને રવિવાર સુધીમાં તેનું તમામ ભાષાઓમાં કલેક્શન 92 કરોડ રૂપિયા થઈ ગયું છે.

'હનુમાન અંશ' બે રાજ્યોમાં ટેક્સ ફ્રી, ફિલ્મની ટીમ અમિત શાહને મળી હતી

ફિલ્મ 'હનુમાન અંશ'ને ઉત્તરાખંડ અને છત્તીસગઢમાં કરમુક્ત કરવામાં આવી છે. ફિલ્મ બાબા નીમ કરૌલીના જીવન અને તેમની શિખામણો પર આધારિત છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ફિલ્મ જોયા બાદ તેને રાજ્યમાં કરમુક્ત કરવાની જાહેરાત કરી હતી. ફિલ્મની સફળતા વચ્ચે 21 સપ્ટેમ્બરે ડિરેક્ટર વિશાલ ચતુર્વેદી, મુખ્ય એક્ટર શોભિનવ સતૈયા અને ટીમના અન્ય સભ્યો દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા.

# 'રામાયણ'ની શૂર્પણખાના ઘરે ITના દરોડા



(એજન્સી) મુંબઇ | તા.29

આવકવેરા વિભાગે મુંબઈમાં બોલિવૂડ એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ, તેના સસરા અને ફિલ્મ પ્રોડ્યુસર વાશુ ભગનાની તથા પેનોરમા સ્ટુડિયો સાથે જોડાયેલા 12 સ્થળો પર દરોડા પાડ્યા છે.

ટેક્સ ચોરી, મની લોન્ડરિંગ અને ફંડમાં ગેરરીતિની ફરિયાદ બાદ સોમવારે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. વિભાગની ટીમોએ એકસાથે તમામ સ્થળોએ તપાસ અભિયાન ચલાવ્યું. તપાસ અધિકારીઓને શંકા છે કે, ફિલ્મ પ્રોજેક્ટ્સ, વિદેશી ડિસ્ટ્રિબ્યુશન અને શૂટિંગના નામે મોટી રકમ વિદેશ મોકલવામાં આવી રહી હતી. વિભાગ હાલમાં નાણાકીય દસ્તાવેજોની તપાસ કરી રહ્યો છે.

આવકવેરા વિભાગની અનેક ટીમો મુંબઈમાં એકસાથે દસ્તાવેજો, નાણાકીય રેકોર્ડ્સ અને વિદેશી વ્યવહારોની વિગતોની તપાસ કરી રહી છે. વિભાગને છેલ્લા કેટલાક સમયથી માહિતી મળી રહી હતી કે, ફિલ્મોના શૂટિંગ અને વિદેશી વિતરણના બહાને મોટી રકમ વિદેશ મોકલવામાં આવી રહી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલમાં તપાસ ચાલુ છે અને આવકવેરા સંબંધિત ગેરરીતિઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. તપાસ પૂર્ણ થયા બાદ આવકવેરા વિભાગ આ મામલે સત્તાવાર નિવેદન જાહેર કરી શકે છે.

વાશુ ભગનાની પૂજા ફિલ્મ્સ નામની પ્રોડક્શન કંપની ચલાવે છે અને તેઓ પેનોરમા સ્ટુડિયોઝ સાથે પણ જોડાયેલા રહ્યા છે,
જેના બેનર હેઠળ 'દૃશ્યમ' ફ્રેન્ચાઈઝી જેવી સુપરહિટ ફિલ્મો બની છે.



# 'જોહર વિવાદ રાજકીય આઈટી સેલનો એજન્ડા છે' : સ્વરા ભાસ્કરે કહ્યું- 'મારા નામે લોકોની રોજીરોટી ચાલે છે'; નિવેદનના લીધે ભાજપ નેતા અને મૉડલ વચ્ચે મારામારી

(એજન્સી) મુંબઇ | તા.29

એક્ટ્રેસ સ્વરા ભાસ્કરે ફિલ્મ 'પદ્માવત'ના જોહર દૃશ્ય પર આપેલા પોતાના વિવાદાસ્પદ નિવેદન અંગે ખૂલીને વાત કરી છે. સ્ક્રીનને આપેલા એક ઈન્ટરવ્યૂમાં સ્વરાએ આ સમગ્ર વિવાદને રાજકીય આઈટી સેલનો પ્રાયોજિત એજન્ડા ગણાવ્યો છે. સ્વરાએ કહ્યું કે કેટલાક લોકો તેમના નામે પોતાની રોજીરોટી ચલાવી રહ્યા છે. સ્વરા હાલમાં રિયાલિટી શો 'રાઈઝ એન્ડ ફોલ 2'માં નજર આવી રહી છે. શોના તાજેતરના પ્રોમોમાં સ્વરાના આ જ વિવાદાસ્પદ નિવેદનને લઈને સ્પર્ધક શહેઝાદ પૂનાવાલા અને સિવેત તોમર વચ્ચે ઉગ્ર દલીલ થઈ ગઈ, જે મારામારી સુધી પહોંચી ગઈ.

ઈન્ટરવ્યૂમાં સ્વરા ભાસ્કરે કહ્યું કે, આ આશરે 10 વર્ષ જૂનો વિવાદ છે, જેને વારંવાર કોઈ કારણ વિના ઉછાળવામાં આવી રહ્યો છે. વર્ષ 2018માં જ્યારે તેણે ઓપન લેટર લખ્યો હતો, ત્યારે પણ તેને ઘણી ગાળો મળી હતી. હવે માત્ર એક પ્રશ્નનો જવાબ આપવા બદલ લોકો ફરીથી એ જ જૂની વાતો પકડીને બેઠા છે.

સ્વરાએ કટાક્ષ કરતાં કહ્યું, 'કેટલાક લોકોને મારા નામે નોકરી મળી રહી છે. તેઓ આખો દિવસ એક આખી ટીમને માત્ર મને ટ્રોલ કરવાની તાલીમ આપે છે. જો મારા નામનો ઉપયોગ કરીને, ખોટા સમાચાર ફેલાવીને અને મને પરેશાન કરીને તમારી નોકરી ચાલી રહી છે, તો આ દિવાળીએ તમારે મને થેન્ક યુ નોટ સાથે એક ગિફ્ટ હેમ્પર જરૂર મોકલવું જોઈએ.'

પોતાના નિવેદન અંગે સ્પષ્ટતા કરતાં સ્વરાએ કહ્યું કે, તેની વાતોને ખોટી રીતે રજૂ કરવામાં આવી છે. તેણે કહ્યું, 'મેં ક્યારેય એવું નથી કહ્યું કે, જોહર કરનારી મહિલાઓ કાયર હતી. મેં માત્ર એટલું કહ્યું હતું કે, જો હું પોતે દુષ્કર્મથી બચી ગયેલી વ્યક્તિ હોત અને આવું મહિમામંડન જોતી, તો મને પોતાને કાયર જેવી લાગણી થાત.'

'મીડિયા અને ટ્રોલ્સે આ રીતે રજૂ કર્યું જાણે મેં જોહરને કાયરતા કહી હોય.' સ્વરાએ દાવો કર્યો કે રાજકીય પક્ષોના આઈટી સેલ એક સુનિયોજિત યોજના હેઠળ તેના નિવેદનોને ઉછાળીને પોતાનો એજન્ડા સાધે છે.

રિયાલિટી શો 'રાઈઝ એન્ડ ફોલ સીઝન 2'ની શરૂઆત થતાં જ સ્વરાના નિવેદનને લઈને લડાઈ જોવા મળી છે. શોના પ્રોમોમાં ભાજપના પૂર્વ પ્રવક્તા શહેઝાદ પૂનાવાલા અને મૉડલ- કોન્ટેન્ટ ક્રિએટર સિવેત તોમર વચ્ચે ઉગ્ર દલીલ જોવા મળી છે. હકીકતમાં સિવેતે કહ્યું કે તે રાજપૂત છે. સ્વરાએ રાજપૂત મહિલાઓનું અપમાન કર્યું છે, તેથી જ્યાં સુધી સ્વરા માફી નહીં માંગે ત્યાં સુધી તે તેની સાથે વાત નહીં કરે.

આ પછી સિવેત સ્વરા સાથે વાત કરતો અને તેનો પક્ષ લેતો જોવા મળ્યો. પેન્ટહાઉસ ટાસ્ક દરમિયાન જ્યારે શહેઝાદે સિવેતને અનફિટ ગણાવ્યો, ત્યારે સિવેતે તેના પર નિશાન સાધ્યું.

આના જવાબમાં શહેઝાદે સિવેતને કહ્યું કે, તેણે અગાઉ રાજપૂત મહિલાઓ અને જોહર સીન પર સ્વરાના નિવેદનનો વિરોધ કર્યો હતો, પરંતુ હવે તે સ્વરાનો જ પક્ષ લઈ રહ્યો છે. દલીલ એટલી વધી ગઈ કે સિવેત આક્રમક થઈને શહેઝાદ તરફ ધસી ગયો અને બંને વચ્ચે મારામારી થઈ ગઈ. સ્વરાએ વચ્ચે આવીને સિવેતને રોકવાનો પ્રયાસ કર્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શોમાં હિંસા કરવાના આરોપમાં સિવેત તોમરને બહારનો રસ્તો બતાવી દેવામાં આવ્યો છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

**એથ્લેટિક્સ ફેડરેશન કોર્ટમાં જશે**

## એશિયન ગેમ્સમાં શૈલી સિંહના માપદંડ વિવાદ



(એજન્સી) નવી દિલ્હી । તા. 29

એશિયન ગેમ્સમાં લાંબા કૂદકાની સ્પર્ધામાં ભાગ લેનાર ભારતીય પ્રતિભાશાળી ખેલાડી શૈલી સિંહના પ્રદર્શન અંગે એક ગંભીર વિવાદ સામે આવ્યો છે. અધિકારીઓની ભૂલના કારણે શૈલી સિંહનો એક મહત્વપૂર્ણ પ્રયાસ ખોટી રીતે માપવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, જેના કારણે તેને પદકથી વંચિત રહેવું પડ્યું છે. આ અનીતિ સામે લડવા માટે એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા હવે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પોર્ટ્સ કોર્ટમાં જવાનો મક્કમ નિર્ણય લેવામાં આવ્યો છે, જે સમગ્ર રમત જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

સ્પર્ધા દરમિયાન શૈલી સિંહે ૬.૪૨ મીટરના સર્વશ્રેષ્ઠ કૂદકા સાથે ચોથું સ્થાન મેળવ્યું હતું, જ્યારે અન્ય ભારતીય ખેલાડી એન્સી સોજને ૬.૫૩ મીટર સાથે રજત પદક પોતાના નામે કર્યો હતો. આ સમગ્ર વિવાદની જડ શૈલીના ચોથા પ્રયાસ સાથે જોડાયેલી છે, જેનું સત્તાવાર માપ ૬.૪૧ મીટર નોંધવામાં આવ્યું હતું. શૈલીના માર્ગદર્શક અને દિગ્ગજ ખેલાડી અંજુ બોબી જ્યોર્જ અનુસાર, લેન્ડિંગ પિટની નજીક ન રહેલા એક અધિકારીની ખોટી નિશાનીના કારણે આ ત્રુટિ સર્જાઈ હતી, જેના લીધે સાચું માપ લેવામાં આવ્યું ન હતું.

અંજુ બોબી જ્યોર્જના જણાવ્યા અનુસાર, લેન્ડિંગ પિટની નજીક રહેલા અધિકારીએ શરૂઆતમાં સાચી જગ્યાએ નિશાન કર્યું હતું, પરંતુ પાછળ ઊભેલા અન્ય અધિકારીએ આવીને અલગ જ જગ્યાએ માપ લેવડાવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, ભારતીય ટીમે આ અંગે તુરંત જ વિરોધ નોંધાવ્યો હતો અને સાઈડ-વ્યુ વીડિયોની માંગણી કરી હતી, પરંતુ જ્યુરી દ્વારા અગાઉનો નિર્ણય જ માન્ય રાખવામાં આવ્યો હતો. આ અન્યાય સામે અવાજ ઉઠાવતા ફેડરેશને હવે લૌસાને સ્થિત સ્પોર્ટ્સ કોર્ટમાં અપીલ કરવાનો સત્તાવાર નિર્ણય લીધો છે.

**ખેડૂત પુત્રીની અદભુત સંઘર્ષગાથા, બીમારી અને વરસાદ વચ્ચે મેળવ્યો વિજય**

# એશિયન ગેમ્સમાં નીરુ ઢાંડાએ રચ્યો શાનદાર ઈતિહાસ



(એજન્સી) નવી દિલ્હી । તા. 29

એશિયન ગેમ્સની ટ્રેપ શૂટિંગ સ્પર્ધામાં ભારતની તેજસ્વી ખેલાડી નીરુ ઢાંડાએ પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ અને મક્કમ મનોબળના જોરે ઈતિહાસ રચ્યો છે. પ્રતિકૂળ સંજોગો, ભારે બીમારી અને હાડ થીજવી નાખતી ઠંડી વચ્ચે પણ શાનદાર પ્રદર્શન કરીને નીરુએ મહિલાઓની ટ્રેપ સ્પર્ધામાં રેકોર્ડ ૨૮ હિટ સાથે દેશ માટે ગૌરવવંતુ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યું છે. આ સાથે જ તે એશિયન ગેમ્સની મહિલા ટ્રેપ વ્યક્તિગત ઈવેન્ટમાં સ્વર્ણ પદક જીતનારી પ્રથમ ભારતીય મહિલા શૂટર બની ગઈ છે, જે સમગ્ર દેશ માટે એક ગર્વની ક્ષણ છે.

સ્પર્ધાના અંતિમ ચરણમાં જ્યારે નીરુ ટાર્ગેટ સાધવા માટે તૈયાર થઈ ત્યારે વાતાવરણ અત્યંત ખરાબ હતું. પર્વતીય વિસ્તારમાં સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદ અને ભારે ઠંડીને કારણે પરિસ્થિતિ ખૂબ જ વિકટ બની ગઈ હતી. શરીરના વજન કરતા પણ ભારે એવી પોતાની બરેટા ગન સાથે વરસાદમાં ધ્રૂજતી હોવા છતાં નીરુએ પોતાની નજર માત્ર લક્ષ્ય પર જ કેન્દ્રિત રાખી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ મહાસંગ્રામ પહેલાના દસ દિવસો તેના માટે કોઈ દુઃસ્વપ્ન જેવા હતા કારણ કે તે ગંભીર બીમારીનો ભોગ બની હતી અને ભોપાલની હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી.

પ્રશિક્ષક પીટર વિલ્સનની દેખરેખ હેઠળ તાલીમ મેળવતી નીરુ માટે આ તૈયારીનો સમય ખૂબ જ કપરું વહીવટ સાબિત થયો હતો. કેમ્પ દરમિયાન અંદાજે સાડા ત્રણ અઠવાડિયા સુધી તે એક પણ દિવસ પ્રેક્ટિસ કરી શકી ન હતી અને માત્ર પ્રવાહી આહાર પર નિર્ભર રહી હતી. સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતી નીરુનો આ મુકામ સુધી પહોંચવાનો પ્રવાસ અત્યંત પ્રેરણાદાયી રહ્યો છે. હરિયાણાના જીંદ જિલ્લાની મૂળ વતની એવી નીરુએ કઝિન લક્ષ્ય શ્યોરાણથી પ્રેરણા લઈને શૂટિંગની શરૂઆત કરી હતી અને ભોપાલ અકાદમીમાં જોડાઈને પોતાની મહેનતથી આ મુકામ હાંસલ કર્યો છે.

મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ "તોફાન આવે તો પણ નજર લક્ષ્ય પર જ હોવી જોઈએ" તેવા મંત્રને અનુસરીને નીરુએ શાનદાર શૂટિંગ કર્યું હતું. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષ ૧૯૭૮ પછી ટ્રેપ ઈવેન્ટમાં ભારતને મળેલો આ સૌથી મોટો વિજય છે. નીરુ ઢાંડાની આ ઐતિહાસિક સફળતા સાબિત કરે છે કે જો દ્રઢ નિશ્ચય હોય તો ગમે તેવી મુશ્કેલીઓને પણ હરાવી શકાય છે.

## તિરુવનંતપુરમ વનડેમાં વિરાટ કોહલીનું ઐતિહાસિક પરાક્રમ

(એજન્સી) તિરુવનંતપુરમ । તા. 29




તિરુવનંતપુરમ શહેરમાં રમાયેલી રોમાંચક વનડે મેચમાં ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ પોતાની અદ્ભુત રમતથી સમગ્ર વિશ્વમાં દેશનું નામ રોશન કર્યું છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની આ મુકાબલામાં અણનમ ૧૩૯ રનની શાનદાર ઈનિંગ રમીને કોહલીએ વનડે ક્રિકેટમાં ૧૫,૦૦૦ રનનો ઐતિહાસિક આંકડો પાર કરી લીધો છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર પછી આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વના માત્ર બીજા બેટ્સમેન બન્યા છે, જેને લઈને સમગ્ર દેશના ક્રિકેટ જગતમાં ઉત્સવનો માહોલ છવાઈ ગયો છે.

સાતમી સપ્ટેમ્બરના રોજ રમાયેલી આ મેચ બાદ ૩૭ વર્ષીય કોહલીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે માત્ર વ્યક્તિગત આંકડાઓ પાછળ ભાગવું એ તેમનો ક્યારેય હેતુ રહ્યો નથી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં લાંબો સમય ટકી રહેવા માટે ગમે તેવી વિષમ પરિસ્થિતિઓમાંથી ટીમને વિજય અપાવવો એ જ તેમનું મૂળ લક્ષ્ય છે. જો કોઈ ખેલાડી માત્ર નંબર્સ માટે રમે તો રમતની મૂળ ભાવના સાથે સમાધાન થઈ જાય છે. મીડિયા અહેવાલ મુજબ, આ ઐતિહાસિક સિદ્ધિ ટીમની જીત સાથે હાંસલ થઈ હોવાથી તેની ખુશ બેગણી થઈ ગઈ છે.

મેદાન પર વર્તમાન કેપ્ટન શુભમન ગિલ સાથેની ભાગીદારી અંગે વાત કરતા કોહલીએ જણાવ્યું કે બંને વચ્ચે અરસપરસ સમજણ ખૂબ જ ઉત્તમ છે, જેના કારણે લાંબી ચર્ચાઓની જરૂર પડતી નથી. મેચ દરમિયાન રણનીતિ અને ફિલ્ડિંગના નિર્ણયો અંગે ગિલ સાથે સતત વિચારોનું આદાન-પ્રદાન થતું રહે છે. ગિલની કેપ્ટનશીપની પ્રશંસા કરતા તેમણે ઉમેર્યું કે સુકાનીપદ હંમેશાં યોગ્ય અને પરિપક્વ રમતને સમજનારા ખેલાડીને જ સોંપવામાં આવે છે. બીજી તરફ, યુવા કેપ્ટન શુભમન ગિલે કોહલીની આ ઉપલબ્ધિને પોતાના જીવનની સૌથી ગૌરવપૂર્ણ અને યાદગાર ક્ષણ ગણાવી હતી.

ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓ વચ્ચે તંદુરસ્ત વાતાવરણ જાળવવું કેટલું મહત્વનું છે તે વિશે ચર્ચા કરતા કોહલીએ જણાવ્યું કે મુશ્કેલ પરિસ્થિતિઓમાં સિનિયર ખેલાડીઓએ શાંત અને સકારાત્મક રહેવું જોઈએ. જ્યારે વરિષ્ઠ ખેલાડીઓ હસમુખા સ્વભાવ સાથે દબાણને સંભાળે છે, ત્યારે યુવા ખેલાડીઓનો આત્મવિશ્વાસ પણ અનેકગણો વધી જાય છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કોહલીનું આ ફોર્મ અને તેમનો અડગ આત્મવિશ્વાસ આગામી સમયમાં ભારતીય ટીમને વધુ ઊંચાઈઓ પર લઈ જવા માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.

## કરાચી ટેસ્ટથી ડેબ્યૂ કરનાર સલિલ અંકોલા કરિયર

**ઈજાના કારણે અંકોલાની કારકિર્દી અટકી**



(એજન્સી) નવી દિલ્હી । તા. 29

અહીં ભારતીય ક્રિકેટ ઈતિહાસના પાનાઓમાં વર્ષ ૧૯૮૯ની કરાચી ટેસ્ટ એક અત્યંત ઐતિહાસિક મુકાબલો તરીકે નોંધાયેલી છે, જેણે દેશને એક મહાન બેટ્સમેન આપવાની સાથે એક તેજસ્વી ઝડપી બોલરની દુઃખદ કારકિર્દીની પણ શરૂઆત કરાવી હતી. આ જ મહત્ત્વપૂર્ણ મેચ દ્વારા ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું, અને આ જ મેચમાં ઝડપી બોલર સલિલ અંકોલાએ પણ ભારત માટે પોતાનો ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યો હતો. નિયતિનો ખેલ કેવો અજીબ હોય છે, તેનું આ સૌથી મોટું અને વસમા ઉદાહરણ સાબિત થયું છે. કરાચી ટેસ્ટ પછી બંને ખેલાડીઓની કારકિર્દી સાવ અલગ અને વિપરીત દિશામાં વળી ગઈ હતી. સચિન તેંડુલકરે વિશ્વ ક્રિકેટમાં સર્વોચ્ચ શિખરો સર કરીને ૨૦૦ ટેસ્ટ મેચો રમી અને ૧૫,૦૦૦થી વધુ રનનો વિશાળ રેકોર્ડ બનાવીને ઈતિહાસ રચ્યો. બીજી તરફ, સલિલ અંકોલાની કિસ્મત એટલી કઠોર નીકળી કે તેમની સમગ્ર ટેસ્ટ કારકિર્દી માત્ર તે એક જ કરાચી ટેસ્ટ પૂરતી મર્યાદિત રહી ગઈ. સ્થાનિક ક્રિકેટમાં સતત દમદાર પ્રદર્શન કરવા છતાં તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે લાંબી અને સ્થિર તકો મળી શકી ન હતી.

સલિલ અંકોલાનું સમગ્ર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કરિયર માત્ર ૧ ટેસ્ટ અને ૨૦ વનડે મેચો સુધી જ સીમિત રહી ગયું હતું. સ્થાનિક મેદાન પર શાનદાર દેખાવ છતાં તેઓ વારંવાર ભારતીય ટીમમાં અંદર-બહાર થતા રહ્યા. મીડિયા અહેવાલ મુજબ, ગંભીર શારીરિક સમસ્યાઓ અને વારંવાર થતી ઈજાઓને કારણે નિયતિએ એવો ખેલ દેખાડ્યો કે તેઓ લાંબો સમય મેદાન પર ટકી શક્યા નહીં. જ્યારે કોઈપણ ખેલાડી પોતાની શ્રેષ્ઠ ફોર્મ અને યુવાનીના ઉછાળ પર હોય છે, બરાબર તે જ સમયે એટલે કે માત્ર ૨૮ વર્ષની નાની વયે અંકોલાએ ભારે હૈયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરવી પડી હતી.

**દક્ષિણ આફ્રિકાનો ઐતિહાસિક સ્કોર તાન્ઝાનિયા પસ્ત**

## ગૌહાટી મેચ પહેલા રોહિત શર્મા વિવાદ, વિરાટ કોહલીની આશ્ચર્યજનક પ્રતિક્રિયા



(એજન્સી) નવી દિલ્હી । તા. 29

વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ વનડે મેચમાં શાનદાર વિજય મેળવ્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા સાથે જોડાયેલી એક મોટી ઘટના સામે આવી છે, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાઈરલ થઈ રહ્યો છે. મેચ જીત્યા બાદ જ્યારે ટીમ બસ દ્વારા હોટેલ પરત ફરી રહી હતી, ત્યારે બસમાંથી નીચે ઉતરતી વખતે હિટમેન રોહિત શર્માનો પગ લપસી ગયો હતો અને તેઓ નીચે પડી ગયા હતા. સદભાગ્યે, આ દુર્ઘટનામાં તેમને કોઈપણ પ્રકારની ગંભીર ઈજા થઈ ન હતી અને તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યા હતા.

સામાજિક માધ્યમ પ્લેટફોર્મ એક્સ પર વાઈરલ થઈ રહેલા આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે રોહિત શર્મા જ્યારે બસની સીડીઓ ઉતરી રહ્યા હતા ત્યારે અચાનક તેમનો પગ લપસી ગયો હતો. ત્યાં હાજર કેટલાક સ્ટાફના સભ્યો અને એક પોલીસકર્મી તરત જ દોડી આવ્યા હતા અને રોહિત શર્માને તુરંત ઊભા કર્યા હતા. આ ઘટના બની ત્યારે અન્ય ખેલાડીઓ અગાઉથી જ બસમાંથી નીચે ઉતરી ચૂક્યા હતા અને હોટેલના સ્ટાફ તેમજ પ્રશંસકો ભારતીય ટીમની જીતની ઉજવણી કરવા માટે બહાર ઊભા હતા.

બધા લોકો જ્યારે જીતની ખુશીમાં તાલીઓ પાડી રહ્યા હતા, ત્યારે બસમાંથી પહેલા જ ઉતરી ચૂકેલા વિરાટ કોહલીનું ધ્યાન અચાનક પાછળ ગયું હતું. તેઓ પાછળ ફરીને રોહિત શર્મા તરફ જોતા નજરે પડ્યા હતા, જેની પ્રતિક્રિયા પણ કેમેરામાં કેદ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરીને ભારત સામે 296 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. જવાબમાં રોહિત શર્માએ 2 ચોગ્ગા અને 3 ગગનચુંબી છગ્ગાની મદદથી 32 રનની ઉપયોગી ઈનિંગ રમી હતી, પરંતુ તેઓ તેને મોટી ઈનિંગમાં ફેરવી શક્યા ન હતા.

**ભારતીય ખેલાડીઓએ જીત્યા વ્યક્તિગત સ્વર્ણ પદક** | **મહિલા અને પુરુષ વર્ગમાં ભારતનું નોંધપાત્ર સ્થાન**

## સમરકંદ ચેસ ઓલિમ્પિયાડમાં ભારતનું શાનદાર પદક પ્રદર્શન



(એજન્સી) સમરકંદ । તા. 29

સમરકંદ શહેરમાં યોજાયેલી પ્રતિષ્ઠિત ચેસ ઓલિમ્પિયાડ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ પોતાની ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને ફરી એકવાર વૈશ્વિક સ્તરે દેશનું નામ રોશન કર્યું છે. જોકે ગત વર્ષની જેમ બંને ટાઈટલ જાળવી રાખવામાં સહેજ માટે ચૂકી જવું પડ્યું હતું, છતાં પુરુષ અને મહિલા બંને ટીમોએ પોડિયમ પર સ્થાન મેળવીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી છે. બુડાપેસ્ટની અદ્ભુત સફળતાનું પુનરાવર્તન ન થયું હોવા છતાં ભારતીય ખેલાડીઓએ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન પોતાની પ્રતિભાથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

ભારતીય ટીમ ઓપન અને મહિલા બંને વિભાગોમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરી હોવાથી દેશવાસીઓની અપેક્ષાઓ ખૂબ જ ઊંચી હતી. ભૂતકાળમાં ભારતે મનઝરીની આ રમતની દુનિયામાં પોતાની તાકાત લોખંડી પુરવાર કરી હતી. વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશના ફોર્મ અંગે થોડી ચિંતાઓ જરૂર હતી, પરંતુ તેમણે ચોથા બોર્ડ પર રમીને અદભુત રમત દાખવી અને ટીમ માટે મૂલ્યવાન યોગદાન આપ્યું.

અંતિમ ચરણમાં હંગેરી સામેની હારને બાદ કરતા તેમણે પોતાની કાબેલિયત પૂરવાર કરી દીધી છે. ટૂંક સમયમાં જ જવોખિર સિંદારોવ સામે યોજાનારી તેમની વર્લ્ડ ટાઈટલ મેચ અગાઉ આ પ્રદર્શન તેમને માનસિક મજબૂતી પૂરી પાડશે.

ચેન્નઈની યુવા ખેલાડી બી. સવિતા શ્રી માટે આ સ્પર્ધા અત્યંત યાદગાર બની રહી છે. રિઝર્વ ખેલાડી તરીકે મેદાનમાં ઉતરેલી સવિતાએ એક પણ મેચ હાર્યા વિના વ્યક્તિગત સ્વર્ણ પદક હાંસલ કર્યો છે. જ્યારે પણ ટીમ મુશ્કેલીમાં હતી ત્યારે તેમણે શાનદાર વાપસી કરીને વિજય અપાવ્યો હતો. આ ઓલિમ્પિયાડમાં દસમાંથી આઠ મેચ જીતવી એ કોઈ નાની સિદ્ધિ નથી. સવિતા ઉપરાંત કોનેરુ હમ્પી, દિવ્યા દેશમુખ અને વંતિકા અગ્રવાલે પણ પોતપોતાના બોર્ડ પર અદ્ભુત પ્રદર્શન કર્યું હતું, જોકે આર. વૈશાલી પદક મેળવવાથી સહેજ માટે વંચિત રહી ગયા હતા.


**ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન ચમક્યા**

## રાજકોટમાં બ્લેક કેટલની બેવડી સદીની કમાલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

રાજકોટ સ્થિત પ્રખ્યાત નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ભારત અને ઓસ્ટ્રેલિયા અંડર નાઈટીન વચ્ચેની પ્રથમ બહુ-દિવસીય મેચમાં ઓસ્ટ્રેલિયાના ઓપનર બ્લેક કેટલે પોતાની શાનદાર રમતથી ઈતિહાસ રચ્યો છે. મેચ દરમિયાન અત્યંત પ્રભાવશાળી બેટિંગ પ્રદર્શન કરતા બ્લેક કેટલે પ્રથમ ઈનિંગ્સ બાદ બીજી ઈનિંગ્સમાં પણ વિસ્ફોટક સદી ફટકારીને ક્રિકેટ જગતમાં નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે, જેની ચર્ચા ચારેકોર થઈ રહી છે.

મેચના પ્રારંભિક ચરણમાં જ્યારે ઓસ્ટ્રેલિયન ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી અને સતત વિકેટો પડી રહી હતી, ત્યારે બ્લેક કેટલે એક બાજુએ મક્કમતાથી ઊભા રહીને ભારતીય બોલરો સામે લડત આપી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ૧૦૨ રનની શાનદાર ઈનિંગ રમનારા આ યુવા ખેલાડીએ બીજી ઈનિંગ્સમાં માત્ર ૯૫ બોલમાં જ પોતાની સદી પૂરી કરી લીધી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ બેવડી સફળતા મેળવવાની સાથે જ તે યુવા ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં બંને ઈનિંગ્સમાં સદી ફટકારનાર વિશ્વનો માત્ર આઠમા બેટ્સમેન બની ગયો છે.




બ્લેક કેટલની આ સિદ્ધિ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ માટે પણ ગર્વની ક્ષણ સમાન છે કારણ કે આ અનોખો રેકોર્ડ બનાવનાર તે માત્ર બીજા જ ઓસ્ટ્રેલિયન બેટ્સમેન છે. આ અગાઉ વર્ષ ૧૯૯૭માં શેખુપુર ખાતે પાકિસ્તાન અંડર નાઈટીન સામે માર્કસ નોર્થે અણનમ ૨૦૦ અને ૧૩૨ રન બનાવીને સૌથી વધુ રનનો રેકોર્ડ બનાવ્યો હતો.

**ટેનિસ** // **અરીના સબાલેન્કા ચીન ઓપનમાં રમશે**

## બીજિંગ ઓપન પહેલા ટેનિસ ખેલાડી સબાલેન્કા તાજગી



(એજન્સી) બેઈજિંગ । તા. 29

બેઈજિંગ શહેરમાં યોજાનારી પ્રતિષ્ઠિત ચાઈના ઓપન સ્પર્ધા અગાઉ વિશ્વની દિગ્ગજ ટેનિસ સ્ટાર અરીના સબાલેન્કાએ જણાવ્યું છે કે તે માનસિક અને શારીરિક રીતે સંપૂર્ણપણે તાજગી અનુભવી રહી છે. ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ વિજેતા સબાલેન્કાએ તાજેતરમાં જ પોતાનું નંબર વન રેન્કિંગ ગુમાવ્યું હતું, પરંતુ તે આગામી મુકાબલા માટે પૂરી તાકાત સાથે મેદાનમાં ઉતારવા માટે તૈયાર છે. કઝાકિસ્તાનની એલેના રબાકિના સામે યુએસ ઓપનની ફાઈનલમાં પરાજયનો સામનો કર્યા પછી આ તેની પ્રથમ ટૂર્નામેન્ટ હશે, જેને લઈને તેના પ્રશંસકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સબાલેન્કાએ સતત ૯૯ અઠવાડિયા સુધી રેન્કિંગમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું, પરંતુ વર્ષના મધ્ય ભાગમાં તેને વિવિધ મુશ્કેલીઓ અને ફોર્મની અસ્થિરતાનો સામનો કરવો પડ્યો હતો. માર્ચ મહિના પછી તેણે કોઈ મોટું ટાઈટલ જીત્યું નથી અને વર્ષ ૨૦૨૨ પછી પહેલીવાર તે કોઈ પણ મુખ્ય ટ્રોફી વગર વર્ષ પૂરું કરશે તેવી સ્થિતિ સર્જાઈ છે. મીડિયા અહેવાલ મુજબ, યુએસ ઓપન દરમિયાન તેણે ફરીથી ટેનિસની રમતનો આનંદ માણવાનું શરૂ કરી દીધું છે કારણ કે તે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ હવે વધુ મજબૂત અને સ્વસ્થ અનુભવી રહી છે.

ગત વર્ષે ઈજાના કારણે બેઈજિંગ ઓપનમાંથી ખસી જનારી સબાલેન્કા આ વખતે રાઉન્ડ ઓફ ૬૪ માં હંગેરીની અન્ના બોન્ડાર અથવા મેક્સિકોની રેનાટા ઝારાઝુઆ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ ટૂર્નામેન્ટમાં તે એલેના રબાકિના પછી બીજા ક્રમે છે. બીજી તરફ, પુરુષ વર્ગમાં લોકપ્રિય ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચ પણ પોતાના છ ચાઈના ઓપન ટાઈટલની યાદીમાં વધુ એક વિજય ઉમેરવા માટે ઉત્સુક છે. ૩૯ વર્ષીય સર્બિયન ખેલાડીએ જણાવ્યું છે કે ચીનની ધરતી પરનો તેનો રેકોર્ડ હંમેશાં શાનદાર રહ્યો છે અને આ આત્મવિશ્વાસ તેને મેદાન પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપે છે.

**મ્યુનિચમાં સર્જરી બાદ સાત મહિના આરામ**

## બર્લિન મેરેથોન વિજેતા તિગ્ગ અસેફાની કમાલ, ઈજા છતાં તિગ્ગ અસેફાએ દોડ પૂરી કરી

(એજન્સી) બર્લિન । તા. 29

બર્લિન મેરેથોન સ્પર્ધામાં ઈથોપિયાની પ્રખ્યાત રનર તિગ્ગ અસેફાએ પોતાની અદમ્ય ઈચ્છાશક્તિ અને સાહસના જોરે અસાધારણ ઈતિહાસ રચ્યો છે. ગંભીર ઈજા હોવા છતાં તેમણે શાનદાર પ્રદર્શન કરીને ૨ કલાક ૧૧ મિનિટ અને ૦૪ સેકન્ડમાં દોડ પૂરી કરી હતી, જે મહિલાઓ દ્વારા મેરેથોન ઈતિહાસમાં ત્રીજું સૌથી ઝડપી પ્રદર્શન સાબિત થયું છે. આ અદભુત સફળતાથી સમગ્ર રમત જગતમાં તેમના સંઘર્ષની ચર્ચા થઈ રહી છે.

સ્પર્ધા દરમિયાન ૩૫ કિલોમીટરના અંતર સુધી તિગ્ગ અસેફા મહિલા મેરેથોન વિશ્વ રેકોર્ડ તોડવાની દિશામાં મજબૂત આગળ વધી રહી હતી, પરંતુ ત્યારબાદ તેમની ગતિ થોડીંદી પડી ગઈ હતી. પચીસ વર્ષીય ઈથોપિયન રનરે સ્પર્ધાના અંતિમ બે કિલોમીટરમાં ગંભીર શારીરિક સમસ્યા અને પગમાં અસહ્ય પીડા વચ્ચે પણ લંગડાતા લંગડાતા ફિનિશિંગ લાઈન પાર કરી હતી અને ત્યારબાદ તેઓ મેદાન પર જ ઢોળી પડ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, દોડ પૂરી થયા બાદ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તિગ્ગ અસેફાના મેનેજર જિયાની ડેમાડોન્નાએ પુષ્ટિ કરી છે કે સોમવારે મ્યુનિચની




એક ખાનગી હોસ્પિટલમાં તેમની સફળ સર્જરી કરવામાં આવી છે. મેનેજરના જણાવ્યા અનુસાર, દોડતી વખતે તેમના પગના સ્નાયુઓ સંપૂર્ણપણે ફાટી ગયા હતા અને છેલ્લા બે કિલોમીટર સુધી તેઓ માત્ર એક જ પગના સહારે દોડી રહ્યા હતા. પ્રાયોજકો દ્વારા તેમને ખાસ વિમાન મારફતે જર્મનીની વિશેષ ક્લિનિકમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં ખેલાડીઓને અત્યાધુનિક સારવાર પૂરી પાડવામાં આવે છે. આ ગંભીર શસ્ત્રક્રિયા બાદ તિગ્ગ અસેફાને અંદાજે સાત મહિના સુધી મેદાનથી દૂર રહેવું પડશે, પરંતુ આગામી વર્ષે એપ્રિલ ૨૦૨૭માં યોજાનારી લંડન મેરેથોન દ્વારા તેઓ પુનરાગમન કરી શકે છે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.


### યુક્રેનને તમામ પેટ્રિઅટ મિસાઈલો સોંપવા યુરોપ દ્વારા ખાસ અપીલ

# રશિયાના પ્રચંડ હુમલાથી યુરોપ સ્તબ્ધ અને યુક્રેનને મદદ અપીલ

(એજન્સી) કિવ । તા. 29

૨૮ના રોજ યુક્રેન પર રશિયા દ્વારા કરવામાં આવેલા પ્રચંડ હવાઈ હુમલાઓને પગલે યુરોપિયન યુનિયનના વિદેશ નીતિ પ્રમુખ કાજા કલ્લાસે શિયાળો શરૂ થાય તે પૂર્વે યુક્રેનને તાત્કાલિક એર ડિફેન્સ પ્રણાલી પૂરી પાડવા અને વધારાના પેટ્રિઅટ ઈન્ટરસેપ્ટર મોકલવા માટે સભ્ય દેશોને ભારપૂર્વક અપીલ કરી છે.

યુરોપિયન યુનિયનના વિદેશ નીતિ પ્રમુખ કાજા કલ્લાસે સોશિયલ મીડિયાના માધ્યમથી માહિતી આપતા જણાવ્યું છે કે સભ્ય દેશો વચ્ચે 'યુરોપિયન પીસ ફેસિલિટી'ના ૬.૬ અબજ યુરોના ફંડની વહેંચણી અંગે મહત્વપૂર્ણ સમજૂતી સધાઈ ચૂકી છે. આર્થિક સહયોગના આ નિર્ણયને કારણે સંરક્ષણ સાધનોની ખરીદી માટે ઓછામાં ઓછું ૧ અબજ યુરોનું નવું અને વિશેષ ફંડ ઉપલબ્ધ બનશે. આ પગલાથી યુરોપિયન દેશો વચ્ચેનો રક્ષણાત્મક સહયોગ વધુ મજબૂત થશે અને યુક્રેનને મળતી સૈન્ય સહાયમાં પણ મોટો વધારો જોવા મળશે.



મીડિયા અહેવાલ મુજબ, રવિવારથી શરૂ થયેલો હુમલાઓનો આ સિલસિલો સોમવાર સવાર સુધી યુક્રેનના વિવિધ શહેરોમાં સતત ચાલુ રહ્યો હતો. યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ જણાવ્યું કે દેશના અનેક વિસ્તારોમાં કલાકો સુધી એર સ્ટ્રાઈકના સાયરન વાગતા રહ્યા હતા અને એક એલર્ટ તો સતત ૯ કલાકથી પણ વધુ સમય સુધી ચાલુ રહ્યો હતો, જેના કારણે નાગરિકોમાં ભારે ભયનો માહોલ છવાઈ ગયો હતો. રશિયાના આ તાજેતરના ઘાતક હવાઈ હુમલાઓમાં રાજધાની કિવ ખાતે બે કિન્ડરગાર્ટન, બે શાળાઓ અને એક મુખ્ય રહેણાંક ઈમારતને ગંભીર નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત સાઉદી અરેબિયાના રાજદૂતના નિવાસસ્થાન તરીકે ઉપયોગમાં લેવાતી ઈમારત, નિપ્રો શહેરની સ્પોર્ટ્સ સ્કૂલ તેમજ સુમીની ચિલ્ડ્રન્સ હોમને પણ ભારે ક્ષતિ પહોંચી છે. કિવમાં આવેલી નેશનલ એકેડેમી ઓફ સાયન્સિસની એક અત્યંત ઐતિહાસિક ઈમારત પર પણ હુમલો થતાં ભીષણ આગ ફાટી નીકળી હતી.

રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સકીએ આ ઘટના અંગે વિગતો આપતા જણાવ્યું કે પ્રશાસન દ્વારા તાત્કાલિક ધોરણે તમામ ઈમરજન્સી સેવાઓ તૈનાત કરી દેવામાં આવી છે. ફાયર બ્રિગેડના જવાનો આગ ઓલવવાની સાથે-સાથે કાટમાળ નીચે ફસાયેલા નાગરિકોને બહાર કાઢવા માટે પૂરજોશમાં બચાવ કામગીરી ચલાવી રહ્યા છે. નિર્દોષ નાગરિકોના પ્રાણ બચાવવા માટે યુક્રેનને અત્યારે અત્યાધુનિક એર ડિફેન્સ અને આંતરરાષ્ટ્રીય સ્તરે કૂટનીતિક દબાણની સખત જરૂર છે.

---

### માણસ વગર જાતે કામ કરતા

## એઆઈ એજન્ટથી ખતરો અને અસ્રાનું રોલઆઉટ રદ



(એજન્સી) સેન ફ્રાન્સિસ્કો । તા. 29

તા. ૨૯ના રોજ ચેટજીપીટી બનાવનાર અગ્રણી કંપની ઓપનએઆઈ દ્વારા સુરક્ષાના કારણોસર પોતાનું અત્યાધુનિક એઆઈ મોડેલ જીપીટી-૬.૧ અસ્રા રિલીઝ ન કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે, કારણ કે વેબ બ્રાઉઝિંગ અને આપમેળે એપ્સ ઓપરેટ કરવાની ક્ષમતા ધરાવતી આ સિસ્ટમ નિર્ધારિત સુરક્ષા માપદંડો પર ખરી ઉતરી શકી ન હતી.

સુરક્ષા મુદ્દે આ કડક નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે ઓપનએઆઈના એક મોડેલે અગાઉ જૂન મહિનામાં પરવાનગી વિના ઓસ્ટ્રેલિયા સરકારની વેબસાઈટ્સ અને સિસ્ટમ્સમાં અનધિકૃત એક્સેસ મેળવી લીધો હતો. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે તાજેતરમાં જાહેરાત કરી હતી કે આ પ્રકારનો આ વિશ્વનો પ્રથમ કિસ્સો છે અને તેમણે સીધો સંપર્ક કરવાને બદલે સામાન્ય ઈમેઈલથી જાણ કરવા બદલ કંપનીની આકરી ટીકા પણ કરી હતી.

આ ઘટનાથી સર્વિસીસ ઓસ્ટ્રેલિયા, એન.એસ.ડબલ્યુ. બ્યુરો ઓફ ક્રાઈમ સ્ટેટિસ્ટિક્સ, વિક્ટોરિયન ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ અને ઓસ્ટ્રેલિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થ એન્ડ વેલ્ફેર જેવી મહત્વની સંસ્થાઓ પ્રભાવિત થઈ હતી. કંપનીએ પોતાની ભૂલ જાહેરમાં સ્વીકારીને માફી માંગી લીધી છે અને અસરગ્રસ્ત એજન્સીઓને સાયબર સિક્યોરિટી ફંડિંગ તથા સ્પેશિયલ સપોર્ટ આપવાની ખાતરી પણ આપી છે. આગામી ૬ ઓક્ટોબરે ઓપનએઆઈના ઉચ્ચ અધિકારીઓ આ સંદર્ભે ઓસ્ટ્રેલિયાની વિશેષ કમિટી સમક્ષ હાજર રહેશે.

આવી સ્વયંચાલિત અને જોખમી પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા માટે તાજેતરમાં ચિપ નિર્માતા દિગ્ગજ કંપની એનવીડિયા દ્વારા નવા હાર્ડવેર સેફ્ટી ટૂલ્સ રજૂ કરવામાં આવ્યા છે. જો કે, એનવીડિયાના પ્રમુખ જેનસન હુઆંગે કડક સરકારી નિયમો લાદવાના બદલે આને માત્ર એક એન્જિનિયરિંગ સમસ્યા ગણાવીને કોઈપણ પ્રકારના નિયંત્રણોની માંગને ફગાવી દીધી છે. આમ છતાં, સ્વાયત્ત એજન્ટોની વધતી જતી તાકાત અને સુરક્ષા જોખમોને લઈને વૈશ્વિક સ્તરે ચિંતાઓ સતત વધી રહી છે.

માનવ હસ્તક્ષેપ વિના જાતે જ નિર્ણયો લઈને કામ કરતા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એજન્ટો હવે ધીમે ધીમે માનવજાત માટે એક મોટો પડકાર અને ખતરો સાબિત થઈ રહ્યા છે. કોઈપણ મજબૂત સુરક્ષા કવચ વગર આ પ્રકારની અત્યાધુનિક સિસ્ટમ્સને ખુલ્લી મૂકવી સાયબર સુરક્ષા માટે ઘાતક નીવડી શકે છે. ઓપનએઆઈ દ્વારા લેવાયેલા આ સાવચેતીપૂર્વકના પગલાથી ટેકનોલોજી કંપનીઓએ હવે સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી પડશે તે સ્પષ્ટ થાય છે. આગામી સમયમાં એઆઈ એજન્ટોની મર્યાદાઓ નક્કી કરવા અને ડેટા પ્રાઈવસી જાળવી રાખવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કડક નીતિઓ બનાવવી અનિવાર્ય બની જશે, જેના પર સમગ્ર દુનિયાની નજર ટકેલી છે.


#### સેફ્ટી ટૂલ્સ અને સ્વાયત્ત એજન્ટો સામેના પડકારો

ઓપનએઆઈના સેફ્ટી સિસ્ટમ્સ હેડ સાચી જૈને જણાવ્યું છે કે આ નવું મોડેલ નિર્ધારિત અધિકૃત મર્યાદામાં રહેવામાં અને યુઝર સાથેના કામના સંચારમાં અપેક્ષિત સ્તરે પહોંચી શક્યું ન હતું. અત્રે ઉલ્લેખનીય છે કે જટિલ તાર્કિક ક્ષમતા અને સ્વાયત્ત કામગીરી ધરાવતું ફ્લેગશિપ મોડેલ જીપીટી-૬ અસ્રા અગાઉ સપ્ટેમ્બર મહિનામાં જ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ અગાઉ જુલાઈ મહિનામાં પણ આ સિસ્ટમે ઓપન સોર્સ ડેવલપર પ્લેટફોર્મ 'હગિંગ ફેસ'માં અનધિકૃત પ્રવેશ કર્યો હોવાના અહેવાલો સામે આવ્યા હતા.

---

## ન્યૂઝ બ્રીફ

### વિદેશમંત્રી એસ જયશંકરનું મોટું નિવેદન સામે આવ્યું છે



ન્યૂયોર્ક | આંતરરાષ્ટ્રીય રાજકારણ અને કૂટનીતિના મોરચે ભારત અને અમેરિકાના સંબંધોને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારો ખુલાસો થયો છે, જ્યાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે અમેરિકન પ્રશાસનની બેવડી નીતિઓ સામે ખુલ્લેઆમ સવાલો ઉઠાવ્યા છે. ન્યૂયોર્ક ખાતે યોજાયેલી એક વિશેષ બેઠક અને ચર્ચા દરમિયાન વિદેશમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આતંકવાદ જેવા અત્યંત સંવેદનશીલ અને ગંભીર મુદ્દે અમેરિકા હજુ સુધી પૂરતી ગંભીરતા દાખવી રહ્યું નથી. ભારત માટે રાષ્ટ્રીય સુરક્ષા હંમેશાં સર્વોપરી રહી છે અને જો કોઈ સહયોગી દેશ આ સુરક્ષા ચિંતાઓને નજરઅંદાજ કરશે, તો તેનાથી દ્વિપક્ષીય સંબંધો પર ઊંડી અસર પડવાની પૂરી સંભાવના છે. ભારત હંમેશાં સીમા પારના આતંકવાદ અને રાજ્ય દ્વારા પ્રાયોજિત આતંકવાદ સામે સખત વિરોધ નોંધાવતો આવ્યો છે.

### અફઘાન સરહદે ઘૂસણખોરી નિષ્ફળ, સુરક્ષા દળોની આક્રમક કાર્યવાહી



કાબુલ | અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર ફરી એકવાર તણાવની સ્થિતિ સર્જાઈ છે, જ્યાં અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલય દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે. પૂર્વીય પ્રાંત નૂરીસ્તાનમાં સરહદ પાર કરીને હુમલા કરવાના ઈરાદે ઘૂસેલા લડવૈયાઓ સામે અફઘાન સુરક્ષા દળોએ આક્રમક કાર્યવાહી હાથ ધરીને અઠ્ઠાવીસ ઘૂસણખોરોને ઠાર માર્યા છે જ્યારે બત્રીસ જેટલા લડવૈયાઓની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. આ ઘટનાને લઈને બંને દેશો વચ્ચે રાજદ્વારી સ્તરે ગરમાવો આવી ગયો છે અને સરહદી સુરક્ષાને લઈને અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. અફઘાન સંરક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ, આ લડવૈયાઓનું જૂથ શનિવારે નૂરીસ્તાનના કામદેશ જિલ્લામાં પાકિસ્તાન તરફથી સરહદ પાર કરીને સક્રિય થયું હતું. કાબુલ દ્વારા સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ તમામ ઘૂસણખોરોને પાકિસ્તાની મિલિશિયાનું પ્રત્યક્ષ અને પરોક્ષ સમર્થન પ્રાપ્ત હતું. અફઘાન દળો દ્વારા જવાબી કાર્યવાહી શરૂ કરવામાં આવતા જ આ લડવૈયાઓ સાથે જોડાયેલા પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ પાછળ હટી ગયા હતા અને તેમને ખુલ્લા મૂકી દીધા હતા.

---

### વોશિંગ્ટનમાં અમેરિકા અને ચીન વચ્ચે નવો વ્યાપારી કરાર થયો

# ટ્રમ્પ ચીનની આગળ ઝૂક્યા ટેરિફ પરત ખેંચાયા

## ચીન સાથે વેપાર કરાર વિવાદ, અમેરિકન પ્રમુખની પીછેહઠ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 29

વૈશ્વિક રાજકારણમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના પ્રમુખ શી જિનપિંગ સમક્ષ પીછેહઠ કરવી પડી છે અને બંને દેશોએ પરસ્પર ત્રીસ અબજ ડોલરના ટેરિફ પાછા ખેંચવાની ઐતિહાસિક સંમતિ સાધી છે. વોશિંગ્ટનમાં યોજાયેલી આ બેઠક દરમિયાન ચીનના રાષ્ટ્રીય હિતો અને આર્થિક દબાણ સામે અમેરિકન પ્રશાસનને નમતું જોખવું પડ્યું છે, જેને વિશ્વભરના નિષ્ણાતો ટ્રમ્પ માટે એક મોટા પરાજય સમાન ગણાવી રહ્યા છે.

અમેરિકા અને ચીન વચ્ચે લાંબા સમયથી વ્યાપારી યુદ્ધ ચાલી રહ્યું હતું, જેમાં અનેક પ્રકારના ટેરિફ લાદવામાં આવ્યા હતા. ભૂતકાળમાં અન્ય પ્રમુખોના કાર્યકાળ દરમિયાન પણ ચીન સામે કડક વલણ અપનાવવામાં આવતું હતું, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં ચીને પોતાની આર્થિક તાકાતના જોરે અમેરિકાને ઝુકાવવામાં સફળતા મેળવી છે. આ બેઠકમાં માત્ર ટેરિફ જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સંબંધો અને વેપારના અનેક જટિલ મુદ્દાઓ પર ગંભીર ચર્ચાઓ થઈ હતી, જેના પરિણામે અમેરિકાને પોતાના જૂના નિર્ણયો બદલવાની ફરજ પડી છે.

આ સમગ્ર સોદા પાછળ ચીનનું સૌથી મોટું હથિયાર તેનું રેર અર્થ મટીરિયલ રહ્યું છે. વિશ્વના સિત્તેર ટકા રેર અર્થ મટીરિયલનું ઉત્પાદન અને નેવું ટકા પ્રોસેસિંગ એકલું ચીન કરે છે, જેનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ્સ, વિન્ડ એનર્જી, ડિફેન્સ ઈક્વિપમેન્ટ અને એરોસ્પેસ જેવા અત્યંત મહત્ત્વપૂર્ણ સેક્ટરમાં થાય છે. ચીને આ ખનિજની નિકાસ પર અંકુશો લાદીને અમેરિકા સામે એક એવું દબાણ ઊભું કર્યું કે ટ્રમ્પ પ્રશાસનને ગાત્રો ઢીલા કરવા પડ્યા અને જિનપિંગ સમક્ષ કોઈપણ શરત વગર ઝૂકવું પડ્યું.

મીડિયા અહેવાલ મુજબ, રશિયા અને ઈરાન સાથેના દ્વિપક્ષીય વ્યાપારી સંબંધોમાં અમેરિકાએ વચ્ચે ન પડવું જોઈએ તેવું ચીનનું મક્કમ વલણ રહ્યું હતું. ચીનના પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે અમેરિકાના પ્રતિબંધો છતાં તેઓ રશિયા અને ઈરાન સાથેનો કારોબાર ચાલુ જ રાખશે. આ



કડક સ્થિતિ સામે ટ્રમ્પ રશિયા પર પ્રતિબંધો કે ઈરાન સેન્કશન એક્ટ જેવા મુદ્દે કોઈ જ ખાતરી મેળવી શક્યા ન હતા, જેના કારણે અમેરિકન પ્રમુખ પૂરેપૂરા બેકફૂટ પર આવી ગયા હતા.

નક્કી થયા મુજબ બંને દેશો એકબીજાની આયાત પરના રેસિપ્રોકલ ટેરિફ ઘટાડશે, જેમાં અમેરિકા ચીનના રમકડા, ઘરગથ્થુ ઉપકરણો, કિચન અને બાથરૂમ પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટાડશે, જ્યારે ચીન અમેરિકાના કૃષિ ઉત્પાદનો, પર્સનલ કેર પ્રોડક્ટ્સ, મેડિકલ ડિવાઈસીસ અને કોલસા પર રાહત આપશે. આ ઉપરાંત બંને દેશો વચ્ચે વેપારના અવરોધો દૂર કરવા માટે ચાઈના-યુએસ ટ્રેડ બોર્ડની સ્થાપના કરવાની તૈયારી પણ દર્શાવવામાં આવી છે. આમ આર્ટ ઓફ ડીલના પ્રણેતા ગણાતા ટ્રમ્પ ચીનની કૂટનીતિ સામે સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયા છે.

આશ્ચર્યજનક બાબત તો એ રહી કે ટ્રમ્પ ચીન સમક્ષ રશિયા પર પ્રતિબંધો લાદતા બિલ તથા ઈરાન સેન્કશન એક્ટ જેવા મહત્વના મુદ્દાઓ પર કશું જ બોલી શક્યા ન હતા. જિનપિંગે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે અન્ય દેશોના દ્વિપક્ષીય વ્યાપારી સંબંધોમાં અમેરિકાએ વચ્ચે પડવાની કે માથું મારવાની કોઈ જ જરૂર નથી. આમ, અમેરિકાના તમામ આર્થિક પ્રતિબંધો છતાં ચીન તેના જૂના અને મજબૂત મિત્રો ગણાતા રશિયા તથા ઈરાન સાથેનો વેપાર અવિરતપણે ચાલુ જ રાખશે. આ નવું બોર્ડ બંને દેશો વચ્ચેના વેપાર પર બારીકાઈથી નજર રાખશે અને તેમાં ઊભા થતા અવરોધોને દૂર કરવાનો પ્રયાસ કરશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના મામલે પણ ચીને માત્ર સાદી વાતચીત ચાલુ રાખવાની હૈયાધારણ આપી છે, બાકી કોઈ નક્કર વચન આપ્યું નથી. આમ, પોતાની જાતને શ્રેષ્ઠ ડીલમેકર ગણાવતા ટ્રમ્પ ચીની કૂટનીતિ અને ફૂંગફૂ શૈલી સામે સંપૂર્ણપણે માત ખાઈ ગયા છે અને દાયકાઓમાં પહેલીવાર કોઈ અમેરિકન પ્રમુખ આટલી હદ સુધી બેકફૂટ પર નજરે પડ્યા છે.

---

## હોર્મુઝ પછી હવે અરબ સાગરમાં ઘૂસશે ઈરાની સેના અને ખામેનેઈની જાહેરાત

(એજન્સી) ઢાકા । તા. 29

૨૮ ના રોજ ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ હિઝબુલ્લાહના દિવંગત નેતા હસન નસરૂલ્લાહની શહાદતની બીજી વરસી નિમિત્તે યોજાયેલા એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં જાહેરાત કરી હતી કે ઈરાની સૈન્ય ટૂંક સમયમાં જ અરબ સાગરનો સફાયો કરીને તમામ શત્રુ દળોને તે ક્ષેત્રમાંથી બહારનો રસ્તો દેખાડશે.

ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે દેશની સેનાએ હોર્મુઝ સ્ટ્રેટની આસપાસના જળમાર્ગો પર અત્યંત સાવચેતીપૂર્વક સુરક્ષા પૂરી પાડી છે અને અગાઉ પણ શત્રુઓની દરેક નાપાક હરકતનો જડબાતોડ જવાબ આપ્યો છે. આ વિસ્તારમાં ઈરાની જવાનોની બહાદુરીના કારણે જ દુશ્મન દેશો હવે આ સીમાઓ તરફ આગળ વધવાની હિંમત પણ કરી શકતા નથી. જ્યારે પણ તેમણે આ ક્ષેત્રમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો છે, ત્યારે તેમને ભારે નુકસાન વેઠવું પડ્યું છે.

આ નિવેદન ઈરાન-ઈરાક યુદ્ધની યાદો અને વર્ષ ૨૦૨૪માં ઈઝરાયેલના હુમલામાં શહીદ થયેલા હિઝબુલ્લાહ પ્રમુખ હસન નસરૂલ્લાહની પુણ્યતિથિના અવસર પર આપવામાં આવ્યું હતું. ખામેનેઈએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દક્ષિણ ઈરાનની જળસીમામાંથી દુશ્મનો પહેલેથી જ પીછેહઠ કરી ચૂક્યા છે અને હવે અરબ સાગરના દરિયાકાંઠેથી પણ તેમને કાયમ માટે ખદેડી મૂકવામાં આવશે.

વૈશ્વિક વેપાર અને ઊર્જા ક્ષેત્રે અરબ સાગર તથા હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાના સૌથી સંવેદનશીલ અને મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગોમાં સ્થાન ધરાવે છે. આ જળમાર્ગો દ્વારા જ આખી દુનિયામાં તેલનો મોટો જથ્થો સપ્લાય થાય છે. આવામાં ઈરાનનું આ આક્રમક અને મક્કમ વલણ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારે ચર્ચાનો વિષય બન્યું છે.

---

## બાંગ્લાદેશ ભારત સાથે સંબંધો સુધારવા તૈયાર છે તે મોટા-પાડોશી દેશ પાસે, તેવી જ આશા રાખે છે : એન.આઇ. મોની

(એજન્સી) ઢાકા । તા. 29

બાંગ્લાદેશ જાતીય સંસદ (સંસદ)ના ચીફ વ્હીપ નુરૂલ ઈસ્લામ મોનીએ ભારતને એક મોટા પાડોશી દેશ તરીકે સંબોધિત કરતા જણાવ્યું છે કે, જો ભારત સંબંધો મજબૂત કરવા માટે હાથ લંબાવશે તો બાંગ્લાદેશ પણ તે સ્વીકારવા અને સંબંધો ગાઢ બનાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. એએનઆઈને આપેલી એક મુલાકાતમાં તેમણે સ્પષ્ટ કર્યું કે દ્વિપક્ષીય સંબંધો સમાનતા અને પારસ્પરિક સાર્વભૌમત્વની સ્વીકૃતિના આધારે જ હોવા જોઈએ.



ભારત સાથે અગાઉ થયેલા ૧૦૧ કરારો અંગે વાત કરતા તેમણે કહ્યું કે તેમાંથી કેટલાક કરારો જેમ છે તેમ ચાલુ રાખી શકાય છે જ્યારે કેટલાક કરારોની સમીક્ષા કરવી જરૂરી છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે સમીક્ષા કરવાનો અર્થ તે કરારોને નાબૂદ કરવાનો નથી, પરંતુ તેમાં સમય અને જરૂરિયાત મુજબ થોડા સુધારા કરવા તેવો થાય છે. બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનની ભારત મુલાકાત અંગે તેમણે જણાવ્યું કે બંને દેશો પરસ્પર અનુકૂળ તારીખ નક્કી કરી રહ્યા છે અને વહેલા કે મોડા તેઓ ભારતની મુલાકાતે ચોક્કસ જશે. નુરૂલ ઈસ્લામ મોનીએ વધુમાં જણાવ્યું હતું કે આગામી ઉચ્ચ સ્તરીય મુલાકાતો દરમિયાન કેટલાક વિવાદાસ્પદ મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવશે અને પરસ્પરના મતભેદો દૂર કરવા માટે સઘન પ્રયાસો હાથ ધરાશે. રાજકીય નિરીક્ષકોના મતે તિસ્તા જળ-વહેંચણીનો વિવાદ અને પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ભારતમાં લીધેલા રાજ્યાશ્રય જેવા મુદ્દાઓ આ ચર્ચાના કેન્દ્રમાં રહેશે.

વિશ્લેષકોનું એવું પણ માનવું છે કે ક્ષેત્રીય સુરક્ષા અને વ્યાપારિક સ્થિરતા માટે બાંગ્લાદેશી વિદ્વાનો પણ પોતાની સરકારને ચેતવી રહ્યા છે કે ચીન સાથેના સંબંધો ઉપરાંત ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધો સુધારવા અત્યંત આવશ્યક છે. ભારત વ્યાપાર સંબંધી બાંગ્લાદેશનું સૌથી મોટું પાર્ટનર હોવાથી પાડોશી દેશ સાથે સંબંધો બગાડવા પોસાય તેમ નથી, જે વાત હવે બાંગ્લાદેશના નેતૃત્વ દ્વારા પણ સ્વીકારવામાં આવી રહી છે.

---

**અંતરિક્ષ** | **સ્પેસએક્સ સ્ટારશિપ રોકેટ સફળ ઉડાન, નાસાના આર્ટેમિસ મિશન માટે મોટી સફળતા**

# સ્પેસએક્સ સ્ટારશિપ રોકેટની ભ્રમણકક્ષામાં સફળ ઉડાન

(એજન્સી) ટેક્સાસ । તા. 29

અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ અને ગૌરવવંતી ઘટના સામે આવી છે, જેમાં સ્પેસએક્સના વિશાળકાય સ્ટારશિપ રોકેટે પહેલી વખત પૃથ્વીની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક પ્રવેશ કરીને નવો ઈતિહાસ રચ્યો છે. ટેક્સાસના બોકા ચિકા સ્થિત સ્પેસબેઝ લોન્ચ ફેસિલિટી પરથી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ આ ૧૨૪ મીટર ઊંચા મહાકાય રોકેટે ભવ્ય ઉડાન ભરી હતી. આ અત્યાધુનિક પ્રાયોગિક મિશન દ્વારા દુનિયાના સૌથી શક્તિશાળી લોન્ચ વ્હીકલે પોતાની ક્ષમતા પૂરવાર કરી છે અને વૈશ્વિક સ્તરે વિજ્ઞાન જગતમાં ભારે ચર્ચા જગાવી છે.

આ ઐતિહાસિક મિશન દરમિયાન સ્ટારશિપ રોકેટે ૨૯ નેક્સ્ટ-જેન



સ્ટારલિંક વી-૩ સેટેલાઈટ્સને પૃથ્વીની ભ્રમણકક્ષામાં તદ્દન સુરક્ષિત રીતે તરતા મૂક્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ સેટેલાઈટ્સ ૧ ટેરાબિટ પ્રતિ સેકન્ડની અદ્ભુત બેન્ડવિડ્થ ધરાવે છે, જે અગાઉના ફાલ્કન-૯ રોકેટ દ્વારા છોડવામાં આવતા જૂના સેટેલાઈટ્સ કરતા આશરે દસ ગણી વધુ ફાસ્ટ ઈન્ટરનેટ સ્પીડ પૂરી પાડશે. આ સેટેલાઈટ્સમાં લગાવવામાં આવેલા ખાસ હાઈ-રિઝોલ્યુશન કેમેરા દ્વારા સ્ટારશિપની હીટશીલ્ડ ટાઈલ્સનું જીવંત સ્કેનિંગ કરીને જમીન પરની કંટ્રોલ ટીમને ડેટા મોકલવામાં આવ્યો છે, જેનાથી પૃથ્વી પર પુનઃ પ્રવેશ વખતે થતા ઘર્ષણ સામેની થર્મોડાયનેમિક સહનશક્તિની સચોટ ચકાસણી થઈ શકી છે.

આ મહત્ત્વપૂર્ણ ઓર્બિટલ સફળતા માત્ર સ્પેસએક્સ માટે જ નહીં, પરંતુ નાસાના આગામી આર્ટેમિસ મૂન મિશન માટે પણ અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે. માનવજાતને ફરી એકવાર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતારવા માટે સ્ટારશિપના ખાસ લુનર લેન્ડર મોડેલનો જ ઉપયોગ થવાનો છે. અગાઉની ફ્લાઈટમાં એન્જિન રિલાઈટ વખતે સર્જાયેલી તકનીકી ખામીઓને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા સોફ્ટવેર અને ટાઈલ એન્જિનિયરિંગના સુધારા આજના મિશનમાં સો ટકા સફળ પુરવાર થયા છે, જે ભવિષ્યના અંતરિક્ષ પ્રવાસો માટે ખૂબ જ પ્રોત્સાહક સમાચાર છે.

---

## ડેટ્રોઈટની સ્ટ્રિપ ક્લબમાં થયેલી ગોળીબારીમાં 3ના મોત, 4 ઈજાગ્રસ્ત

(એજન્સી) ડેટ્રોઈટ । તા. 29

મિશીગન રાજ્યના ડેટ્રોઈટ શહેરમાં રવિવારે વહેલી સવારે સાત વાગ્યાની આસપાસ એક સ્ટ્રિપ ક્લબમાં ચાલી રહેલા રંગ-રાગ દરમિયાન સામાન્ય બાબતે થયેલી ઉગ્ર બોલાચાલી બાદ અચાનક થયેલા ગોળીબારમાં ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા અને ચાર વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ હતી.

આ અતિ ગંભીર અને ચોંકાવનારી ઘટના અંગે સ્થાનિક પોલીસ વડા બેટીસે વિગતો આપતા જણાવ્યું હતું કે ક્લબની અંદર મોડી રાત સુધી રંગ-રાગ અને મનોરંજનનો માહોલ ચાલી રહ્યો હતો. આ દરમિયાન કોઈ નાની કે સામાન્ય બાબત પરથી લોકો વચ્ચે જીભાજોડી શરૂ થઈ ગઈ હતી. જોતજોતામાં આ વિવાદ એટલો બધો વધી ગયો કે વાત સીધી ગોળીબાર સુધી પહોંચી ગઈ હતી. આ અચાનક થયેલા હુમલાને કારણે સ્થળ પર જ અફરાતફરી મચી ગઈ હતી. ગોળીબારની આ દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ગયા હતા. આ ઉપરાંત ચાર અન્ય લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં બે પુરૂષો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. ઘટનાની ગંભીરતાને જોઈને પોલીસે કોઈપણ પ્રકારની રાહ જોયા વિના તાત્કાલિક ધોરણે ખાનગી વાહનોની મદદથી તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

પોલીસ વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ઘાયલ થયેલા ચાર લોકોમાંથી બે વ્યક્તિઓની હાલત અત્યંત નાજુક અને ગંભીર બની રહી છે, જેથી તેમને વિશેષ તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. આ તમામ મૃતકો અને ઈજાગ્રસ્તોની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષની આસપાસ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

# રામ અમીરોનો ભગવાન અને મહાદેવ ગરીબોના... કોંગ્રેસ CMના નિવેદન બાદ હોબાળો, ભાજપે કર્યો પલટવાર

(એજન્સી) તેલંગાણા | તા.29

તેલંગાણાના CM રેવંત રેડ્ડીએ ભગવાન રામ અને શિવ અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે ઉત્તર અને દક્ષિણ ભારતની રાજકીય-ધાર્મિક ઓળખની સરખામણી કરતાં 'શિવ ગરીબોના ભગવાન અને રામ અમીરોના ભગવાન' ગણાવ્યા. ભાજપના 'જય શ્રીરામ'ના નારા સામે 'હર હર મહાદેવ'નો નારો ન લગાવવા અંગે પ્રશ્ન કર્યો. ભાજપે આકરી પ્રતિક્રિયા આપતા તેને ધાર્મિક વિભાજન ગણાવ્યું છે.

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના ભગવાન રામ અને ભગવાન શિવ અંગે કરેલા નિવેદનથી રાજકીય વિવાદ ઊભો થયો છે. સોમવારે એક મીડિયા કાર્યક્રમ દરમિયાન રેવંત રેડ્ડીએ ઉત્તર અને દક્ષિણ ભારતની રાજકીય તથા ધાર્મિક ઓળખની સરખામણી કરી હતી. આ દરમિયાન તેમણે ભાજપ દ્વારા 'જય શ્રીરામ'ના નારા અંગે સવાલ ઉઠાવ્યો હતો. રેવંત રેડ્ડીએ કહ્યું કે દક્ષિણ ભારતના લોકો દ્રવિડ છે અને ઉત્તર ભારતના લોકો આર્ય છે. તેમણે દાવો કર્યો કે દક્ષિણ ભારતમાં લોકો ભગવાન શિવના ભક્ત છે, જ્યારે ઉત્તર ભારતમાં ભગવાન રામની ભક્તિ સાથે રાજકીય જોડાણ વધુ જોવા મળે છે.



આ દરમિયાન તેમણે કહ્યું કે 'શિવ ગરીબોના ભગવાન છે અને રામ અમીરોના ભગવાન છે.' જોકે, તેમણે સાથે એવું પણ કહ્યું કે ભગવાન શિવ અને ભગવાન રામ બંને તેમના દેવતા છે. રેવંત રેડ્ડીએ ભાજપના નેતાઓ દ્વારા 'જય શ્રીરામ'ના નારા લગાવવામાં આવતા હોવાનો ઉલ્લેખ કરીને સવાલ કર્યો કે તેઓ એ જ રીતે 'હર હર મહાદેવ'નો નારો કેમ નથી લગાવતા. આ કાર્યક્રમમાં રેવંત રેડ્ડીએ લોકસભા બેઠકોના સીમાંકન મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમનો દાવો છે કે, જો લોકસભાની બેઠકોનું પુનઃવિતરણ મુખ્યત્વે વસ્તીના આધારે કરવામાં આવશે તો દક્ષિણ ભારતનાં રાજ્યોના રાજકીય મહત્વ પર તેની અસર પડી શકે છે. રામ અને શિવની સરખામણીનો સંદર્ભ પણ તેમણે ઉત્તર અને દક્ષિણ ભારતની અલગ રાજકીય તથા સાંસ્કૃતિક ઓળખ સમજાવવા માટે આપ્યો હતો.

રેવંત રેડ્ડીના નિવેદન સામે ભાજપે આકરી પ્રતિક્રિયા આપી છે. કેન્દ્રીય મંત્રી બાંદી સંજય કુમારે આરોપ લગાવ્યો કે રેવંત રેડ્ડી ભગવાન રામ અને ભગવાન શિવ વચ્ચે રાજકીય વિભાજન ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. રામ અને શિવને ઉત્તર અને દક્ષિણ અથવા અમીર અને ગરીબના આધારે અલગ કરવા જોઈએ નહીં. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાશી વિશ્વનાથ મંદિર સાથેના જોડાણનો ઉલ્લેખ કરતાં રેવંત રેડ્ડીના એ સવાલનો વિરોધ કર્યો કે ભાજપના નેતાઓ ભગવાન શિવનું નામ લેતા નથી. તેમણે તેલંગાણાના વેમુલાવાડા અને ભદ્રાચલમ જેવા ધાર્મિક સ્થળોનો પણ ઉલ્લેખ કર્યો.રેવંત રેડ્ડીના નિવેદન બાદ ઉત્તર-દક્ષિણની રાજકીય ઓળખ, ભગવાન રામ અને ભગવાન શિવની ભક્તિ તથા સીમાંકન જેવા મુદ્દાઓ ફરી ચર્ચામાં આવ્યા છે. એક તરફ રેવંત રેડ્ડીએ પોતાના નિવેદન દ્વારા ઉત્તર અને દક્ષિણ ભારતની રાજકીય સંસ્કૃતિમાં રહેલા તફાવત તરફ ધ્યાન દોર્યું છે, જ્યારે ભાજપે તેમના નિવેદનને ધાર્મિક અને પ્રાદેશિક વિભાજન સાથે જોડીને વિરોધ કર્યો છે. આ નિવેદનથી બંને પક્ષોના અલગ-અલગ રાજકીય અર્થઘટન સામે આવ્યા છે અને આ મુદ્દે આગામી દિવસોમાં પણ રાજકીય ચર્ચા તેજ થવાની શક્યતા છે.

## ઈ-મેમો ભરવામાં આળસ કરી તો ફસાઈ જશો! જાણો સુપ્રીમ કોર્ટના નવા સૂચનથી કઈ 4 મુશ્કેલીઓ વધી શકે



(એજન્સી) નવી દિલ્હી | તા.29

સુપ્રીમ કોર્ટે ટ્રાફિક ઈ-મેમો ન ભરનારાઓ સામે કડક વલણ અપનાવ્યું છે. જસ્ટિસ જે.બી. પારડીવાલાની બેન્ચે સૂચવ્યું કે, ઈ-મેમોની રકમ વીજ બિલ સાથે જોડી શકાય છે. ઉપરાંત, ડ્રાઈવિંગ લાઈસન્સ રદ થવા, RC બ્લેકલિસ્ટ થવા અને વાહન જપ્ત થવા સુધીની કાર્યવાહી થઈ શકે છે. રાજ્યોએ 45,000 કરોડની વસૂલાત કરવાની બાકી છે, તેથી કડક પગલાં ભરી દંડની વસૂલાત સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો છે. સડક પર વાહન ચલાવતી વખતે હવે તમારે વધુ સતર્ક રહેવું પડશે, જેથી તમારું ઓટોમેટિક ઈમેમો ના ફાટે. જો ટ્રાફિક નિયમના ભંગ બદલ ઈમેમો કપાઈ ગયો હોય, તો હવે તાત્કાલિક ઈમેમોની રકમ જમા કરાવવી પડશે. હવે ઈમેમો ભરવામાં આળસ કરવી તમને ભારે પડી શકે છે. કારણ કે, ટ્રાફિક ઈમેમો ન ભરનારા સામે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ થઈ છે.વાસ્તવમાં, માર્ગ સુરક્ષા અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, ઈમેમો ન ભરનારા લોકોના વીજ બિલ સાથે દંડની રકમ જોડી શકાય છે. આ સિવાય પેન્ડિંગ ઈમેમોના કારણે ડ્રાઈવિંગ લાઈસન્સ રદ થવા, RC બ્લેકલિસ્ટ થવા અને વાહન જપ્ત થવા સુધીની નોબત આવી શકે છે.સડક પરિવહન વિભાગ અને અદાલતોના કડક વલણ બાદ હવે પેન્ડિંગ ઈમેમોની ચુકવણી સમયસર ન કરવી ભારે કાનૂની અને નાણાકીય મુશ્કેલીઓને નોતરી શકે છે, જે જેલ જવા સુધીની નોબત લાવી શકે છે. વાસ્તવમાં વર્તમાન ડિજિટલ યુગમાં સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની નવી ટ્રાફિક ઈમેમો સિસ્ટમે નિયમોનો ભંગ કરનારાઓ પર સકંજો કસવાનું શરૂ કરી દીધુ છે. એવામાં જો તમારા વાહન પર પણ ઈમેમો બાકી હોય, તો તાત્કાલિક તેનો ઓનલાઈન અથવા કોર્ટના માધ્યમથી નિકાલ કરી લો. માર્ગ સુરક્ષા સાથે જોડાયેલી એક જનહિત અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલાની બેન્ચે ઈમેમોની વસૂલાતને લઈને અત્યંત કડક સૂચનો આપ્યા છે. તેમણે પોતાના આદેશમાં જણાવ્યું કે, જે લોકો બેદરકારીથી વાહન ચલાવે છે અને ઈમેમો નથી ભરતા, તેમના ઈમેમોની રકમ તેમના વીજ બિલ સાથે જોડી દેવામાં આવે. વીજળી વગર રહેવું શક્ય નથી, જેનાથી લોકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે સુધારો આવશે. આ દરમિયાન અદાલતે એ વાત પર પણ ચિંતા વ્યક્ત કરી કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ઈમેમો પેટે લગભગ 45,000 કરોડની વસૂલાત કરવાની છે, પરંતુ અત્યાર સુધી માત્ર 25,000 કરોડ જ વસૂલી શકાયા છે. કોર્ટના જણાવ્યા પ્રમાણે માત્ર ઈમેમો ઈશ્યૂ કરી દેવું પૂરતું નથી, પરંતુ જમીની સ્તર પર કડક પગલાં ભરીને દંડની વાસ્તવિક વસૂલાત સુનિશ્ચિત કરવી તેનાથી વધુ જરૂરી છે.નિશ્ચિત મર્યાદામાં ઈમેમો ન ભરવા પર ટ્રાફિક વિભાગ કેસ ટ્રાફિક કોર્ટમાં મોકલી આપે છે. એવામાં સમન મળ્યા બાદ પણ જો કોઈ વાહન માલિક કોર્ટમાં હાજર ન થાય, તો ગેરહાજરીમાં દંડ ફટકારી શકાય છે. આ ઉપરાંત સતત અવગણના કરવા બદલ જજ બિનજામીનપાત્ર વોરંટ પણ ઈશ્યૂ કરી શકે છે.વારંવાર ઈમેમો પેન્ડિંગ રાખવા પર ડ્રાઈવિંગ લાઈસન્સ અસ્થાયી રૂપે સસ્પેન્ડ અથવા કાયમ માટે રદ કરી શકાય છે. આ ઉપરાંત વાહનનું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ (RC) પરિવહન પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરી દેવામાં આવશે, જેનાથી ગાડી બીજા કોઈના નામે ટ્રાન્સફર થઈ શકશે નહીં.સુપ્રીમ કોર્ટે અધિકારીઓને નિર્દેશ આપ્યા છે કે પેન્ડિંગ ઈમેમોવાળા વાહનો માટે પ્રદૂષણ નિયંત્રણ સર્ટિફિકેટ (PUC) ઈશ્યૂ કરવા પર રોક લગાવવામાં આવે. આ સાથે જ વાહનનું ફિટનેસ સર્ટિફિકેટ, ડુપ્લિકેટ RC અને રિન્યુઅલ પણ અટકાવી દેવાય.

## શ્રી આશિષ બંસલે નાગાલેન્ડમાં દિમાપુર-કોહિમા નવી લાઇન પ્રોજેક્ટની પ્રગતિનું નિરીક્ષણ કર્યું







માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (બાંધકામ)ના જનરલ મેનેજર શ્રી આશિષ બંસલે નાગાલેન્ડમાં દિમાપુર-કોહિમા નવી રેલ લાઈન પ્રોજેક્ટના બાંધકામ કાર્યની પ્રગતિની સમીક્ષા કરવા માટે ૨૬ અને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રોજેક્ટ સાઈટનું નિરીક્ષણ કર્યું હતું.૭૮.૪૨ કિલોમીટર લાંબો દિમાપુર-કોહિમા નવી લાઈન પ્રોજેક્ટ એ નાગાલેન્ડમાં રેલ જોડાણના વિસ્તરણના ઉદ્દેશ્ય સાથેની એક મહત્વપૂર્ણ રેલ માળખાગત પહેલ છે. પ્રોજેક્ટની કુલ લંબાઈમાંથી ૩૧.૩૩૯ કિલોમીટરનું બાંધકામ કાર્ય પહેલેથી જ પૂર્ણ થઈ ગયું છે. આ પ્રોજેક્ટમાં ૩૦ મોટા પુલ (જેમાંથી ૧૩ પૂર્ણ થયા છે) અને ૧૫૦ નાના પુલ (જેમાંથી ૧૩૮ પહેલેથી જ બાંધવામાં આવ્યા છે)નું નિર્માણ સામેલ છે. તેમાં ૩૧ રોડ અંડર બ્રિજ (RUBs) અને ૫ રોડ ઓવર બ્રિજ (ROBs)નું નિર્માણ પણ સામેલ છે, જેનું કામ હાલમાં ચાલુ છે. આ નવી લાઈનમાં આઠ સ્ટેશનો હશે: ધાનસિરી, ધાનસિરીપાર, મોલવોમ, ફેરીમા, પિફેમા, મેંગુઝુમા, ઝુબઝા અને કોહિમા. નિરીક્ષણ દરમિયાન, શ્રી બંસલે દિમાપુર-કોહિમા નવી લાઈન પ્રોજેક્ટના વિવિધ ઘટકોની પ્રગતિની સમીક્ષા કરી અને મુખ્ય પુલ, ટનલ અને રેલ્વે સ્ટેશનો પર ચાલી રહેલા બાંધકામ કાર્યની સ્થિતિનો તાગ મેળવ્યો. આ નિરીક્ષણ મહત્વપૂર્ણ માળખાગત કાર્યોની પ્રગતિનું મૂલ્યાંકન કરવા અને બાંધકામના ધોરણો, ગુણવત્તાના માપદંડો અને સુરક્ષા જરૂરિયાતોનું પાલન સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત હતું.૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ, શ્રી બંસલે દિમાપુર-ગુવાહાટી સેક્શનનું 'વિન્ડો ટ્રેલિંગ' નિરીક્ષણ પણ કર્યું અને લુમડિંગ-ફુરકાટિંગ ડબલ-લાઈન પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી. આ મુલાકાત નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (બાંધકામ) દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રયાસોનો એક ભાગ હતી, જેનો ઉદ્દેશ્ય મુખ્ય રેલ માળખાગત પ્રોજેક્ટ્સની પ્રગતિ પર દેખરેખ રાખવાનો અને તેમના સમયસર પૂર્ણ થવાની ગતિ વધારવાનો છે, જેથી આ ક્ષેત્રમાં રેલ જોડાણને વેગ મળે અને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન મળે.

### NFR પાણીની ગુણવત્તા દેખરેખ અને પીવાના પાણીની સુવિધાઓ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે



માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ તાજેતરમાં પાંડુ સ્થિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણનો ઉદ્દેશ્ય વોટર ટ્રીટમેન્ટ અને ગુણવત્તા દેખરેખ પ્રણાલીઓની સમીક્ષા કરવાનો અને રેલ્વે કર્મચારીઓ અને મુસાફરો માટે સલામત, ઉચ્ચ-ગુણવત્તાવાળા પીવાના પાણીની ઉપલબ્ધતામાં વધુ સુધારો કરવાનો હતો. નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના પ્રિન્સિપલ ચીફ મેડિકલ ડિરેક્ટરે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું અને તેની કામગીરી તેમજ ટ્રીટેડ પાણીની ગુણવત્તા દેખરેખ માટે સ્થાપિત સિસ્ટમોનું મૂલ્યાંકન કર્યું.

## 10 રાજ્યસભા બેઠકો માટે ચૂંટણીનું રણશિંગું ફૂંકાઈ ચૂક્યું છે
## રાજ્યસભા જંગ: ભાજપમાં 8 બેઠકો સામે 20 દાવેદારો, સપા ખરીદશે 3 નોમિનેશન ફોર્મ; સંપૂર્ણ ગણિત

(એજન્સી) નવી દિલ્હી | તા.29

ઉત્તર પ્રદેશમાં 10 રાજ્યસભા બેઠકો માટે ચૂંટણીનું રણશિંગું ફૂંકાયું છે. ભાજપ 8 બેઠકો માટે સ્મૃતિ ઈરાની સહિત 20 થી વધુ નેતાઓના નામો પર મંથન કરી રહ્યું છે. બીજી તરફ, સમાજવાદી પાર્ટી 3 ઉમેદવારોને મેદાનમાં ઉતારવા સજ્જ છે. 29 સપ્ટેમ્બરથી ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થશે અને 16 ઓક્ટોબરે મતદાન અને મતગણતરી થશે.દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં 10 રાજ્યસભા બેઠકો માટે ચૂંટણીનું રણશિંગું ફૂંકાઈ ચૂક્યું છે અને 29 સપ્ટેમ્બરથી ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ રહી છે. આ ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી અને સમાજવાદી પાર્ટી બંને છાવણીઓમાં જોરદાર હિલચાલ શરૂ થઈ ગઈ છે. એક તરફ ભાજપમાં 8 બેઠકો માટે પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સહિત 20થી વધુ વરિષ્ઠ નેતાઓના નામો પર પક્ષની અંદર ગંભીર મંથન ચાલી રહ્યું છે, તો બીજી તરફ અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીએ પણ 3 ઉમેદવારોને મેદાનમાં ઉતારવા માટે કમર કસી લીધી છે.ડિજિટલ કેલેન્ડર ચૂંટોભારતીય જનતા પાર્ટીની તાજેતરમાં યોજાયેલી હાઈલેવલ કોર કમિટીની બેઠકમાં રાજ્યસભા તેમજ વિધાન પરિષદ ચૂંટણી માટે સંભવિત ઉમેદવારોના નામો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ભાજપના સંભવિત ખાતામાં જતી 8 બેઠકો માટે 20 થી વધારે દિગ્ગજ નેતાઓના નામો શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. જોકે, કોર કમિટીની આ મેરેથોન બેઠકમાં આખરી 8 નામો પર આખરી સંમતિ સધાઈ શકી નથી. ઉમેદવારોની અંતિમ પસંદગી કરવા માટે ભાજપ હાઈકમાન્ડ વધુ એક બેઠક યોજી શકે છે, ત્યારબાદ જ સત્તાવાર નામોની યાદી જાહેર કરવામાં આવશે.

## કેનેડાના મોડેલ પર મોટા નિર્ણયની તૈયારી
## ચિપ્સ-બિસ્કિટ કે સોફ્ટ ડ્રિંક ખાતા-પીતાં પહેલા લેબલ ખાસ જોવું!

(એજન્સી) નવી દિલ્હી | તા.29

FSSAI એ પેકેજ્ડ ફૂડમાં ખાંડ, ફેટ અને મીઠાના વધુ પ્રમાણ અંગે ગ્રાહકોને ચેતવવા કેનેડા મોડેલ પર નવો પ્રસ્તાવ મૂક્યો છે. હવે આવા ઉત્પાદનો પર લાલ રંગનું ષટ્કોણીય ચેતવણી લેબલ લગાવવું ફરજિયાત બનશે, જેથી ગ્રાહકો સ્વાસ્થ્યપ્રદ વિકલ્પો સરળતાથી પસંદ કરી શકે. આ નિર્ણય ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી બીમારીઓ ઘટાડવામાં મદદ કરશે. પેકેજ્ડ ફૂડમાં વધતી ખાંડ, ફેટ અને મીઠા (સોડિયમ)ના પ્રમાણ અંગે ગ્રાહકોને સાવચેત કરવા માટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા કેનેડાના મોડેલણા આધારે એક મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ નવા નિયમથી ગ્રાહકો પોતાની તંદુરસ્તી અનુસાર યોગ્ય ખાદ્ય પદાર્થોની પસંદગી સરળતાથી કરી શકશે.જો તમે ફાસ્ટ ફૂડના શોખીન છો પરંતુ સ્વાસ્થ્ય પ્રત્યે પણ સજાગ છો, તો FSSAI દ્વારા એક મોટું પગલું ભરવામાં આવી રહ્યું છે. નવા પ્રસ્તાવ મુજબ, બજારમાં વેચાતા એવા તમામ પેકેટબંધ ખાદ્ય પદાર્થો, જેમાં ખાંડ (Sugar), ફેટ (Saturated Fat) અને મીઠું (Salt) નક્કી કરેલા ધોરણો કરતાં વધુ હશે, તેના પેકેટના આગળના ભાગ પર લાલ રંગનું ષટ્કોણીય ચેતવણી લેબલ (Red Hexagonal Warning



Label) લગાવવું ફરજિયાત બનાવવામાં આવશે. આ લેબલ દૂરથી જ ગ્રાહકને ચેતવણી આપી દેશે કે આ પ્રોડક્ટ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે.

વિશ્વના અનેક વિકસિત દેશો ખાસ કરીને કેનેડામાં પેક્ડ ફૂડના હાનિકારક તત્વો સામે ગ્રાહકોને જાગૃત કરવા માટે આવા ચેતવણી પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવે છે. FSSAIની આ નવી સિસ્ટમ હેઠળ જો કોઈ ચિપ્સ, બિસ્કિટ, નમકીન કે એરિયેટેડ ડ્રિંક્સમાં શુગર કે સોડિયમની માત્રાવધારે હશે, તો તેના પર 'High in Sugar' અથવા 'High in Salt/Saturated Fat' સ્પષ્ટ રીતે છાપવામાં આવશે, જેથી ખરીદી કરતી વખતે ગ્રાહકોને પારદર્શક માહિતી મળી રહે.

આ નિયમ પાછળ સત્તાધિકારીઓનો મુખ્ય ઉદ્દેશ્ય નાની ઉંમરે વધી રહેલી ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને હૃદયરોગ જેવી બીમારીઓના જોખમને અટકાવવાનો છે. અગાઉ મોટાભાગના લોકો પેકેટ પાછળ છપાયેલા ઝીણા અક્ષરોના ન્યૂટ્રિશન ટેબલને વાંચતા નહોતા, પરંતુ પેકેટના આગળ જ લાલ નિશાન હોવાથી બાળકો અને વાલીઓ પણ પૌષ્ટિક અને બિનપૌષ્ટિક ખોરાક વચ્ચેનો તફાવત સહેલાઈથી સમજી શકશે.

આ ચેતવણી લેબલના ડરથી ખાદ્ય ઉત્પાદક કંપનીઓ પોતાના ઉત્પાદનોમાં ખાંડ, મીઠું અને ફેટનું પ્રમાણ ઘટાડવા માટે સ્વયંભૂ પ્રેરિત થશે. સાથે જ, રોજિંદા આહારમાં પ્રિઝર્વેટિવ્સ અને જંક ફૂડના સેવન પર અંકુશ આવશે, જેનાથી ડાયાબિટીસ અને બીપીના દર્દીઓ પોતાના સ્વાસ્થ્ય મુજબ સુરક્ષિત પ્રોડક્ટ્સની પસંદગી કરી શકશે.

## ITRની અંતિમ તારીખ 31 ઓક્ટોબર છે
## 1 ઓક્ટોબરથી મિડલ ક્લાસના ખિસ્સા પર સીધો વાર: ATM, FD અને LPG સહિત 8 મોટા ફેરબદલ!

(એજન્સી) નવી દિલ્હી | તા.29

ઓક્ટોબર 2026થી સામાન્ય જનજીવન અને નાણાકીય વ્યવહારોમાં 8 મોટા ફેરફારો થશે. SBIના ATM અને BSBD ખાતાના નિયમો બદલાશે. ગેસ સિલિન્ડર સબસિડી માટે આધાર બાયોમેટ્રિક ફરજિયાત બનશે. FDના વ્યાજદરો અને નાની બચત યોજનાઓની સમીક્ષા થશે. ટેક્સ ઓડિટ હેઠળના કરદાતાઓ માટે ITRની અંતિમ તારીખ 31 ઓક્ટોબર છે. તહેવારોમાં કાર અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ મોંઘી થવાની શક્યતા છે. ઓક્ટોબર 2026ની શરૂઆત સાથે જ સામાન્ય જનજીવન અને નાણાકીય વ્યવહારો સાથે જોડાયેલા કેટલાક મોટા નિયમો બદલાવા જઈ રહ્યા છે. તહેવારોની મોસમ વચ્ચે બૅન્કિંગ સેવાઓ, બચત યોજનાઓ, ગેસ સબસિડી તેમજ ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓની કિંમતોમાં થનારા આ ફેરફારો વિશે જાણી લેવું દરેક નાગરિક માટે ખૂબ જ જરૂરી છે. આ 8 મોટા ફેરફાર વિશે વિગતવાર જાણીએ.

1) ગેસ સિલિન્ડર સબસિડી માટે આધાર બાયોમેટ્રિક અનિવાર્ય
2) SBI એટીએમ ટ્રાન્ઝેક્શનના નિયમો બદલાયા
3) SBI BSBD ખાતામાંથી કેશ ઉપાડના નિયમો
4) FDના વ્યાજદરો અને બલ્ક ડિપોઝિટના નિયમો
5) RBIની બેઠક અને રેપો રેટ પર મોટો નિર્ણય
6) નાની બચત યોજનાઓની નવી વ્યાજદર સમીક્ષા
7) ટેક્સ ઓડિટ હેઠળ આવતા કરદાતાઓ માટે ITR ડેડલાઈન
8) તહેવારોમાં કાર અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ મોંઘી થવાની શક્યતા

તહેવારોની સિઝનમાં સામાન્ય ગ્રાહકોના ખર્ચ પર ભાર વધી શકે છે. મારુતિ સુઝુકી, ટાટા મોટર્સ અને હ્યુન્ડાઈ જેવી ઓટોમોબાઈલ કંપનીઓએ કેટલાક વાહનોના ભાવ વધાર્યા છે.

## સ્પામ કોલ્સનું પડીકું વળી ગયું!
## TRAIનો આકરો નિયમ: પ્રથમ ભૂલ પર 15 દિવસ અને બીજી વાર 1 વર્ષ માટે સિમ બ્લોક

(એજન્સી) નવી દિલ્હી | તા.29

TRAIએ 18 સપ્ટેમ્બર 2026ના રોજ સ્પામ અને અનિચ્છનીય કોલ સામે કડક નિયમો જાહેર કર્યા છે. ટેલિકોમ કંપનીઓએ ટેક્નોલોજી દ્વારા UCC સામે સક્રિય કાર્યવાહી કરવી પડશે. 5થી વધુ ફરિયાદો મળ્યે, પ્રથમ વખત નિયમભંગ કરનારના 15 દિવસ માટે તમામ આઉટગોઈંગ સેવા બંધ થશે. પુનરાવર્તન થતાં 1 વર્ષ માટે બ્લેકલિસ્ટ કરાશે. ફરિયાદ માટે 1909 નંબરનો ઉપયોગ કરી શકાય છે.લોન, ક્રેડિટ કાર્ડ, વીમા અને અન્ય પ્રમોશનલ ઓફર્સના અનિચ્છનીય કોલથી પરેશાન મોબાઈલ વપરાશકર્તાઓ માટે મહત્વના સમાચાર છે. TRAIએ સ્પામ અને અનિચ્છનીય વ્યાવસાયિક સંદેશાવ્યવહાર સામે કાર્યવાહી વધુ કડક બનાવવા માટે ટેલિકોમ કોમર્શિયલ કમ્યુનિકેશન્સ કસ્ટમર પ્રેફરન્સ રેગ્યુલેશનના ત્રીજા સુધારા, 2026 જાહેર કર્યા છે. આ સુધારા 18 સપ્ટેમ્બર 2026ના રોજ જાહેર થયા છે. નવા માળખામાં ટેલિકોમ કંપનીઓને




ટેક્નોલોજી આધારિત વ્યવસ્થા દ્વારા અનિચ્છનીય કોમર્શિયલ કમ્યુનિકેશન એટલે કે UCC સામે વધુ સક્રિય કાર્યવાહી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. TRAIએ આ માટે ટેક્નોલોજી આધારિત અમલવારી અને ગ્રાહક સુરક્ષાને મજબૂત બનાવશે.TRAIના નિયમો અનુસાર કોઈ સ્પામર અથવા અનરજિસ્ટર્ડ સેન્ટર સામે કાર્યવાહી માટે છેલ્લા 10 દિવસ દરમિયાન 5 કે તેથી વધુ અલગ ગ્રાહકોની ફરિયાદો મળવી મહત્વની છે. પ્રથમ વખત નિયમભંગ સાબિત થાય ત્યારે સંબંધિત વ્યક્તિ અથવા ટેલિમાર્કેટરના તમામ ટેલિકોમ સંસાધનોની આઉટગોઈંગ સેવા 15 દિવસ માટે બંધ કરી શકાય છે.

## સરકારનું ઠંડુ વલણ
## જ્ઞાનેશ કુમાર સામે દેશવ્યાપી દેખાવો

નવી દિલ્હી : મુખ્ય ચૂંટણી કમિશ્નર (સીઈસી) જ્ઞાનેશ કુમાર સામે કોંગ્રેસ સહિતના વિપક્ષ આકરા પ્રહાર કરી રહ્યા છે. આ સમયે હવે જ્ઞાનેશ કુમાર સામેનો વિરોધ તેમના ઘર સુધી પહોંચી ગયો છે. સોમવારે કોંગ્રેસે આગ્રાના વિજયનગર કોલોનીમાં આવેલા જ્ઞાનેશકુમારના પૈતૃક મકાન સામે ઉગ્ર પ્રદર્શન કર્યુ. તેના ઘરની દીવાલો પર વોટ ચોરની સાથે જ્ઞાનેશ ગદ્દાર એવું લખ્યું. લગભગ બધા જિલ્લાઓમાં કોંગ્રેસે મોટાપાયા પર વિરોધ પ્રદર્શન કર્યુ. લોકસભામાં કોંગ્રેસના આગેવાન રાહુલ ગાંધીએ પોતે જ્ઞાનેશ કુમાર સામે મોરચો સંભાળ્યો છે. બે દિવસ પહેલા લખનૌ ચૂંટણી કચેરીએ પણ કોંગ્રેસે જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. આ દરમિયાન યુપી કોંગ્રેસના વડા અજય રાય પણ હાજર રહ્યા હતા. એસઆઈઆર અને જ્ઞાનેશકુમાર પર લાગેલા આરોપોની સાથે હવે તેમની સામે સુપ્રીમ કોર્ટમાં અરજી ફાઈલ કરવામાં આવી છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણીપંચમાં શક્તિનું કેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે. બાકીના બંને ચૂંટણી કમિશ્નર સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીની સંમતિ વગર જ મહત્ત્વના નિર્ણયો લેવાયા છે. આ અરજીમાં આ કેસમાં નિષ્પક્ષ તપાસ કરાવવા માટે



ન્યાયિક તપાસ કે પછી એસઆઈટી રચવાની માંગ કરવામાં આવી છે.અરજદારોનું કહેવું છે કે એસઆઈઆર પ્રક્રિયામાં ફેરફાર, ફોર્મ-૬માં ફેરફાર, ઈસીઆઇનેટ દ્વારા ડેટા પર નિયંત્રણ, ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસ પર લાગેલા પ્રતિબંધોની સાથે બંને કમિશ્નરોને જણાવ્યા વગર બંગાળમાં ૧૬.૧૦ લાખ અપીલ ફાઈલ કરવાનો કેસ પણ સામેલ છે. આ અરજીમાં તે રિપોર્ટને આધાર બનાવવામાં આવ્યો છે જેમા કહેવામાં આવ્યું છે કે છેલ્લા દસ મહિનામાં કમસેકમ ૧૪ વખત મુખ્ય ચૂંટણી કમિશ્નરના નિર્ણયો પર બાકીના બંને કમિશ્નર ડો. સુખબીરસિંહ સંધુ અને ડો. વિવેક જોશીએ વાંધો ઉઠાવ્યો હતો, પરંતુ તેમની વાત સાંભળવામાં આવી ન હતી. ચૂંટણીપંચે આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે કોઈ મામલામાં મતભેદ તે આંતરિક વિષય છે અને કામકાજનો હિસ્સો છે.

સિટી
# એક્સપ્રેસ
WEDNESDAY 30 SEPTEMBER-2026
AHMEDABAD


### એસ.જી.હાઈવે 1 ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં દંપતીનો હંગામો

અમદાવાદ | અમદાવાદના એસ.જી.હાઈવે 1 ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે કાયદાનું પાલન કરાવતી પોલીસ ટીમ પર જ એક દંપતીએ હુમલો કરી ભારે હંગામો મચાવ્યો હોવાની ઘટના સામે આવી છે. અગાઉ નોંધાયેલા એક ગુના સંબંધિત કલમ 35(3) મુજબની નોટિસ બજવણી વેળાએ ઉશ્કેરાયેલા જગમાલ વાઘેલા અને તેની પત્ની ટીન્કલબહેને પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આ દરમિયાન ટીન્કલબહેને ફરજ પર હાજર મહિલા કોન્સ્ટેબલના હાથમાં બચકું ભરી લીધું હતું, જ્યારે જગમાલે કોન્સ્ટેબલ લાભુના શર્ટ પર થૂંકી ‘એટ્રોસિટીમાં ફસાવી દેવાની’ ધમકી આપી ગાળાગાળી કરી હતી.

### બાવળાના કેરાળા ગ્રામ પંચાયતના સરપંચ રંજનબહેન મેર સસ્પેન્ડ

અમદાવાદ | અમદાવાદના બાવળા તાલુકાના કેરાળા ગામના સરપંચ રંજનબહેન મનસુખ મેર સામે પ્રોહિબિશન કેસમાં સંડોવણી બદલ અમદાવાદ DDO વિદેહ ખરેએ કાર્યવાહી કરી છે. 12,000 રૂપિયાનો 60 લીટર દેશી દારૂ ઝડપાયા બાદ તેમની અટકાયત થઈ હતી. 4 વખત તક આપવા છતાં યોગ્ય ખુલાસો ન આપી શકતા, તેમને તાત્કાલિક અસરથી સરપંચ પદેથી સસ્પેન્ડ કરાયા છે. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કેરાળા ગામના સરપંચ રંજનબહેન મનસુખ મેર સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે.



# પોષણ માહ દરમિયાન હાથ ધરાયેલી 2.43 કરોડથી વધુ પ્રવૃત્તિઓ સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

## ગુજરાતમાં "આપણી આંગણવાડી, આપણી જવાબદારી"ની ભાવના સાથે 'પોષણ માહ-૨૦૨૬'ની રાજ્યવ્યાપી ઉજવણી: પોષણ માહ અંતર્ગત મિલેટ્સ, સ્થાનિક પૌષ્ટિક આહાર અને જંકફૂડ સામે જાગૃતિ લાવવા વિશેષ ઝુંબેશ







અમદાવાદ | ગુજરાત સરકાર દ્વારા ‘આપણી આંગણવાડી, આપણી જવાબદારી‘ની ભાવના સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યભરમાં ’પોષણ માહ-૨૦૨૬’ની વ્યાપક ઉજવણી હાથ ધરવામાં આવી રહી છે. આ ઉજવણીનો રાજ્યવ્યાપી શુભારંભ મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલ દ્વારા કરાવવામાં આવ્યો હતો.

પોષણને એક સફળ જનઆંદોલન બનાવવાના ઉદ્દેશ્યથી વિવિધ સંલગ્ન વિભાગો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, આંગણવાડી કાર્યકરો, આરોગ્યકર્મીઓ, સ્વસહાય જૂથો, માતા-પિતા અને સમગ્ર સમાજની સક્રિય ભાગીદારીથી વિવિધ બહુભાગીદારી આધારિત પ્રવૃત્તિઓ આ અભિયાન હેઠળ હાથ ધરવામાં આવી રહી છે.

ગત તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં ગુજરાતે કુલ ૨.૪૩ કરોડથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ નોંધાવીને સમગ્ર દેશમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૫૬.૧૩ લાખ પ્રવૃત્તિઓ તથા અન્ય સંલગ્ન વિભાગો દ્વારા ૧.૮૭ કરોડ જેટલી પ્રવૃત્તિઓ સંપન્ન કરવામાં આવી છે. આ પ્રવૃત્તિઓમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, આયુષ પ્રભાગ, ગ્રામ વિકાસ વિભાગ, પંચાયત વિભાગ અને શિક્ષણ વિભાગ સૌથી વધુ યોગદાન આપનારા ટોચના પાંચ વિભાગો રહ્યા છે.

આ ઉપરાંત, જિલ્લાવાર પ્રવૃત્તિઓમાં મહિસાગર, વલસાડ, પાટણ, આણંદ અને મહેસાણા રાજ્યમાં અગ્રણી જિલ્લાઓ બન્યા છે. જ્યારે વલસાડ જિલ્લામાં કલેક્ટરશ્રી દ્વારા વિશાળ પોષણ જાગૃતિ રેલીને પ્રસ્થાન પણ કરાવાયું હતું.

પોષણ માહ દરમિયાન આહારની વિવિધતા અને પ્રોટીનયુક્ત ખોરાકના સેવન અંગે વિશેષ જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે, જેમાં સ્થાનિક પૌષ્ટિક ખાદ્યપદાર્થો, મિલેટ્સ (શ્રીઅન્ન), કઠોળ, લીલા શાકભાજી, ફળો, દૂધ અને બદામ-બીજના મહત્વ પર ભાર મુકાઈ રહ્યો છે.

કાર્યક્રમો હેઠળ પૌષ્ટિક વાનગી નિદર્શન, THR અને મિલેટ્સમાંથી બનાવેલ વાનગીઓનું પ્રદર્શન, પોષણ મેળા અને સંતુલિત આહાર અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. વધુમાં, સુરત જિલ્લામાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાસ્થ્યપ્રદ આહાર અને જંકફૂડના વિષય પર જાગૃતિ કેળવવામાં આવી રહી છે. આંગણવાડી કેન્દ્રોને માત્ર સેવા કેન્દ્રો નહીં પરંતુ પોષણ અને પ્રારંભિક બાળ વિકાસના સક્રિય કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે, જ્યાં ગુણવત્તાયુક્ત અને સ્વચ્છ તાજું ગરમ ભોજન પૂરું પાડવામાં આવે છે. આંગણવાડી મેનેજમેન્ટ કમિટીને સક્રિય બનાવીને, SNP મેનુ બોર્ડ ડિસ્પ્લે કરીને તથા ‘મારી આંગણવાડી - મારી જવાબદારી‘ અંતર્ગત કમ્યુનિટી ઓનરશિપ મજબૂત કરાઈ રહી છે.

બાળકના પ્રથમ ૧,૦૦૦ દિવસ અને શરૂઆતના ૬ વર્ષ માટે અર્લી ચાઈલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન, અર્લી સ્ટીમ્યુલેશન અને રિસ્પોન્સિવ કેરગિવિંગ પર માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. બાળકોના વજન-ઊંચાઈના માપન, પોષણ ટ્રેકરમાં નોંધણી અને કુપોષિત બાળકોની સમયસર ઓળખ કરી ’પોષણ સંગમ’ જેવી પહેલ દ્વારા આરોગ્ય વિભાગ સાથે રેફરલ અને સારવાર સંકલિત કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૬માં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સંતૃપ્તિ અભિયાન ચલાવીને ગર્ભવતી અને ધાત્રી માતાઓની નોંધણી વધારવામાં આવી રહી છે. ગુજરાત સરકાર પોષણને માત્ર એક માસની પ્રવૃત્તિ ન ગણતા તેને દૈનિક જીવનશૈલી અને સામાજિક જવાબદારી બનાવીને ‘સુપોષિત ગુજરાત‘ના નિર્માણ તરફ દ્દઢ સંકલ્પબદ્ધ છે.

## આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષ સ્થાને વાહકજન્ય રોગ નિયંત્રણ કામગીરીની સઘન સમીક્ષા બેઠક યોજાઈ



અમદાવાદ | વાહકજન્ય રોગોના અટકાયતી પગલાં સઘન બનાવવાના ભાગરૂપે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં તમામ જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારોમાં મેલેરિયા, ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયાની સ્થિતિ અંગે વિગતવાર સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં રાજ્યમાં વાહકજન્ય રોગોના સઘન નિદાન અને સર્વેલન્સ કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં તેમણે ડેન્ગ્યુના ઝડપી નિદાન માટે રાજ્યની મેડિકલ કોલેજો સાથે સંલગ્ન ૪૨ હોસ્પિટલોમાં ઉપલબ્ધ નિદાન કેન્દ્રોની કામગીરી અને સીરમ સેમ્પલના ટેસ્ટિંગની પરિસ્થિતિની ચકાસણી કરી હતી. આ ઉપરાંત, મંત્રીશ્રીએ રાજ્યભરમાં વાહકજન્ય રોગોના અટકાયતી પગલાંરૂપે ચાલી રહેલી ’હાઉસ ટુ હાઉસ’ સર્વેલન્સ ઝુંબેશની માહિતી મેળવીને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા.

આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૬માં રાજ્યમાં મેલેરિયાના કેસોમાં ૨૨ ટકા અને ડેન્ગ્યુના કેસોમાં ૩૯.૬ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યની મેડિકલ કોલેજો સાથે સંલગ્ન ૪૨ હોસ્પિટલોના નિદાન કેન્દ્રો દ્વારા ડેન્ગ્યુના શંકાસ્પદ ૧.૩૫ લાખથી વધુ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨,૦૯૯ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ ઉપરાંત, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોને તમામ કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી (DDO) અને મ્યુનિસિપલ કમિશનરો સાથે બેઠક યોજવાના નિર્દેશ આપ્યા હતા. તેમણે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ડેન્ગ્યુના મચ્છરો તથા તેમના પ્રજનન સ્થાનો (બ્રીડિંગ સાઈટ્સ)નો નાશ કરવા માટે સઘન ઝુંબેશ ચલાવવાની કડક સૂચના આપી હતી. રાજ્યમાં ડેન્ગ્યુના કેસોને ધ્યાને રાખી આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ તમામ CHC અને PHC ખાતે તાવ અને ડેન્ગ્યુના યોગ્ય નિદાન તથા સારવારની સુવિધાઓની સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ દરેક સેન્ટર પર દવાનો પૂરતો જથ્થો અને નિદાન કિટ્સ ઉપલબ્ધ રાખવા ચકાસણી હાથ ધરી હતી, તેમજ જે આરોગ્ય કેન્દ્રોમાં ક્ષતિ કે અછત જણાઈ ત્યાં તાત્કાલિક ધોરણે ઘટતી સુવિધાઓ પૂરી કરવા આદેશ કર્યા હતા. મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ નાગરિકોને આશ્વાસન આપતાં જણાવ્યું કે, રાજ્યમાં મેલેરિયા અને ડેન્ગ્યુ કાબૂમાં છે.

## MBA કરતો યુવક ચોર બન્યો, માથાના મુંડનથી ભાંડો ફૂટ્યો



અમદાવાદ | અમદાવાદના સોલા વિસ્તારમાં એક બાઈક ચોરી થઈ હતી, જેનો ભેદ સોલા પોલીસે ઉકેલ્યો તો ચોંકાવનારી વિગત સામે આવી હતી. આરોપી યુવકની ધરપકડ કરતા ખુલાસો થયો કે આરોપી MBAનો અભ્યાસ કરે છે. અગાઉ IT કંપનીમાં 60 હજારના પગારની નોકરી છૂટી જતા આરોપીએ ચોરીનો રસ્તો અપનાવ્યો હતો. હાલમાં આરોપી બ્લિન્કિટમાં ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો, પરંતુ પગાર પૂરો પડતો નહતો.

સોલા પોલીસ સ્ટેશન PI કે.એન ભૂકણે કહ્યું હતું કે, ચાણક્યપુરી વિસ્તારમાં એક બાઈકની ચોરી થઈ હતી, જે અંગે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસતા એક શંકાસ્પદ વ્યક્તિ માથે ટોપી પહેરેલો દેખાયો હતો. આ વ્યક્તિને મુંડન કરાવ્યું હતું. શખસ બાઈક ચોરી કરીને લઈ જતો સીસીટીવી ફુટેજમાં દેખાતો હતો, જેથી પોલીસે તે વ્યક્તિની તપાસ શરૂ કરી હતી.

ચોરી કરનાર વ્યક્તિ ચાણક્યપુરીમાં જ જતો દેખાયો હતો, જેથી પોલીસની ટીમે આ જ વિસ્તારમાં લોકોની પૂછપરછ કરી હતી. પોલીસ મુંડન કરેલા વ્યક્તિને શોધી રહી હતી, ત્યારે એક મકાનમાં મુંડન કરેલો શખસ રહેતો હોવાની પોલીસને જાણકારી મળી હતી. જેથી પોલીસે તપાસ કરતા ઘરમાંથી દર્શન તિરગર નામનો યુવક મળી આવ્યો હતો. દર્શન(25) મૂળ હિંમતનગરનો રહેવાસી હતો જે ચાણક્યપુરીમાં ભાડાના મકાનમાં રહેતો હતો.

દર્શન અગાઉ IT કંપનીમાં નોકરી કરતો હતો, પરંતુ કોઈ કારણસર નોકરી છૂટી ગઈ હતી. જેથી હાલમાં બ્લિન્કિટમાં નોકરી કરતો હતો. દર્શન પાસે પોતાની ફોરવ્હિલર ગાડી છે. મોજશોખ વધારે હોવાથી બ્લિન્કીટની આવક ન પોષાતા દર્શને ચોરી કરવાનું શરૂ કર્યું હતું. જેમાં શરૂઆતમાં એક બાઈક ચોરી કર્યું હતું, જે ઘર પાસે જ રાખ્યું હતું. પોલીસે ચોરીનું બાઈક પણ કબજે કર્યું છે. દર્શનનો પરિવાર હિંમતનગર રહે છે. પોલીસે પરિવારનો સંપર્ક કર્યો ત્યારે પરિવારે પણ દર્શનને મળવાની ના પાડી દીધી હતી. દર્શનની કેટલીક આદતોને કારણે પરિવાર તેનાથી દૂર રહેતો હતો. દર્શને અન્ય કોઈ ચોરી કરી છે કે કેમ તે મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કેનેડાના વર્ક-વિઝા અપાવવાના બહાને કાંકરિયાના યુવક પાસેથી 20.49 લાખ પડાવ્યા

અમદાવાદ | અમદાવાદના કાંકરિયામાં રહેતા યુવક સાથે કેનેડાના વર્ક વિઝા અપાવવાના બહાને રૂ.20.49 લાખની છેતરપિંડી થઈ છે. શાહીબાગ સ્વામિનારાયણ મંદિરમાં મુલાકાત બાદ મિત્રતા કરીને ઓળખીતા શખ્સે ઠગાઈ કરી છે, જેમાં લાખો રૂપિયા અને યુવકનો ઓરિજનલ પાસપોર્ટ પડાવીને આરોપી રશિયા ભાગી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

કાંકરિયામાં રહેતા અને હાર્ડવેરના વેપારી 30 વર્ષીય અમીત માજીરાણા નામના યુવક દર્શન પીઠવા વચ્ચે વર્ષ 2020માં શાહીબાગ સ્વામીનારાયણ મંદિર ખાતે મુલાકાત થયા બાદ મિત્રતા થઈ હતી. ત્યારબાદ નવેમ્બર 2022માં ઓગણજ ખાતે પ્રમુખસ્વામી જન્મ શતાબ્દી મહોત્સવમાં બંને મળ્યા ત્યારે દર્શને અમિતને કેનેડાના વર્ક વિઝા અપાવવાની ખાતરી આપી હતી.

આ પ્રક્રિયા શરૂ કરવા માટે દર્શને અમિત પાસેથી ઓરિજનલ પાસપોર્ટ લઈને શરૂઆતમાં રોકડા રૂપિયા 14800 લીધા હતા. બાદમાં દર્શને અમિતની પત્ની અને બે દીકરીઓના વિઝા પણ કરાવી આપવાની વાત કરી તેમના પાસપોર્ટ પણ લઈ લીધા હતા.

વિઝાની પ્રક્રિયા માટે અમિતે નવેમ્બર 2022થી ઓગસ્ટ 2025 દરમિયાન બેન્કથી રૂપિયા 20,34,200 આરોપીના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા, જેથી કુલ ચૂકવેલી રકમ રૂપિયા 20,49,000 થઈ હતી. ત્યારબાદ દર્શને પરિવારના અન્ય સભ્યોના પાસપોર્ટ પાછા આપ્યા હતા.

### અમદાવાદમાં જાહેર રોડ પર શાકભાજી-ફ્રૂટના વેચાણ પર પ્રતિબંધ

## આજથી લારી-સામાન જપ્તની સાથે દંડ થશે; વેપારીઓએ કહ્યું-પહેલાં વેજીટેબલ માર્કેટ બનાવો પછી પ્રતિબંધ મૂકો

અમદાવાદ | અમદાવાદમાં જાહેર રોડ ઉપર શાકભાજી અને ફ્રૂટ વેચવા ઉપર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે પ્રતિબંધ લગાવ્યો છે. રોડ ઉપર લારીઓ ઉભી રાખી શાકભાજી તેમજ ફ્રૂટ વેચવાના કારણે ટ્રાફિક થતો હોવાના પગલે આ નિર્ણય કર્યો છે. માત્ર કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા વેજીટેબલ માર્કેટમાં જ વેચાણ કરવાનું રહેશે. જો જાહેર રોડ કે ફૂટપાથ પર વેચાણ કરશે તો લારી તેમજ સામાન જપ્ત કરી દંડ કરવા સુધીની કાર્યવાહી કરાશે.

આ પહેલાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક ઝોનમાં વેજીટેબલ માર્કેટો બનાવવાનો નિર્ણય લીધો હતો. પરંતુ વોર્ડ દીઠ ત્રણથી ચાર માર્કેટ બનાવવા પડે એવી સ્થિતિ છે. દરેક વોર્ડમાં ત્રણથી ચાર મોટા શાક માર્કેટો હોય છે. પરંતુ હજુ વોર્ડ દીઠ ત્રણ વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવે તો રોડ ઉપરથી શાકભાજીના વેપારીઓને દૂર કરી શકાશે.

રીંકુબેને જણાવ્યું કે અમે ગરીબ છીએ અને શાકભાજીનો વેપાર કરીએ છીએ. જો અમને શાકભાજીના થડા ફાળવવામાં આવે તો અમે ત્યાં વેપાર કરવા જવા તૈયાર છીએ. પરંતુ વેજીટેબલ માર્કેટ જ બનાવ્યા નથી તો કેવી રીતે વેપાર કરવા જઈશું.

અમદાવાદ મનપાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે જાહેર નોટિસ મારફતે જણાવ્યું છે કે, શહેરમાં વેપાર કરતા તમામ ફળ અને શાકભાજીનાં સ્ટ્રીટ વેન્ડર્સને સૂચના આપવામાં આવે છે કે જાહેર રસ્તાઓ, ફૂટપાથ અને ટ્રાફિકને અડચણરૂપ થાય તેવી કોઈપણ જગ્યાઓ પર શાકભાજી અને ફળનું વેચાણ કરવા પર પ્રતિબંધ છે. રસ્તાઓ પર વેપાર કરવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ સર્જાય છે અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

તમામ સ્ટ્રીટ વેન્ડર્સને કડક સૂચના છે કે, તેઓએ પોતાની વેચાણ પ્રવૃત્તિઓ માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નક્કી કરાયેલ શાકભાજી માર્કેટ તથા નિયત કરાયેલા અન્ય સ્થળોએ જ કરવાની રહેશે. જો કોઈ પણ વેન્ડર્સ આ સૂચનાનું ઉલ્લંઘન કરીને જાહેર રસ્તા પર કે ફૂટપાથ પર વેચાણ કરતા જણાશે તો તેને ‘ગેરકાયદેસર દબાણ’ ગણવામાં આવશે. જેથી કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી કરાશે, જેમાં માલ-સામાન અને લારી જપ્ત કરવા તેમજ આકરો દંડ ફટકારવાની કાર્યવાહીનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં ખાસ કરીને સાંજના સમયે રોડ ઉપર ટ્રાફિકની સમસ્યા શાકભાજીની લારીઓ અને બજાર ભરાતું હોય તેના કારણે થતું હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અલગ-અલગ સ્થળો પર વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવ્યા છે, પરંતુ વેપારીઓ વેજીટેબલ માર્કેટમાં વેચાણ કરતા નથી, જેના પગલે AMCના એસ્ટેટ વિભાગ દ્વારા હવે રોડ પરના તમામ શાકભાજી અને ફ્રૂટના વેપારીઓને વેજીટેબલ માર્કેટમાં ફરજિયાત બેસે તેના માટે રોડ પર વેચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

## અમદાવાદમાં કોંગ્રેસે જ્ઞાનેશ કુમારનું પૂતળું સળગાવ્યું : કાર્યકરને માસ્ક પહેરાવી દોરડે બાંધી અમિત ચાવડાની આગેવાનીમાં રેલી કાઢી; 'વોટ ચોર ગદ્દી છોડ'ના નારા સાથે ધરણા



અમદાવાદ | મતદાર યાદી સુધારણા (SIR) પ્રક્રિયા દરમિયાન દેશમાંથી અંદાજે 13 કરોડ મતદારોના નામ ગેરકાયદે રદ કરાયા હોવાના ગંભીર આરોપ સાથે કોંગ્રેસે દેશવ્યાપી આંદોલન છેડ્યું છે. કેન્દ્ર સરકારના કથિત દબાણ હેઠળ ચૂંટણી પંચની તટસ્થતા જોખમાઈ હોવાનો આક્ષેપ કરી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે કોંગ્રેસ આક્રમક મૂડમાં આવી ગઈ છે. ગુજરાતમાં બે દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોના ભાગરૂપે આજે (29 સપ્ટેમ્બર) અમદાવાદમાં પતંગ હોટેલથી કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ કાળા કપડાં, નારેબાજી અને અનોખા વિરોધ પ્રદર્શન સાથે રૂપાલી સિનેમા સુધી વિશાળ રેલી યોજી હતી. બાદમાં સરદાર બાગ ખાતે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના તમામ કોંગ્રેસના નેતાઓ-કાર્યકરો જ્ઞાનેશ કુમારને જેલમાં બંધ કરવામાં આવ્યા તેવા પોસ્ટર સાથે રાજીનામાની માગ સાથે ધરણા પર બેસી ગયાં હતાં.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, ભારતની ગલી-ગલીમાં એક જ નારો છે, વોટ ચોરી કરીને ગદ્દારી કરનાર લોકો સામે કડકમાં કડક સજા થવી જોઈએ. જે રીતે મોદી સરકારે ચૂંટણી પંચને પોતાની કઠપૂતળી બનાવી દીધી છે. બંધારણે દેશના નાગરિકોને જે મતનો અધિકાર આપ્યો છે કે નાગરિકોના મતના અધિકારની રક્ષા કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી વોટ ચોરી કરી ભાજપ અને મોદી સરકાર ફાયદો મેળવી રહી છે. જેનું માધ્યમ ચૂંટણી પંચ બની રહ્યું છે. રાહુલ ગાંધીએ 2023થી શરૂ કરી હકીકત સાથે અનેક પુરાવા આપ્યા છે. રેલી અને વિરોધ કરી સંસદમાં જ્યારે મુદ્દો ઉઠાવવામાં આવ્યો, ત્યારે એવું કહેવામાં આવ્યું કે વિપક્ષ આક્ષેપ કરી રહી છે. SIRની કામગીરીમાં સાચા મત કાપવામાં આવ્યા છે. ભાજપને મદદ કરવા માટે ખોટા વોટ ઉમેરવામાં આવ્યા હતા.

વધુમાં અમિત ચાવડાએ કહ્યું કે, ત્રણ ચૂંટણી અધિકારી પૈકી બે ચૂંટણી અધિકારીઓએ અનેક વખત ધ્યાન દોર્યું કે જ્ઞાનેશ કુમાર ખોટું કરી રહ્યા છે. મોદી સરકારના ઈશારે કામ કરી રહ્યા હોવાથી આખા દેશમાં અને ગુજરાતમાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે.

## વટવાના ઉત્સવ ફ્લેટમાં અસામાજિક તત્વોનો આતંક:જૂની અદાવતમાં યુવકને મારવા આવ્યા

અમદાવાદ | વટવા ઉત્સવ ફ્લેટમાં અગાઉના ઝઘડાની અદાવતમાં 8 શખ્સોએ તલવાર, ધોકા લઈ આવીને ફ્લેટમાં પાર્ક કરેલ 5 રીક્ષા, ત્રણ કાર અને 8 જેટલા ટુ વહીલરમાં તોડફોડ કરી હતી. જે યુવક સાથે ઝઘડો થયો હતો તે ઉત્સવ ફ્લેટ પાસે બેસતો હતો અને તેને મળવા આવ્યા પરંતુ તે ન મળતા ફ્લેટના રહીશોના વાહનોમાં તોડફોડ કરી હોવાનું સામે આવ્યું છે. જેને લઈને રહીશોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ અંગે વટવા પોલીસે 8 શખ્સો સામે ગુનો નોંધીને એક આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

વટવામાં ઉત્સવ ફ્લેટમાં રહેતા 33 વર્ષીય જિતેન્દ્રસિંહ ભદોરીયા પરિવાર સાથે રહે છે અને રીક્ષા ચલાવે છે. ગત 28 સપ્ટેમ્બરે સાંજે તેઓ રીક્ષા ફ્લેટના પાર્કીંગમા પાર્ક કરી ઘરે ગયા હતા અને જમીને સુઈ ગયા હતા. બાદમાં મોડી રાત્રે ફ્લેટની નીચે જોર-જોરથી કાચ તુટવાના અને ગાડીઓને નુક્શાન થતુ હોય તેવા અવાજ આવતા ઘરની ગેલેરીમા જઈને ફ્લેટના નીચે જોતા આઠ લોકો તલવાર, દંડા લઈને આવીને રીક્ષા, કાર અને ટુ વહીલરમાં તોડફોડ કરી રહ્યા હતા. આટલું જ નહીં તમામ શખ્સોએ જેમ તેમ બોલી અપમાનીત કરી ફ્લેટના રહીસોને ઉશ્કેરવાની કોશીશ કરેલ જેથી ફ્લેટના રહીશોએ બુમાબુમ કરતા તમામ અજાણ્યા શખ્સો કાર અને ટુ વહીલર લઈને નાસી ગયા હતા.

તપાસ કરતા કિશન તોમર નામના શખ્સ ઉત્સવ ફ્લેટ પાસે બેસતો હોય તેથી રોનક પંચાલ ઉર્ફે ગનુ તથા હર્ષ પંચાલ, અરુણ આહીર તથા સોનુ પંચાલને કિશન સાથે થોડા દિવસ પહેલા પી.ડી પંડ્યા કોલેજ પાસે અગાઉના ઝઘડા બાબતે વાતચીત કરવા બોલાવેલ ત્યારે ઝઘડો કરેલ હતો તે સમયે કિશન ત્યાંથી ભાગી ગયો હતો. બાદમાં કિશન તોમરની બેઠક ઉત્સવ ફ્લેટની બહાર હોય જેથી શખ્સો કિશનને મળવા આવ્યા હતા. પરંતુ તે મળી ન આવતા તમામ શખ્સોએ કિશન તોમર સાથેના ઝઘડાની અદાવત રાખીને તલવાર અને ધોકા લઈને વાહનોમાં તોડફોડ કરી હોવાનું સામે આવ્યું હતું.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...